વિવિધ ગ્રન્થમાળા: પુસ્તક ૧૯.

દર વર્ષે પૃષ્ઠ ૧૫૦૦ અપાય છે.

મૂલ્ય: રૂ. ૧ાા, પાકાં પૂઠાં રૂ. ૩, પો. માફ

પ્રસિદ્ધ કર્તા:

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય.

નવલકથા સંગ્રહ.

ભાગ ૧ લો.

સ્થળ: મુંબઈ અને અમદાવાદ.

મૂલ્ય ૦)=

નવલકથા સંગ્રહ.

ભાગ ૧ લો.

રા. રા. રત્નસિંહ દીપસિંહ પરમાર.
મુ. ડભોલી. જી. સુરત. એમની પાસે તૈયાર કરાવી

પ્રસિદ્ધ કર્ત્તા:-સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય
તરફથી મંત્રી, ભિક્ષુ-અખંડાનંદ. ઠે. કાળબાદેવીરોડ-મુંબઈ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૩૦૦. સંવત્ ૧૯૬૯ (વર્ષ ત્રીજું.)

મૂલ્ય ૦)= પાકું પૂઠું ૦ા પોષ્ટેજ જુદું.

અમદાવાદ. ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

નિવેદન.

આ પુસ્તક જિજ્ઞાસુઓને આનંદ આપનાર તત્વજ્ઞાન કે તેવા કોઈ વિષયનું નથી, પણ તેમાંનો વિષય સામાજીક છે. જગત્‌નો ઘણો ખરો ભાગ જીજ્ઞાસુઓથી જુદીજ કોટીવાળા મનુષ્યોથી ભરપૂર હોવાથી, તેમને રૂચે એવા વાર્તાના પ્રકાર દ્વારા તેમની વ્યાવહારિક સ્થિતિરીતિની ન્યૂનતાઓનું ભાન કરાવે; તથા તે વિષયમાં પ્રત્યક્ષ વા ગર્ભિત રીતે ઉન્નતિના આદર્શો અને આદેશો તેમને દર્શાવી તે તરફ તેમનાં હૃદયોને દોરે; તે માટે આ પ્રકારનાં પુસ્તકો વિવિધ ગ્રંથમાળામાં આવે એ પણ આવશ્યકજ છે.

વિશેષ એટલા માટે કે અન્ય પ્રકારના સાહિત્ય કરતાં વાર્તાઓનું સાહિત્ય વધારે આકર્ષક હોઈ તે ઘણા બહોળા પ્રમાણમાં વંચાય છે; અને તેમાંથી ફલિત થતો સુબોધ સચોટ અસર કરે છે.

એક ગૃહી મનુષ્ય–પછી તે પામર કે વિષયી હો, કે જીજ્ઞાસુ હો વા મુક્ત કોટિનો હો; પણ પોતાના ગૃહસ્થાશ્રમને અનુસરીને સમાજ સાથે જે વિવિધ સંબંધોથી તે જોડાયલો છે, તે સમાજની સ્થિતિ રીતિના સારાપણા વા ખોટાપણા સાથે તેના પણ સુખ દુઃખનો દેખીતો સંબંધ રહેલો છે; તેની કોઈથી ના પાડી શકાય તેમ નથી.

એ કારણથી આ પુસ્તકમાંની સામાજીક વાર્તાઓ અને તે પરથી મળતો બોધ વ્યાવહારિક સ્થિતિરીતિની ઉન્નતિ–શુદ્ધિ પરત્વેજ હોવા છતાં, એ વ્યાવહારિક શુદ્ધિ પણ સાધારણ જનોની પેઠે પરમાર્થ પંથમાં પ્રવેશવા ઈચ્છનાર, તેમજ પ્રવેશી ચૂકેલા દરેકને સાક્ષાત્ વા પરંપરાએ સહાયકજ છે.

આ વાર્તાઓમાંથી લેવાની સમજણ વિષે દરેક સ્થળે સ્પષ્ટ ઉલ્લેખ કરાયલો નહિ જણાય તોપણ તેમાંનાં પાત્રોની સ્થિતિરીતિનાં વર્ણન, તેમની વાતચીત, મુખ્ય બનાવો, તેમજ વાર્તાનાં પરિણામ ઈ. ઉપરથી તે બાબત વાંચનારની નજર બહાર રહી શકે તેમ નથી.

આ ગ્રંથમાં આવેલી વાર્તાઓ મહારાષ્ટ્રીય ભાષામાં પ્રસિદ્ધ થયેલા 'મનોરંજક વાર્તાવલી' નામે પુસ્તકને આધારે ગુજરાતીમાં રા. રા. રત્નસિંહ દીપસિંહ પરમાર પાસે તૈયાર કરાવવામાં આવી છે. જેથી તે મૂળ પુસ્તકના લેખક શ્રીયુત્ દ. ક. હડકર તથા પ્રકાશક શ્રીયુત્ બાળકૃષ્ણ જિવાજી હડકર. મુ. કરાંચી. એ બંને મહાશયોનો આ સ્થળે આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

॥ ॐ તત્સત્ ॥

સંવત્ ૧૯૬૯ દ્વિતીય આષાઢ શુકલ પંચમી. મંત્રી.

અનુક્રમણિકા.

નવલકથા સંગ્રહ.

ભાગ ૧ લો.

---

(૧) એક કુટુંબ.

(૧)

રાત્રીના અગિયાર વાગી ગયા હતા. રજનીનાથ ચંદ્ર પોતાનાં શીતળ કિરણો વડે અમૃતવૃષ્ટિ કરી રહ્યો હતો. આકાશ પટ આજે તદ્દન સ્વચ્છ બની રહ્યો હતો. સૂર્યનાં અસહ્ય તથા પ્રખર કિરણોથી તપ્ત થયેલી સૃષ્ટિ સુંદરીને શૈત્યદાયિ નિશાપતિ પોતાનાં શિતલ કિરણો વડે પ્રશાંત કરતો હતો. સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું હતું. ચંદ્રનો શૈત્યદાયક પ્રકાશ ઉદ્યાનમાંનાં વૃક્ષોના પત્ર પલ્લવો પર તથા સુગંધી પુષ્પસમુહોપર પડી ચિત્તાકર્ષક શોભા દ્રષ્ટિગોચર કરતો હતો. વિમલ કૌમુદીયુક્ત આ પ્રસંગે મનોરમ સુગંધિત પુષ્પો ચંદ્રકિરણોથી પ્રકાશિત ઉદ્યાનમાં શીતલ તથા મંદ પવનરાજની સાથે ક્રીડા કરવામાં લોલુપ બન્યાં હતાં. આ પ્રસંગે એક આર્ય રમણી ચિંતાતુર થઈ ગાલપર હાથ ટેકવી દારિદ્રના સાગરરૂપી પોતાના ગૃહના દ્વારપર પતિને આવવાની રાહ જોતી ઉભી હતી,

અહા! તેના અલૌકિક રૂપનું તથા અપ્રતિમ લાવણ્યનું વર્ણન કરવાની શક્તિ કોનામાં છે? મધ્યમ આકૃતિ, રક્તવર્ણા ઓષ્ઠ, સુંદર લલાટ, નાજુક હસ્ત, શ્યામ સર્પિણી સમાન કેશકલાપ, સિંહ જેવી કટિ, મનોરમ કપોલ, અને શુભ્ર દંતપંક્તિથી ભૂષિત એવી આ રમણીનું દર્શન થતાંજ તે કોઈ માનવી સ્ત્રી નથી પરંતુ સ્વર્ગનિવાસી અપ્સરાજ છે એવો ભાસ થાય છે. અસ્તુ! આ વખતે જો કે તેનું મુખ

N. 1

સ્હેજ ચિંતાથી મ્લાન થયું છે અને તેના મુખની કાન્તિ જરા ફિક્કી દેખાય છે, તોપણ તેનું સૌંદર્ય તેથી જરા સરખું પણ ન્યૂન થયું નહોતું. ઉલટ પક્ષે તેણે પરિધાન કરેલી આછા ગુલાબી રંગની સાડી તથા એકાદ બે સૌભાગ્યસૂચક અલંકારોને લીધે તેનું સૌંદર્ય પોતાના પૂર બહારમાં દીપી નીકળ્યું હતું. તેનું ચિત્તાકર્ષક નેત્રયુગલ આ વખતે પાણીથી ભરાઇ ગયું હતું અને તેમાંથી ટપ્‌ટપ્‌ ગળતાં અશ્રુબિંદુઓ મુક્તાફળની પરંપરાવત્‌ શોભતાં હતાં. તે કરૂણ સ્વરે ઈશ્વરની પ્રાર્થના કરતી બોલીઃ—“ હે દેવાધિદેવ ! હે શ્રી કૃષ્ણ ! હે વાસુદેવ ! આજકાલ કરતાં બાર વર્ષ થઈ ગયાં ! તો પણ આ હતભાગિનીને સુખ કિંવા લક્ષ્મીનું દર્શન પણ થયું નથી. ”

જે કુટુંબ પૂર્વે સુપ્રસિદ્ધ હતું અને જે ગૃહમાં લક્ષ્મીનો વાસ હતો તેજ કુટુંબ આજે દારિદ્ર્યાવસ્થામાં આવી પડયું છે. વિધિની લીલા આથી તે વિચિત્ર શી હશે ? પરંતુ એ સર્વનું કારણ શું ? મદિરાનો પ્રભાવ ! જે સમયથી મારા પતિ આ દુષ્ટ વ્યસનને આધીન થયા છે ત્યારથીજ હું સર્વ સુખથી વિમુખ થઇ છું. પૈસા ગયા, કપડાં ગયાં, અલંકારો ગયા, પાત્રો ગયાં, એ પ્રમાણે સર્વ સામાન ગયો અને તે સાથે આબરૂ પણ ગઇ. હવે જવાનું શું અવશિષ્ટ રહ્યું છે ? હાય ! હાય ! નથી પેટભર અન્ન કે નથી અંગપર પૂરાં વસ્ત્ર ! મારાં સોના જેવાં બાળકોનાં મુખ જોઇને મેં એ સર્વ મુગે મ્હોંએ સહન કર્યું. આજે નહિ તો કાલે મારો પતિ દુર્વ્યસનથી મુક્ત થશે અને પુનઃ કોઇને કોઇ પ્રસંગે સુખોદય થશે, એવી આશામાંજ હું આજ સુધી રહી છું, પરંતુ હવે મારી સર્વ આશા નિષ્ફળ થઈ છે. હે નારાયણ ! હે મધુસૂદન ! હે શ્રી કૃષ્ણ ! હવે મારાથી આ જન્મનું કષ્ટ સહન થઇ શકતું નથી. આવી સ્થિતિમાં જીવવા કરતાં તો હવે મને મરણજ પ્રિય લાગે છે.

હે જગદીશ! હવે તો તુંજ મારાં બાળકોનું રણુક્ષ કરજે. આજે હું નશીબની અંતિમ પરીક્ષા કરનાર છું. આજે આ હતભાગિનીને અક્ષય્ય સુખ કિંવા મરણુ એ બેમાંથી એકની પ્રાપ્તિ થશે. હે ઇશ્વર! હે દીનબંધુ! હે લક્ષ્મીપતિ! આ ભાગ્યહીન સ્ત્રીપર તું કૃપાદૃષ્ટિ કર અને મારા પતિરાજનું તથા મારાં બાળકોનું રક્ષણુ કર.” આ પ્રમાણે બોલી તે સ્ત્રી હુસકાં ભરવા લાગી. ધીમે ધીમે તેનો શોકાવેગ ન્યૂન થયો. તે કાલ્પનિક વિચારલહરિમાંથી જ્યારે જાગ્રત થઈ ત્યારે આ શોચનીય સ્થિતિમાં તે કેટલી વાર સુધી રહી હતી તેનું તેને લેશ પણુ ભાન રહ્યું નહોતું. મધ્ય રાત્રિ થઇ ગઇ હતી. તેણે પતિની શોધ કરવા જવાનો દૃઢ નિશ્ચય કર્યો. પરંતુ ઘરમાંથી બહાર નીકળ્યા પૂર્વે તેણે પોતાનાં નિર્દોષ ઊંઘતાં બાળકો પ્રતિ પ્રેમભરી દૃષ્ટિ ફેંકી. તેના મનમાં બાળવાત્સલ્ય અને પતિપ્રેમની વચ્ચે ઘોર સંગ્રામ ચાલ્યો. અંતે તે પતિવ્રતા સ્ત્રીના કોમળ હૃદયપર પતિપ્રેમે પોતાનો પ્રભાવ જમાવ્યો અને તે સાધ્વી જોશભેર ગૃહ બહાર નીકળી પડી.

(૨)

તે હતભાગિની સ્ત્રી જે વખતે ગૃહ બહાર નીકળી તે વખતે નીલ-વર્ણુ નભોમંડળ કાળાં વાદળાંથી વ્યાપ્ત થયું હતું. વચ્ચે વચ્ચે વિજળીઓ ચમકારા મારી રહી હતી અને મેઘોનો ગડગડાટ થયા કરતો હતો. ચંદ્રમા અત્યારે વાદળાંમાં અસ્ત થયો હતો. સર્વત્ર ગાઢ અંધકાર છવાઈ રહ્યો હતો. પવન પણુ સૂસવાટાભેર વાતો હતો. આ સર્વ ચિન્હો થોડાજ વખતમાં પ્રચંડ તોફાન થશે એવી ભવિષ્ય વાણી વદતાં હતાં.

ધીમે ધીમે પર્જન્યનો પ્રારંભ થવા માંડયો. એક પછી એક એ પ્રમાણે જળધારા પડવા લાગી. તે દુર્દૈવગ્રસ્ત સ્ત્રી પાણીથી ભીંજાઇને તદ્દન તરબોળ થઈ ગઇ અને એક દેવાલયના ચોકમાં આવીને ઉભી રહી. એટલામાં તેને કાને કાંઇક અવાજ પડયો. તે અવાજ શાનો હતો

તે તે બુદ્ધિશાળી સ્ત્રી તરતજ સમજી ગઈ. પોતાનો પતિ તેના મિત્રો સહિત મદિરાપાનથી તર થઇને આવે છે એવું દ્રશ્ય જોઇ તે તેની પાસે ગઇ અને તેનો હસ્ત પકડયો. પછી તે કંપિત સ્વરે બોલી "હે નાથ ! આ શું ? આટલી રાત્રિ વહી ગઈ તોપણ હજી ઘેર આવવાનો વિચાર પણ મનમાં આવતો નથી ?" બીભત્સ શબ્દોચ્ચાર કરવામાં, અને પરસ્પર ઠઠ્ઠાવિનોદ તથા ગાળાગાળી કરવા લાગેલી આ મદિરાના ભક્તોની મંડળી પોતાના આનંદમાં ભંગ પડેલો જોઇ તે હતભાગ્ય બાઇપર અતિ ક્રોધિત થઈ. "રાં-રાં-ડ-તું-આટલી-રાતે-શા-મા-મા મા-ટે-લ-લ-લ-ડ-ડ-ડ-વા-વા-આ-વી છે ?" આ પ્રમાણે તે નિષ્ઠુર પતિ લત્તાપ્રહાર કરતો કરતો બોલ્યો. તે કઠોરહૃદયના માણસનું આ કૃત્ય જોઇને તેના મિત્રો પણ અતિ સંતપ્ત થયા. તેઓ બોલ્યા "નારાયણ ! આ શું ? એ બિચારીને વ્યર્થ શા માટે મારે છે ?" પછી તે દુઃખી અબળા પ્રતિ જોઇને તેઓ બોલ્યા "લક્ષ્મીબાઈ, બીજા થોડાક દિવસ થોભો. તમારો પતિ આપોઆપ ઠેકાણે આવશે."

લક્ષ્મીબાઇ રોતી રોતી બોલી "અરે ! હજી પણ તમે થોભવાનું કહો છો ? બાર વર્ષ થઇ ગયાં તોપણ હજી થોભવાનું કહો છો ? મારાં બાળકો તરફ જોઇને મેં કેવાં કેવાં કષ્ટો સહન કર્યાં, પરંતુ હવે મારાથી કષ્ટ સહન થઇ શકતાં નથી." પછી તે પોતાના નિષ્ઠુર પતિ તરફ જોઇને બોલી "હે નાથ ! હું આપની આગળ ખોળો પાથરૂં છું, હું આપની સમક્ષ હાથ જોડું છું; આ દાસીના હસ્તથી થયેલા અપરાધો ક્ષમા કરો. હું તો હમણાં અત્યાનંદથી મરવાને તૈયાર છું, પરંતુ તમો મારાં બાળકોનું રક્ષણ કરો. જે દુષ્ટ વ્યસનના પંજામાં સપડાઇને કોટયવધિ લોકો ભિક્ષુક બની ગયા છે, તે વ્યસનના ભોગ તમે થાઓ નહિ. આબરૂની ધૂળધાણી કરો માં. પૂર્વજોએ સંપાદન કરેલી સુકીર્તિપર પાણી ફેરવો નહિ. હે નાથ ! આપના ચરણમાં આ દાસીની અંતિમ નમ્ર વિજ્ઞાપના આજ છે. ઇશ્વર આપને સુખી

રાખો. પ્રાણેશ્વર ! જીવિતેશ્વર ! થોભો. હું હવે જાઉં છું," એમ કહીને તે ઝડપથી ત્યાંથી ચાલી નીકળી.

(૩)

કારણ ગમે તે હો; પરંતુ પોતાની પત્નીનું આ પ્રેમપૂર્ણ ભાષણ સાંભળીને તે કઠોર પતિને ભાન આવ્યું. તેનું વજ્ર કરતાં કઠોર હૈયું નવનીત જેવું મૃદુ થયું. પત્નીના નિર્મળ પ્રેમની તેને પૂર્ણ પ્રતીતિ થઈ. તેનો દારૂ ઉતરી ગયો. પત્નીનો પ્રત્યેક શબ્દ તેને શલ્યવત્ ખુંચવા લાગ્યો. પશ્ચાત્તાપના અગ્નિથી તે તપ્ત થવા લાગ્યો. તેને પોતાનાં પૂર્વ કર્મનો પશ્ચાત્તાપ થયો. તે જાણે મોહિનીમંત્રથી મુગ્ધ થયો ન હોય તે પ્રમાણે તે પોતાની પત્નીની પાછળ દોડવા લાગ્યો. તેણે પોતાની પત્નીને પકડી પાડી અને ખરા અંતઃકરણથી તેની ક્ષમા માગી. હવે પછીથી હું કોઈ પણ પ્રકારના વ્યસનને આધીન થઈશ નહિ, એવા તેણે શપથ લીધા અને પત્નીને સમજાવી પોતાને ઘેર તેડી ગયો.

* * * * *

દિવસ પર દિવસ જતાં આ વાતને બે વર્ષ વ્યતીત થઇ ગયાં. ઉપલું કુટુંબ આજે સુખપૂર્વક કાળક્રમણ કરે છે. નારાયણ હવે પ્રતિષ્ઠિત પુરુષ તરિકે આદર પામે છે, લક્ષ્મીબાઇએ હમણાં એક બીજા પુત્રને જન્મ આપ્યો છે. નારાયણને હાલ દર માસે રૂ. ૨૦૦) નું વેતન મળે છે. હવે તે કોઈ પણ વ્યસનનો સ્પર્શ પણ કરતો નથી. તેનો વડો પુત્ર હાલ અંગ્રેજી ચોથા ધોરણમાં છે. આજ વર્ષમાં તેણે પોતાના તે પુત્રનું લગ્ન કરવાનો ઠરાવ રાખ્યો છે અને તે પ્રસંગે સહકુટુંબ પધારીને સમારંભના આનંદ અને શોભામાં વૃદ્ધિ કરવાને અમારા પ્રિય વાંચકોને આમંત્રણ કરે છે.

પ્રિય વાંચક બંધુ ! આજે તે કુટુંબ આનંદસાગરમાં ડૂબી ગયું છે અને એવોજ આનંદ તે કુટુંબમાં ચિરકાળ રહો એવાં આશીર્વચનો સાથે હાલ તો અમે આપની રજા લઇશું.

(૨) પ્રેમની પરાકાષ્ઠા.

---

(૧)

રાત્રિના અગિઆર વાગવાનો સમય થયો છે. સ્વચ્છ દુગ્ધ સમાન ચંદ્રપ્રકાશ પૃથ્વીતલને પ્રકાશિત કરી રહ્યો છે. ચંદ્રમા કોટયવધિ નક્ષત્રસમુહમાં વિરાજમાન થઈ સુહાસ્ય વદનથી વિશ્વવિલોકન કરે છે. શીતલ પવનની મંદ લહરિઓ આવે છે. નદીનું શુભ્ર સ્ફાટિક સરખું પાણી ધીમે ધીમે વહે છે. પુષ્પોનો પરિમલ ઉદ્યાનમાં જ્યાં ત્યાં પ્રસરી રહ્યો હતો. વચ્ચે વચ્ચે વૃક્ષલતા પવનના યોગથી ધીમે ધીમે હાલે છે. શ્વાનનું ભસવું અને પહેરેગીરોના એક બીજાને સાવધ રહેવાને માટે કરેલા અવાજ વચ્ચે વચ્ચે શાંતતાનો ભંગ કરતા હતા. આવા સમયમાં કમલનાર દુર્ગપરનાં સર્વે જણ નિદ્રાસુખમાં નિમગ્ન થયાં હતાં. એકંદરે આ સમય અતીવ રમણીય અને શાંતિપ્રદ હતો.

પરંતુ હે વાંચક બંધુ! આવી વખતે એક ચૌદ વર્ષની બાલિકા નદી તટપર આવેલા સુશોભિત તંબુની બહાર ફરે છે. આ વખતે–અને વળી એકલી–તે લાવણ્યવતી બાલિકા ત્યાં શા માટે ફરતી હશે? પ્રિય વાંચક! ધૈર્ય ધર. આટલી વારમાંજ આ પ્રશ્નનો ઉત્તર મેળવવાને માટે અધીરો થઈશ માં.

અહા! આ તે કેવું અપ્રતિમ લાવણ્ય અને અનુપમ સૌંદર્ય! એની ગણના દેવાંગનામાં, અપ્સરામાં, સુરસુંદરીમાં કિંવા આ ભૂતલપરનાં માનવી સ્ત્રીરત્નમાં કરવી તે ગૂઢ લેખકો પણ કહી શકતા નથી. તો હે વિધે! આ રત્નને ઘડતાં તને કેટલો બધો શ્રમ પડયો હશે અને તારૂં કેટલું બધું કૌશલ્ય તારે ખર્ચવું પડયું હશે?

એ બાલિકાની ઉંચાઇ મધ્યમ પ્રકારની હતી. તેણે પોતાની કાળી સર્પિણી સમાન કેશઘટા પીઠપર ખુલ્લી છોડી મૂકી હતી. આ રૂપગુણ સંપન્ન બાલિકાનાં લાવણ્યદર્શનથી કે કોણ જાણે શાએ કારણથી વચ્ચે વચ્ચે ચંદ્રમાને મેઘોનો આશ્રય લેવો પડતો હતો. બાલિકા અહીં તહીં ફરતી ફરતી વચ્ચે વચ્ચે નદી તરફ, ગગનચુંબિત ઉચ્ચ વૃક્ષો તરફ, પુષ્પ વાટિકા તરફ, ભીષણ અને દુર્ગમ કમલનાર દુર્ગ તરફ, તારાગણ તરફ અને રોહિણીકાંત ચંદ્ર તરફ જોતી હતી. આવી સ્થિતિમાં તેનો કેટલો કાળ વ્યતીત થયો તે કહી શકાતું નથી.

બાલિકાએ પુનઃ એક વાર નદીના ભવ્ય, વિશાલ, વિસ્તીર્ણ પટ તરફ દ્રષ્ટિ ફેંકી. તેવામાં તેને એક નાની સરખી નૌકા વાયુવેગે પોતાની તરફ આવતી જણાઇ. આટલી મોડી રાત્રિએ પહેરેગીરોની પરવા ન કરતાં નિર્ભયપણે રજપુતોની છાવણી તરફ આવવાનું સાહસ કરનાર કોઇ એક રજપુત યુવક છે એમ તેને જણાયું. પેલા રજપુત યુવકને આ પ્રમાણે વેગથી આવતો જોઇ તેણે પોતાના તંબુમાં પાછા જવાનો યત્ન કર્યો; પરંતુ એ તરૂણ કોણ છે, ક્યાંથી આવ્યો છે અને શા માટે આવ્યો છે એ જાણવાની તેને સ્વાભાવિક જિજ્ઞાસા થવાથી તે ત્યાંજ એકાદ નિર્જીવ પુતળીની પેઠે સ્તબ્ધ થઇને ઉભી રહી.

અલ્પ સમયમાં તે રજપૂત વીર ત્યાંજ આગળ આવીને ઉતર્યો અને “ તમે કોણ છો ? ” એવો પ્રશ્ન તે સુંદરીને કર્યો.

બાલિકાએ ઉત્તર આપવા પુષ્કળ પ્રયત્ન કર્યો પરંતુ તેના ઓષ્ઠ બહાર શબ્દજ નીકળી શકયા નહિ.

થોડીવાર પછી તે યુવક બોલ્યો “ આટલી મોડી રાત્રે આપના જેવી લાવણ્યવતી તરુણીને અહીંઆં શું કામ હોઈ શકે ? હું જે બોલું છું તે માટે મને ક્ષમા કરશો. ”

"આ પ્રશ્ન તમે કોને પૂછો છો તે તમે જાણો છો?" તે તરુણી કિંચિત્ સરોષ થઇ બોલી.

યુવકે હસીને ઉત્તર આપ્યો. "હા. જે પુરુષનાં અલૌકિક શૂરત્વનો અને બુદ્ધિમત્તાનો ડંકો સર્વ જગત્‌માં વાગી રહ્યો છે તે વિલક્ષણ સ્વદેશાભિમાની રાણા પ્રતાપસિંહની એક લાડકી કન્યાને હું આ પ્રશ્ન પૂછું છું."

બાલિકા આશ્ચર્યચકિત થઇ તોપણ ધીર ધરીને બોલી "વારુ ત્યારે સિંહના જડબામાં કિંવા પ્રજ્વલિત અગ્નિમાં જાણી જોઇને ભુસ્કો મારનાર સાહસી વીરનું નામ જણાવવાનો અનુગ્રહ થશે કે?

"એમાં અનુગ્રહ શો? હું અંબરેશ્વર રાજા માનસિંહનો જ્યેષ્ઠ પુત્ર જગત્સિંહ છું."

"કુમાર! શત્રુની છાવણીમાં ઘુસવાની હામ આપ શી રીતે ધરી શક્યા? જો આપ એકાદ પહેરેગીરની દૃષ્ટિએ પડશો તો આપની શી દશા થશે તે આપ જાણો છો?" રાજકુમારી લાગણીપૂર્વક બોલી.

"મારી દશા?" કુમાર સંકટને તુચ્છ ગણી હસીને બોલ્યો.

"હું ક્ષત્રિય છું. ક્ષત્રિયને મરણની શી ભીતિ હોય? જ્યાં સુધી આ તલવાર મારા હસ્તમાં છે ત્યાં સુધી આ જગત્સિંહના શરીરને સ્પર્શ કરવાની કોનામાં શક્તિ છે?"

"પરંતુ તમે અહીંઆં શા માટે આવ્યા છો?"

"ચંદ્રને પણ લજ્જીત કરનાર રાજકન્યા કમલકુમારીના મુખચંદ્રનું દર્શન કરવાને."

આ વચનો સાંભળતાંજ લજ્જાથી કમલકુમારીનું મુખ આરક્ત થઇ ગયું અને સર્વાંગે પ્રસ્વેદના રેલા ચાલ્યા. "રાજકન્યે!" કુમાર બોલ્યો "તેં તારા હૃદયમાં કયા તરુણને સ્થાન આપ્યું છે એ કૃપા કરીને મને કહેશે વારુ?"

રાજકન્યાના મુખપર ક્રોધ અને લજ્જાની છાયા દ્રગ્ગોચર થવા લાગી.

ક્ષણભર સ્તબ્ધ રહીને તે બોલી "મારા પ્રેમને પાત્ર અદ્યાપિ કોઈ થઇ શક્યો નથી, પરંતુ એટલી વાત તો ખૂબ સ્મરણમાં રાખજો કે કુલાંગાર માનસિંહનો વંશજ કદિ પણ મારા પ્રેમને પાત્ર થઈ શકશે નહિ."

"હર! હર!" કુમાર પોતાના મન સાથેજ બોલ્યો "અંબરાધિપતિએ યવનની સાથે સંબંધ જોડીને પોતાનાં શીલ, પોતાનાં કુળ, પોતાનાં માન અને પોતાના ગૌરવને તથા પોતાના નામને કલંક લગાડયું છે."

અપમાન સહન ન થઈ શકવાથી કુમારની આંખો દુઃખાશ્રુથી ભરાઇ આવી. તે ગદ્દગદિત કંઠે રાજકન્યા પ્રત્યે બોલ્યો "રાજકન્યે! પિતાના અવિચારનું ફળ આજે મારે ભોગવવું પડે છે. સર્વ જગતમાં તેનાં અપકૃત્યને લીધે અમારા નામપર ફીટકાર પડે છે. અસ્તુ! તારા જેવી ભાગ્યશાળી રાજકન્યાના પ્રેમનો ભોગી થવાને ખરેખર હું સર્વથૈવ અયોગ્યજ છું. હવે આ જગતમાં મારા ભાગ્યમાં સુખનો લવલેશ પણ રહ્યો નથી. અપમાન, નિરાશા, અને સંકટો સહન કરવામાંજ મારૂં આયુષ્ય વ્યતીત થઈ જાય તેના કરતાં આ પવિત્ર નદીમાં ભુસ્કો મારીને આત્મહત્યા કરવી એ શું ખોટું કાર્ય છે? અસ્તુ. હે રાજકન્યે! હવે હું જાઉં છું. આ પ્રેમઘેલા દીન દાસનું સ્મરણ હવે તું કરીશ માં. રાજકન્યે! મેં નિર્લજ્જ થઇને કરેલા પ્રશ્ન માટે મને તું ક્ષમા કર. હું કેવળ મૂર્ખ છું. તારી યોગ્યતા, તારા સદ્દગુણો, તારૂં કુળ, તારૂં શીલ, અને તારો વૈભવ એ કાંઈ પણ લક્ષમાં ન રાખતાં શું જોઇને મારે તારી પ્રાપ્તીની ઈચ્છિા ધરવી? પણ હવે જે થયું તે થયું. હું હવે જાઉં છું."

એમ કહી તે નદીમાં ભુસ્કો મારવા જાય છે એટલામાં જ તેને

કાંઇ સ્મૃતિ થઇ હોય તેમ તે બોલ્યો "રાજકન્યે! હું એક વાત તો તદ્દન વિસરી ગયો હતો. પણ હવે તેનું સ્મરણ થયું છે. મહારાણાજીને આ પત્ર સત્વર પહોંચતો કરજો! વિલંબ થશે તો પરિણામ ભયંકર આવશે, માટે ત્વરા કર."

ક્ષણવાર રહીને કુમાર પુનઃ બોલ્યો "ક્ષત્રિય બાલિકે! આ અભાગી જનને વિસરી જજે હોં!"

કુમાર પુનઃ ભુસ્કો મારવાને ઉદ્યુક્ત થયો; એટલામાં રાજકુમારી બોલી "કુમાર! જરા થોભો; જરા થોભો. આત્મઘાત કરવાને પ્રવૃત્ત થશો માં."

"રાજકન્યે!" કુમાર બોલ્યો "હવે મારે આ જગતમાં જીવીને શું કરવું છે? હું મરી ગયા પછી મારી પાછળ શોક કરનાર પણ કોઈ નથી. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં તું મારા મોતના માર્ગમાં વિઘ્ન શા માટે નાંખે છે? હવે મારા ચિત્તનું આકર્ષણ કરે એવી કયી વસ્તુ અવશિષ્ટ રહી છે વારુ?"

"પરંતુ જો તમે આત્મહત્યા કરશો તો મને અતિ દુઃખ થશે." રાજકન્યા બોલી.

"ગાંડી તો નથી થઇ? આ અધમ પુરુષને માટે શું તને દુઃખ થશે? તને દુઃખ થવાનું શું પ્રયોજન છે? છીઃ છીઃ આ વાતજ સર્વથા અસંભવનીય નથી કે?"

"નહિ, તમે ભૂલ કરો છો."

"રાજકન્યે! ક્ષમા કર! ક્ષમા કર! હું હવે તારી વિજ્ઞપ્તિને માન્ય કરી શકતો નથી. પરંતુ હું આપને એક પ્રશ્ન પૂછું છું તેનો ઉત્તર આપ આપશો કે?"

રાજકન્યાએ કહ્યું. 'હા'

"ત્યારે તો તમારૂં દિલ કોણે જીતી લીધું છે તે મને જણાવો એટલે હું સુખેથી મરીશ." કુમારે પ્રશ્ન કર્યો.

રાજકન્યા થોડીવાર સ્તબ્ધ રહી. ભીતિ, લજ્જા, અને ચિંતા આ વિકારોથી તેનું મુખ મ્લાન થયું. તે કાંઈ પ્રત્યુત્તર આપતી નથી એમ જોઇ અધીરો કુમાર બોલ્યો "કેમ, રાજકન્યે! આ દાસની હજી પણ દયા તમને આવતી નથી કે? ઠીક. જગદીશ્વર સદૈવ તમને સુખી રાખો." કુમાર આગળ બોલી શક્યો નહિ. એક વખત તેણે નૈરાશ્યયુક્ત વદનથી આકાશ તરફ દૃષ્ટિ ફેંકી. પછી તેણે એક વાર પુનઃ રાજકન્યાના મુખ તરફ જોયું. અને 'જય! એકલિંગજીકી જય!' એમ બોલીને તે નદીમાં ભુસ્કો મારવા જાય છે એટલામાંજ..........

"નહિ! નહિ! પ્રાણેશ્વર! આત્મઘાત કરશો નહિ" એમ બોલી કમળકુમારી દોડતી દોડતી આવી મૂર્ચ્છિત થઇને જગત્સિંહના વક્ષસ્થળપર પડી.

"અહા! આ તે મારૂં કેવું સદ્ભાગ્ય!" એમ બોલી કુમાર તેને સાવધ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

રાજકન્યા સચેત થઈ બોલી "જીવિતેશ્વર! હું જે કાંઈ બોલી હોઉં તેની મને ક્ષમા કરશો. પિતાજીના ભયને લીધે મારે તેમ કરવું પડયું."

કુમાર બોલ્યો "પ્રિયે! તે વાતની ચિંતા રાખીશ માં. પરિણામ તો ઇશ્વરી સંકેત પ્રમાણેજ આવશે. હવે રાત્રિ ઘણી ગઇ છે માટે હું જાઉં છું. ઇશ્વરી સંકેત જો હશે તો પુનરપિ તારો અને મારો મેળાપ થશેજ."

આ પ્રમાણે કહી કુમાર પ્રફુલ્લ વદને નૌકામાં જઇને બેઠો. રાજકન્યાને પોતાની તરફ જોતી ઉભેલી જોઈ તેણે ઇસારાથી તેને 'જા' એમ કહી નૌકા હંકારવા માંડી. અર્ધી ક્ષણમાં તો તે નૌકા શ્યામ રાત્રિમાં અદૃશ્ય થઈ ગઈ.

હવે રાજકન્યા પાછી ફરી. પિતાજીને પત્ર આપવાનો છે એ વાતની હવે તેને સ્મૃતિ થઇ અને તે પત્રને જોવા લાગી. પરંતુ પત્ર ખોવાયેલો જણાયો. તેણે પુષ્કળ તપાસ કરી પરંતુ પત્ર જડયો નહિ.

(૨)

“ વિમલે ! એ પત્ર તને કોણે આપ્યો ? ”

“ કોઇએ નહિ ” દાસીએ પ્રત્યુત્તર આપ્યો.

“ તો એ તેં ક્યાંથી આણ્યો ? ” પ્રતાપસિંહ બોલ્યા.

“ એ મને નદીતટપરથી મળ્યો. ”

રાણાજીએ પત્ર વાંચવાનો પ્રારંભ કર્યો, તે પત્ર આ પ્રમાણે હતો:-

શ્રી

શ્રી સકલગુણૈશ્વર્યમંડિત ક્ષત્રિય ચૂડામણિ હિંદુપદપાદશાહ સૂર્યવંશીય ક્ષત્રિયકુલાવતંસ મહારાણા પ્રતાપસિંહજીની સેવામાં........

આવતી કાલે યવન સૈન્ય આપના ઉપર હલ્લો કરનાર છે. એ સૈન્યમાં કુલ સિત્તેર હજાર કરતાં પણ અધિક યોદ્ધાઓ છે. શાહજાદા સલીમ અને રાજા માનસિંહ એ ઉભય, તે સૈન્યના મુખ્ય સેનાપતિઓ છે. માટે સ્ત્રી છોકરાંઓને નિર્ભય સ્થાને પહોંચાડો. આ સ્થળે તમારો નિભાવ થઇ શકનાર નથી. કારણ કે દુર્ગ ઉપરના જળાશયોમાં વિષ નાંખવામાં આવ્યું છે. માટે સાવધ રહેજો.

આપનો નમ્ર સેવક,

જગત્સિંહ.

આ પત્ર વાંચ્યા પછી પ્રતાપના ચહેરાપર ખેદ, ક્રોધ, સંશય, નિરાશા, વિસ્મય ઈત્યાદિ વિકારોનાં ચિન્હો સ્પષ્ટપણે દ્રષ્ટિગોચર થવા લાગ્યાં. થોડીવાર પછી પ્રતાપસિંહને કાંઇક સંશય આવ્યો તેથી તે ઉચ્ચ સ્વરે બોલ્યા “ કેમરે ! તને આ પત્ર કોણે આપ્યો ! જોજે ખરેખરી વાતજ કહેજે. ”

“ મહારાજા ! હું સાચીજ વાત કહું છું. મને ક્ષમા કરજો. આ પત્ર મને બીજા કોઇએ આપ્યો નથી, પરંતુ રાજકન્યા કમળકુમારીએ પોતે આપ્યો છે. ” દાસી કંપાયમાન થતી થતી બોલી.

અર્ધ ક્ષણમાં પ્રતાપસિંહના ડોળા લાલચોળ થઇ ગયા અને તે ક્રોધિત સ્વરે બોલ્યા "એ પત્ર તે લુચ્ચીને કોણે આપ્યો?"

"જગત્સિંહે."

"જગત્સિંહ કોણ? ત્વરાથી ઉત્તર આપ." રાણાજી હાથપગ પછાડી ગર્જના કરીને બોલ્યા.

"આપની કન્યાના ભાવી પતિ."

"કર્કશા! આ શબ્દો તું કોની સમક્ષ બોલે છે તેની તને સ્મૃતિ છે?"

ક્ષણ પછી તે પુનઃ બોલ્યા "જગત્સિંહ કોણ છે? કોનો શું સગો થાય છે?"

"આપનો ભાવી જમાઈ."

"તારૂં મોં સંભાળ. વિમલે! આ સમય ઠઠ્ઠાનો નથી."

દાસી ગંભીરતાથી બોલી "હું પણ ઠઠ્ઠા કરતી નથી. અંબરેશ્વર માનસિંહનો જ્યેષ્ઠ પુત્ર જગત્સિંહ."

ઉપલાં વચનો સાંભળતાંજ પ્રતાપસિંહના વક્ષસ્થળપર વજ્ર સમાન આઘાત થયો.

"છે કે કોઈ અહીંઆં? હમણાં ને હમણાં જઇને સરદાર ચંદાવતજીને બોલાવી લાવો."

"જેવી આજ્ઞા." એક હજુરીઓ આવી બે હાથ જોડી બોલ્યો.

થોડી વારમાંજ ચંદાવતજી ત્યાં આવ્યા અને મહારાણાજીને વંદન કરીને બોલ્યા "મહારાજ! શી આજ્ઞા છે?"

"ચંદાવતજી! આ હરામખોર દાસીને અને કમળકુમારીને સખ્ત કેદમાં રાખો. અને હમણાં ને હમણાં કેટલાક સૈનિકોની સાથે સ્ત્રીઓ તથા છોકરાંઓને આબુ પર્વતપર મોકલી આપો. ચાલો, આ કાર્ય સત્વર કરો. હવે સમય નથી. જુઓ આ પત્ર." એમ બોલી ચંદાવતજીને પત્ર આપી મહારાણા ત્યાંથી ચાલ્યા ગયા.

પત્ર વાંચતાંની સાથેજ ચતુર ચંદાવતજી શી ઘટના બની હતી તે સમજી ગયા.

વાંચક બંધુ ! જે દાસીએ ઉપલી વાત રાણાજીને કહી તે એક વૃદ્ધ, અનુભવી, વિશ્વાસુ અને સુશીલ દાસી હતી. જે વખતે કમળકુમારી બહાર ફરતી હતી તે વખતે દૈવવશાત્ તે પણ જાગૃત થઈ, પલંગપર રાજકન્યાને ન જોવાથી બહાર આવી હતી. રાજકન્યાને પરપુરુષ સાથે વાત કરતી જોઇ તેને અતિ આશ્ચર્ય થયું અને શું વાત ચાલે છે તે જાણવાની તેને તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થઇ. તેથી તેણે છુપાઇને સર્વ વાત સાંભળી. સ્વધર્માભિમાની અને સ્વદેશાભિમાની પ્રતાપસિંહની પુત્રી કુલાંગાર માનસિંહના પુત્રપર શીદા થઈ છે એમ જોઈ તે સુશીલ દાસીને અતિ સંતાપ થયો. કારણ તેથી પોતાના માલિક પ્રતાપસિંહની સુકીર્તિને કલંક લાગવાનો સંભવ હતો. જગત્સિંહને પહેરેગાર કને પકડાવવાનો વિચાર પણ તેણે કર્યો હતો, પરંતુ એમ કરવાથી પોતાની સ્વામિની—કમળકુમારીની આબરૂને મોટો ધક્કો લાગશે એમ ધારી તેણે તે કામ પડતું મૂક્યું. જે ચીઠ્ઠી જગત્સિંહે રાજકન્યાને આપી હતી તે તેની પાસેથી પડી ગઇ હતી અને આ વૃદ્ધ દાસીને મળી હતી, અને તે તેણે પ્રતાપને આપી હતી. પછી શું બન્યું તે વાંચકને વિદિતજ છે.

(૩)

“ વિમલે ! શું જગત્સિંહ રમણબાગમાં આવ્યો છે ? ” મહારાણા પ્રતાપસિંહે પ્રશ્ન પૂછ્યો.

“ હા મહારાજ ! ”

“ તે તેં ક્યાંથી જાણ્યું ? ”

“ હું હમણાંજ રમણબાગમાં પુષ્પ વીણવાને માટે ગઇ હતી, તે વખતે રાજકન્યા અને જગત્સિંહ પરસ્પર વાત કરતાં મારી દ્રષ્ટિએ પડયાં અને તેથી હું ખબર આપવાને દોડતી આવી છું. ”

"લક્ષમાં રાખ. જો કાંઈ વાત અસત્ય ઠરશે તો મારી સાથે પાનાં પડેલાં છે હોં!" દાંત કચકચાવી અને ઓષ્ઠ દબાવી પ્રતાપસિંહજી બોલ્યા.

"મહારાજ! આપ મારી સાથે ચાલશો એટલે મારી વાત ખરી છે કે ખોટી તે તુર્ત આપના ધ્યાનમાં આવશે."

"ઠીક. ચાલ બતાવ, જોઉં તો ખરો."

એમ બોલી પ્રતાપસિંહ દાસીની સાથે રમણબાગ તરફ જવાને નીકળ્યા.

(૪)

"બાઈ સાહેબ, બાઇ સાહેબ, રાણાજી અહીંઆં આવે છે."

"અરે માડી! શું એ વાત ખરી છે? અરે દેવ! હવે હું શું કરૂં?"

"ધીર ધર પ્રિયે! ધીર ધર. એમ ગાંડા મનુષ્યની પેઠે શું વર્તન કરે છે?"

"નાથ! આજે આપણે જાણી બુજીને અગ્નિમાં ભુસ્કો માર્યો છે. હાય! હાય! હવે આપણી શી અવસ્થા થશે? આપના નાશનું કારણ હુંજ બનીને? હર હર! નિષ્ઠુર દેવ! આ અભાગિનીપર આ શું કઠિન પ્રસંગ આણ્યો?"

"દ્વાર ઉઘાડ! પિશાચિની, દરવાજો ઉઘાડ!"

પ્રતાપસિંહ બાગના દરવાજાપર લત્તાપ્રહાર કરીને બોલ્યા.

"હાય! નાથ! હે જીવિતેશ્વર! હવે મારી આબરૂની ધૂળધાણી થશે. હે જગદંબે! મારાપર આ શો પ્રસંગ?"

"ઉઘાડ જલદી. જારની સાથે ગુંજની વાતો કરવાનું જોઇએ છે કેમ?"

"નાથ! છુપાઓ! છુપાઈ જાઓ! આ પાણીના દેગડાંમાં ભરાઈ જાઓ. તમે છુપાશો તોજ મારી અને તમારી આબરૂનું સંરક્ષણ થશે.

"ઠીક" એમ કહીને કુમાર પાણીના ચરૂમાં છુપાઈ ગયો.

એટલામાં ભીમમૂર્તિ પ્રતાપસિંહે દરવાજાપર ભીષણ લત્તાપ્રહાર કર્યો એટલે તે તરત તુટી પડયો.

"ક્યાં છે તારો જાર? વંત્રી! બોલ જલદી."

"પિતાજી! આપ આ શું બોલો છો?" કમળકુમારીએ ધૈર્ય રાખી પ્રત્યુત્તર વાળ્યો.

"તો પછી તું અહીંઆં શું કરતી હતી? દરવાજો ઉઘાડતાં આટલી બધી વાર શા માટે લગાડી?"

"પિતાજી! હું સ્નાન કરતી હતી."

"એમ? ઠીક." પછી પ્રતાપસિંહ પોતાની સાથે આણેલા માણસ તરફ ફરીને બોલ્યા "આ ડાકણના યારને શોધી કાઢો. તે અહીંઆંજ કોઈ સ્થળે હશે."

માણસોએ પુષ્કળ શોધ કરી પરંતુ કોઈ પણ પુરુષ તેમને મળ્યો નહિ. પછી સંશય આવવાથી પ્રતાપે પાણીના ચરૂ તરફ આંગળી કરીને કહ્યું "આ પાત્ર શેનું છે?"

"ઠંડા પાણીનું." કમળકુમારી શાંતતાથી બોલી.

"એની નીચે અગ્નિ પ્રજવલિત કર. એ પાણી મારી સમક્ષ સારી રીતે ગરમ થવું જોઇએ."

કમલકુમારી મનમાં બોલી "હરહર! મારા હૈયાનો હાર આજે મારીજ દ્રષ્ટિ સમીપ અત્યંત ખરાબ રીતે મરણ પામવાનો અને મારી પણ આબરૂ જવાની." તેને અત્યંત શોક થયો, તોપણ તે અગ્નિ પ્રજવલિત કરવાના મિષથી પાણીના ચરૂની નિકટ ગઇ અને ધીમે સ્વરે બોલી "જીવિતેશ્વર! મારી આબરૂનું સંરક્ષણ કરવાને માટે—મારા પ્રતિના પ્રેમને માટે ચું કે ચાં ન કરતાં તમે આજ સ્થળે મૃત્યુવશ થાઓ. આ લોકમાં નહિ તો પરલોકમાં પણ નિઃસંશય તમારો અને મારો મેળાપ થશે. આપણને મળવાને માટે હું પણ સત્વરજ આવું છું."

રાણાની આજ્ઞાનુસાર અગ્નિ પ્રજવલિત કરવામાં આવ્યો. ધીમે ધીમે પાણી ગરમ થવા માંડયું. ઉષ્ણ પાણીની વસળ બહાર નીકળવા લાગી. ઘણો સમય વ્યતીત થયો તોપણ કાંઈ ચળવળ ન જણાવાથી મને વ્યર્થ સંશય આવ્યો છે એમ ધારી રાણાજી પોતાના તંબુ તરફ જવાને નીકળ્યા; પરંતુ બળતા દરવાજાની બહાર આવતાંજ તે વિશ્વાસુ દાસીનું શિર ધડથી વેગળું થયું. તેજ વખતે એક કિકિયારી સાંભળવામાં આવી. તે કિકિયારી કોની હતી? જગત્સિંહની.

વાંચક બંધુ! પત્યું. તે દિવસ પછી આ જગતમાં તે અભાગિની રાજકન્યા કોઈને પણ દૃષ્ટિગોચર થઈ નહિ.

(૩) એક અબળાનું વિલક્ષણ સાહસ.

ઈંગ્લાંડના રાજા પહેલા વિલીયમના વખતમાં 'કર્ફ્યુ બેલ' ની સ્થાપના કરવામાં આવી હતી. એ વાત ઈતિહાસવાંચકોના સ્મરણમાં હશેજ. તે ઘંટ (બેલ) વાગતાંની સાથેજ સર્વે જણે પોતપોતાના ઘરમાંના દીપક બુઝાવી નાંખવા એવો તે રાજાનો સખ્ત હુકમ હતો. તે સમયમાં ઈંગ્લાંડના લોકો લાકડાનાં ઘરમાં રહેતા હતા, તેથી રાત્રિનો દીપક સળગતો રહે તો આગ લાગવાનો સંભવ હોવાથી ઉપલો કાયદો પ્રચારમાં આવ્યો હતો. આ ઘંટ વાગ્યા પછી જો કોઈ પોતાનો દીપક પ્રજવલિત રાખતો તો તેને સખ્ત શિક્ષા થતી હતી. દરરોજ રાત્રિના આઠ વાગે તે ઘંટ વગાડવાનો ધારો હતો.

એક વખતે પહેલા વિલીયમે પોતાના સૈન્યના એક સિપાઇને કોઇ અપરાધને માટે મૃત્યુની શિક્ષા ફરમાવી અને જે વખતે 'કર્ફ્યુ બેલ' વગાડવામાં આવે તેજ વખતે તેને ગર્દન મારવો એવી આજ્ઞા કરી.

જે સિપાઈને આ શિક્ષા ફરમાવવામાં આવી હતી તેણે થોડા દિવસ પૂર્વે એક તરુણ સ્ત્રીની સાથે લગ્ન કર્યું હતું. આ સ્ત્રીએ જ્યારે પોતાના સ્વામીને થયેલી શિક્ષાની વાત સાંભળી ત્યારે તેને અત્યંત શોક થયો અને તે દિવસે ગમે તે યુક્તિ પ્રયુક્તિથી તે ઘંટ વાગવા ન-દેવો એવો તેણે દ્રઢ નિશ્ચય કર્યો.

પછી જે તુરંગમાં તેના પતિને રાખવામાં આવ્યો હતો ત્યાં તે ગઇ અને તુરંગના અમલદારોને પોતાના પતિને મળવા દેવા માટે ઘણી વિનંતિ કરી. પરંતુ તેનો એ હેતુ સફળ થયો નહિ. અંતે તે દુઃખી અબળા ‘ કર્ફ્યુ બેલ ’ વગાડનાર માણસની પાસે ગઇ. સુદૈવયોગે તે માણસ કાને બહેરો હતો અને તેની આંખે બરાબર સૂઝતું નહોતું. તે તરુણ સ્ત્રીએ તે માણસને તે રાત્રે ઘંટ ન વગાડવા માટે પુષ્કળ વિનવ્યો. તેને દ્રવ્યની લાલચ પણ બતાવી, પરંતુ તેથી તેનું મન ડગ્યું નહિ. પછી તે સાહસિક અબળાએ અંતિમ ઉપાય અજમાવવાની તૈયારી કરવા માંડી. તે તે માણસની નજર ચૂકવીને લોખંડની,સાંકળ-દ્વારા જે માળપર ઘંટ લટકાવેલો હતો તે માળપર ચઢી ગઈ અને સ્વસ્થતાપૂર્વક છુપાઇને બેસી રહી.

હવે ધીમે ધીમે રાત્રિની પ્રગતિ થવા લાગી. પાદશાહની આજ્ઞાનુસાર તે સૈનિકને બાંધીને તુરંગની બહાર ઉભો રાખવામાં આવ્યો અને ઘંટ વાગતાંની સાથેજ તેનો વધ કરવાની તૈયારી કરવામાં આવી. પણ આ શું ચમત્કાર ! તે રાત્રે ઘંટ કોઇના પણ સાંભળવામાં આવ્યો નહિ.

ઘંટ વગાડનાર નોકરે ઘંટની દોરી નિત્ય નિયમ પ્રમાણે ખેંચી હતી. પરંતુ તે બધિર હોવાથી ઘંટ વાગે છે કિંવા નહિ તે તે સાંભળીને જાણી શક્યો નહોતો. કેટલીકવાર સુધી દોરી ખેંચીને ઘંટ વાગ્યો હશે એમ સમજી તે પોતાના આસનપર જઈ બેસી રહ્યો.

ઘંટ વાગવાનો વખત વ્યતીત થઇ ગયો. જોતજોતાં અર્ધો કલાક વહી ગયો. ત્યારે સૌને એમ લાગ્યું કે આ તે શો ચમત્કાર છે? અંતે સ્વતઃ શહેનશાહ પોતાના અનુચરો સહવર્તમાન જે દેવાલયમાં ઘંટ વગાડવામાં આવતો હતો તે દેવાલય આગળ તપાસ કરવાને આવ્યો. તપાસ કરતાં માલમ પડયું કે એક સુકુમાર તરુણ સુંદરી બે હાથવતી ઘંટને મજબૂત રીતે પકડી રહી લટકતી હતી. તેના નાજુક હાથ ઘર્ષણથી આરક્ત બની ગયા હતા. અહા! કેવો નિસ્સીમ પતિપ્રેમ! પતિપ્રેમને લીધે તેનો પ્રાણ બચાવવાને પોતાના પ્રાણની પણ દરકાર ન રાખતાં ઉદ્યુક્ત થયેલી અબળાનું આ કેવું અપ્રતિમ સાહસ! પછી તે તરુણ સ્ત્રીને નીચે ઉતારવામાં આવી ત્યારે તે શહેનશાહના ચરણે પડી ગદ્‌ગદિત કંઠે બોલી "રાજન્! મને શિક્ષા કરો, પરંતુ મારા પતિના અપરાધની ક્ષમા આંપી મારા સૌભાગ્યનું રક્ષણ કરો."

આ પ્રેમપૂર્ણ અને હૃદયદ્રાવક ભાષણ સાંભળી પાદશાહ વિલીયમનું મન પીગળ્યું. તેણે તેના પતિને માન સાથે મુક્ત કર્યો.

પ્રસંગ આવતાં એક સાધારણ અબળા પણ સબળા થાય છે તે આ ઉદાહરણપરથી સ્પષ્ટ રીતે સમજાય છે.

(૪) પહેરામણી.

પ્રથમ પરિચ્છેદ.

ભગવાન્ સહસ્ત્રરશ્મિ પોતાનાં પ્રખર કિરણોદ્વારા જગતને ત્રાહિ ત્રાહિ પોકરાવી રહ્યા છે. માલવણ આગળના સમુદ્ર કિનારાપરની રેતી એટલી તો તપ્ત થઈ હતી કે તેના પર પગ મુકતાંની વારમાં ફોલ્લો ઉઠે! આવા વખતે જાણી જોઈને ત્યાં કોણ આવે? મુંબ-

ઈની આગબોટ આવી જવાને બે કલાક વ્યતીત થઈ ગયા હતા; અને ઉતારૂ લોકો અગાઉથીજ બંદરની આસપાસ આવેલાં ઉતારાનાં સ્થાનમાં જઇ બેઠાં હતાં. બંદરના કિનારા પર તો પક્ષી સુદ્ધાં નહોતાં. કિનારાથી કેટલેક અંતરે દશ પંદર મોટી હોડીઓ નાંગરવામાં આવી હતી; પરંતુ તે પર પણ હાલ કોઈ ખલાસી દેખાતા નહોતા. તે બિચારા પણ છાંયડાવાળી જગ્યાએ જઇને બેઠા હશે! આવા વખતે બજારમાંથી સમુદ્રકિનારા તરફ આવતા રસ્તાપરથી કોઈ એક મનુષ્ય ઉતર્યો. આ મનુષ્યનો પોષાક સાદોજ હતો; પરંતુ તે પરથી તે ઘણા દિવસ સુધી બહારગામ રહ્યો હોય એવો ભાસ થતો હતો. આ મનુષ્યના હાથમાં છત્રી હતી. બજારમાં તો જાણે છાંયડાને લીધે છત્રી ઉઘાડવાની આવશ્યકતા રહેતી નથી, પરંતુ હમણાં તે સમુદ્રકિનારે ચાલતો હતો, તોપણ તેણે પોતાની છત્રી ઉઘાડી નહોતી. મારી પાસે છત્રી છે એવું તેને ભાનજ ન હોય એમ લાગતું હતું. તેની આવી ભ્રમિષ્ટના જેવી સ્થિતિ હોવાનું શું કારણ હશે? તે ગાંડો હશે? ના, ના, તે છેક ગાંડો તો નહોતો. તેના ચેરા તરફ જોતાં તેની ઉમ્મર ચાલીસ બેતાલીસ વર્ષની લાગતી હતી. શરીરે કદાવર અને રંગે શ્યામ હતો. તેની મુખમુદ્રાપર ક્ષણે ક્ષણે ફેરફાર થતો હતો. ક્ષણમાં તે પર દુઃખની છાયા આવતી તો ક્ષણમાં પુનઃ આશા ઉત્પન્ન થવાથી કે કોણ જાણે શા કારણથી આનંદનું તેજ ઝળકવા લાગતું; પરંતુ ક્ષણભર તે ટકી ન ટકી એટલામાં પુનઃ તે કાળી ઠીકરા જેવી થઈ જતી. ઘડીમાં તેની આંખ સ્થિર થઈ જતી અને જાણે હમણાંજ રડી પડશે કે શું એમ લાગતું. વળી તે વિચારનિમગ્ન થઈ વચ્ચે વચ્ચે દીર્ઘ નિઃશ્વાસ નાંખતો અને પોતાના મન સાથેજ બડબડતો. એવામાં તે ગૃહસ્થને ઠોકર વાગી ત્યારે તે શુદ્ધિમાં આવ્યો. તેણે આસપાસ અવલોકન કર્યું તો તે પોતાના ઘરની છેક નિકટ આવી

પહોંચ્યો છે એમ તેને જણાયું, આથી તે પોતાના ઘર તરફ જવાને વળ્યો. ત્યાંથી તેનું ઘર આશરે દશેક મીનીટના રસ્તાપર આવેલું હતું. ઘરનો આગલો દરવાજો પૂર્વ તરફ હતો અને તે પશ્ચિમ તરફથી આવતો હતો તેથી તે ઘરના આંગણામાંજ એક વૃક્ષની છાયા નીચે બે છોકરીઓ વાતો કરતી બેઠી હતી તે તરફ તેનું લક્ષ ગયું નહોતું.

આ બન્ને છોકરીમાંની એક લગભગ ૧૪ વર્ષની હતી. તે રંગે ગોરી અને રૂપે સુંદર હતી. તેનું લગ્ન થયું હતું. તેનું પિયરનું નામ શાંતા હતું અને સાસરામાં તેને સાવિત્રી કહેવામાં આવતી હતી. શાંતા ઉપલા ગૃહસ્થ—ગોપાળરાવના મામાની છોકરી હતી. બીજી છોકરી તેની પોતાની હતી. તેની ઉમ્મર વર્ષ બારની હતી. અને તે પણ રંગે રૂપે સુંદર હતી. તે અદ્યાપિ અવિવાહિતજ હતી. તેનું નામ ગંગુ હતું. ગંગુનું લગ્ન કરવાને માટેજ ગોપાળરાવ નોકરીપરથી રજા લઇને પોતાને ઘેર આવ્યો હતો. તેના મામાનું મૃત્યુ થયાને આજે ચાર વર્ષ થયાં હતાં. તેને થોડી જમીન હતી તે પર તેની પત્ની—ગોપાળ-રાવની મામી પોતાનું ગુજરાન ચલાવતી હતી. કોઈ કોઈ વખત ગો-પાળરાવ પણ તેને થોડી ઘણી મદદ કરતો હતો. શાંતાનું લગ્ન તેના પિતાની હયાતીમાંજ થયું હતું. તેનો પતિ આત્મારામ ઘણો સુશીલ અને સારા સ્વભાવનો માણસ હતો. તે અંગ્રેજી પાંચમા ધોરણ સુધી શીખ્યો હતો, પરંતુ તે નોકરી કરવાને માટે મુંબઈ અથવા બીજે કોઈ સ્થળે ન જતાં પોતાની જમીનની દેખરેખ રાખતો હતો અને તેની ઉપજપર સુખથી દહાડા કાઢતો હતો. તેનાં માબાપ પણ ઘણાં સારાં માણસ હતાં. આથી શાંતાને સાસરાનું કષ્ટ સહન કરવું પડયું નહોતું. ઉલટપક્ષે તેને સાસુપર માતા કરતાં પણ વિશેષ પ્રેમ હતો અને તેની સાસુ પણ તેને પેટની પુત્રીવત્ ગણતી. વળી પતિપ્રેમનો

અનુભવ પણ તેને મળવા લાગ્યો હતો અને તે વિષયમાં પણ તે ભાગ્યવાન્ હતી.

ગોપાળરાવ ઘરના દરવાજામાં દાખલ થયો એટલે બન્ને બાળકી એકદમ ઉભી થઇ અને પોતાના ઘરમાં ચાલી ગઈ. ગોપાળરાવે પગમાંના જોડા કાઢ્યા અને ઓટલા પરની ખુંટીપર પાઘડી કપડાં ભેરવ્યાં એટલામાં તો ગંગુ પાણીનો લોટો લઇને આવી. પછી તેણે હાથપગ ધોઇ એક ખુણામાં રાખેલા હુક્કાની નળી પકડી અને તેનો છેડો પોતાના મોંમાં લીધો; ચલમમાં તમાકુ ભરી પોતાની પત્નીને ઉદ્દેશીને મોટા સ્વરે કહ્યું "સાંભળ્યું કે? બે ચાર અંગારા તો લાવો!" રાધાબાઈ રસોડામાં હતી. પતિની આજ્ઞા સાંભળીને તે બે ચાર અંગારા લઇ બહાર નીકળી અને તે પોતાના સ્વામીની આગળ મૂક્યા. પણ તે પછી તે પાછી રસોડામાં ગઈ નહિ અને દિવાનખાનાનું બારણું પકડી ઉભી રહી.

દ્વિતીય પરિચ્છેદ.

પતિ પત્ની.

રાધાબાઇએ આણેલા અંગારા ચલમપર મૂકી ગોપાળરાવ ઓટલાપર મુકેલી ખુરશીપર બેઠા અને હુક્કો ગગડાવવા લાગ્યા. તેનો ચહેરો ખિન્ન હતો. અને તે જોઇને રાધાબાઇને પણ શોક થયો. આથી તેના–હૃદયમાંજ થોડી ઘણી આશા હતી તે નષ્ટભ્રષ્ટ થઈ ગઈ. તથાપિ એક વખત પોતાને કાને સાંભળી ખાત્રી કરી લેવી ઠીક, એમ સમજી તે ત્યાં ઉભી રહી હતી. પોતાનો પતિ હમણાં બોલશે, થોડી વાર પછી બોલશે એવી આશામાં ને આશામાં તે ઘણી વાર પર્યંત ત્યાં સ્તબ્ધ થઇને ઉભી રહી, પરંતુ ગોપાળરાવના મુખમાંથી એક શબ્દ પણ નીકળતો નહોતો. વાસ્તવમાં ગોપાળરાવનું ચિત્તજ સ્વસ્થ નહોતું. રાધાબાઈ ત્યાં ઉભી છે એ વાતનું તેને ભાનજ નહોતું.

રાહ જોતાં જોતાં આખરે રાધાબાઇને કંટાળો આવ્યો અને છેવટે તેણે પોતે પતિને ઉદ્દેશીને કહ્યું "પછી તે વાતનું શું થયું ?"

પત્નીના આ શબ્દો કર્ણપટપર અથડાતાંની સાથેજ ભાઈ સાહેબ શુદ્ધિમાં આવ્યા અને બોલ્યા "બીજું શું થવાનું હતું ? અગાઉ જેમ થયું હતું તેમ આ ઠેકાણે પણ થયું. પુત્રીના નશીબમાં શું લખ્યું હશે તેની કોને ખબર ?"

રાધાબાઈનું હૈયું ભરાઇ આવ્યું. તે ક્ષણભર સર્વથૈવ નિઃશબ્દ થઇને ઉભી રહી. કેટલેક સમય વ્યતીત થયા પછી તેણે પૂછ્યું "પણ તેણે કહ્યું શું ? કેટલી પહેરામણી માગે છે ?"

ગોપાળરાવ સંતપ્ત થઇને બોલ્યો "એને તે શું પહેરામણી કહેવી ? આપણા વખતમાં પણ પહેરામણી આપવાનો ચાલ હતો; અને જો તેટલી પહેરામણી લઇને તે પરણવાને તૈયાર હોય તો શું મારી ના છે કે ? પરંતુ એ પહેરામણી નથી, એ તો હુંડી છે, હુંડી ! સમજી ?"

"પણ તેણે કેટલું દ્રવ્ય માગ્યું ?"

"નારે, તેણે કાંઇ વધારે માગ્યું નથી ! તેણે આરંભમાંજ મને કહ્યું કે અમારે બીજાની પેઠે કાંઈ હુંડી લેવી નથી; પરંતુ છોકરીને માટે અમુક અમુક દાગીના ઘડાવો, તમારા જમાઇને અમુક રકમ આપો અને લગ્ન થયા પછી તેને મુંબઈમાંજ લઇ જાઓ; અને એને ભણીને ડૉકટર થવું છે, તે માટે એને અભ્યાસ કરાવો એટલે થયું ?"

આ ઉત્તર સાંભળી બિચારી ભોળી રાધાબાઇને લાગ્યું કે એમાં કાંઇ વધારે માંગ્યું નથી. તેથી તે બોલી "એમાં શું થયું ? કબુલ કરવું હતું ને ?"

"હેં ? શું કહે છે ? માત્ર દાગીનામાંજ રૂ. ૨૦૦૦) નો ખર્ચ છે ! અને ૧૦૦૦) રૂપીઆ રોકડા આપવા પડશે અને પછી જમાઇરાજ કોલેજમાં શીખવા લાગ્યા એટલે પ્રતિ માસે રૂ. ૧૦૦) નો ચાંલ્લોએ ચોંટશે, અને તે શિવાય લગ્નનો ખર્ચ તો જુદો ! આટલા બધા પૈસા મારે ક્યાંથી આણુવા ?"

રાધાબાઇ બિચારી નિરુત્તર થઇ.

ગોપાળરાવ મુંબઇમાં એક યુરોપીઅન વ્યાપારીની પેઢીમાં નોકર હતો. તેને સાઠ રૂપિયાનો પગાર મળતો હતો. ગંગુ તેની એકની એક છોકરી હતી. તે શિવાય તેને બીજું સંતાન નહોતું. તેને બીજાં એકાદ બે બાળકો થયાં હતાં, પરંતુ તે અલ્પ વયમાંજ મૃત્યુના મુખમાં જઇ પડયાં હતાં. દરમાસે સાઠ રૂપિયાનો પગાર સાંભળતાંજ કોકણુ પ્રદેશના લોકો ચકિત થઈ જતાં ! તેઓ એ પગાર સાંભળતાંની સાથેજ તેની શ્રીમંતાઇનો અંદાજ કાઢવા મંડી પડતાં. "બાર શૂન્યનું શૂન્ય અને બાર છકે બ્હોતેર. સાતસેંવીશ રૂપીઆ થયા એક વર્ષના. તેમાં બે માણસ ખાનારાં અને ત્રીજી એક છોકરી. તો પ્રત્યેક માણુસના પાંચને હિસાબે બે માણસના થયા દશ અને છોકરીના ગણ્યા અઢી એટલે ખાવાનો ખર્ચ થયો ચોખ્ખા રૂપિઆ સાડાબાર ! તોપણ જાણે આપણે પ્રત્યેક મહિનાના પંદર રૂપીઆ ગણીએ તો વર્ષના થયા ૧૮૦, હવે વર્ષની ઉપજમાંથી વર્ષનો ખર્ચ બાદ કરીએ તો બાકી રહે રૂપિઆ ૫૪૦. નિદાન પાંચસેં તો ખરાજ ? તો આજે દશ વર્ષ થયાં તમે નોકરી કરો છો તો ઓછામાં ઓછા પાંચહજાર રૂપિઆ તો તમારી પાસે શીલક હશેજ. હવે તમને શાની પરવા છે ? વળી તમારે એકની એક લાડકી પુત્રી છે, માટે હોંશથી પુરતા પૈસા ખરચીને તેનું લગ્ન કરો."

વાંચકબંધુ ! આ કોકણુસ્થ લોકોનો હિસાબ ક્યાં સુધી સત્ય છે તેનો અનુભવ તમારામાંથી ઘણા જણુને હશે. અને આ રીતે તમારી

શ્રીમંતાઈનો હિસાબ કરનારા ઘણા લોકો તમને મળ્યા હશે, એમ પણ હું ખાત્રીપૂર્વક કહી શકું છું.

ગોપાળરાવ મુંબઈની જે કંપનીમાં નોકર હતો, તે કંપની કાંઈ ઘણી મોટી નહોતી. ઑફીસના કારકુનો માત્ર ગણત્રીનાજ હતા તેથી પુત્રીના લગ્નને માટે તેને બે મહિનાની રજા મહા કષ્ટે મળી હતી. ગામમાં આવ્યા પછી તેને જ્યાં જ્યાં સાધારણ સારી રીતે શીખેલા છોકરા જણાઈ આવ્યા ત્યાં ત્યાં તેણે પ્રયત્ન કરી જોયો; પરંતુ ક્યાંય તેનું કાર્ય સિદ્ધ થયું નહિ. તે જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં હુંડી આડે આવતી હતી. રજાના દિવસ પુરાઈ જવા આવ્યા એટલે તો ગોપાળરાવ છેક નિરાશ થયો. છોકરો અંગ્રેજી ભણેલો ન હોય તોપણ સારા સ્વભાવનો અને ઘરનો સુખી હોય તો તેની સાથે પણ છોકરીનું લગ્ન કરવું એવા વિચારથી તેવાં સ્થળો પણ તેણે ઢુંઢી જોયાં. પરંતુ ત્યાંયે તેને સફળતા મળી નહિ. કારણ કે આ પ્રકારના લોકોની સમજ એવી હતી કે મુંબઈના લોકોની સાથે સંબંધ રાખવો શા કામનો ? એમની છોકરીને પાણીનો લોટો સુદ્ધાં તો ઉચકતાં આવડે નહિ, અને આપણે ત્યાં તો સવારના ચાર વાગ્યાથી રાત્રિના દશ પર્યંત એક સરખી રીતે કામ કરવાને ખડે પગે તત્પર રહેવું જોઇએ.

છોકરીના લગ્નનો યોગ તો ક્યાંય બેસતો નથી અને આ તરફ રજા તો પુરી થવા આવી, એટલે ગોપાળરાવ પત્થરનું અંતઃકરણ કરી સ્ત્રી તથા પુત્રીને માલવણમાંજ મુકીને મુંબઈમાં આવી પોતાની નોકરીપર હાજર થયો.

તૃતીય પરિચ્છેદ.

સંધ્યાકાળના આશરે ચાર વાગ્યા હતા. આ વખતે બે તરુણ મિત્રો ભરડામાં આવેલાં શ્રી દત્તાત્રયના દેવાલયથી કેટલેક અંતરે આવેલા એક ઘરમાંથી બહાર પડ્યા અને દેવાલય તરફ જતા રસ્તાપર

ચાલવા લાગ્યા. એકની વય પ્રાયઃ અઢાર ઓગણીસ વર્ષની હતી અને તેની ચર્યા જોતાં તે તીવ્ર બુદ્ધિવાન હશે એમ લાગતું હતું. બીજાની વય આશરે વીશ એકવીશ વર્ષની હતી. પ્રથમ જણાવેલા તરુણનું નામ શ્રીરંગ હતું અને તે થોડા વખતપરજ મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયો હતો. પૂર્વે તેનો પિતા ગાંધીની દુકાન ચલાવતો હતો અને તે વખતે તેની પાસે દ્રવ્ય પણ હતું, પરંતુ તેના વ્યાપારમાં પાછળથી ખોટ આવી અને તેનું સઘળું દ્રવ્ય ધસડાઈ ગયું, તેમજ તેનો ધંધો પણ ભાંગી પડ્યો. હમણાં તેના કુટુંબનું ગુજરાન જેમ તેમ ચાલતું હતું. તેને એકંદર ચાર પુત્રો હતા, તેમાંના ત્રણનાં લગ્ન તો પૂર્વે થઈ ગયાં હતાં. આ ત્રણે લગ્નપ્રસંગે કન્યાના પિતાએ અમુક અમુક દાગીના પહેરાવવા જોઇએ તથા જમાઇને અમુક પહેરામણી આપવી જોઇએ એવો તેનો નિયમ હતો અને તે નિયમને માન આપનાર વેવાઈ પણ તેને મળી આવ્યા હતા. પોતાની પુત્રીને સુખી કરવાના ઉદ્દેશથી માતપિતાએ તેને આ 'સુખી' કુટુંબમાં પરણાવી હતી, પરંતુ દુર્દૈવવશાત્ તેના કપાળમાં અતિ કષ્ટપ્રદ કામ કરવાનું ચોંટયું. ધીમે ધીમે તેના દાગીના પણ માર્ગે લાગ્યા. અને હાલ તેની સ્થિતિ અત્યંત રંક હતી, તોપણ તેને પોતાના ગત વૈભવનું એટલું અભિમાન હતું કે લોકોની આગળ તેનું વર્ણન કરી પોતાની વડાઈ હાંકવામાં તે મહાન ભૂષણ સમજતો હતો. ગોપાળરાવ અને તેની પત્ની વચ્ચે થયેલાં ભાષણ વિષે ગત પ્રકરણમાં અમે ઉલ્લેખ કર્યો છે. શ્રીરંગ અને આત્મારામ એ ઉભય સહાધ્યાયી હોવાથી તેમની વચ્ચે ઉત્તમ પ્રકારની મૈત્રી હતી. આજે તેઓ સહજ હવા ખાવાને માટે નીકળ્યા હતા. ચાલતા ચાલતા તેઓ જરીમરીના દેવાલયપર્યંત જઈ પહોંચ્યા. રસ્તાપરથીજ દેવીને નમસ્કાર કરી તેઓ જમણા હાથ તરફ વળ્યા અને વક્ર રસ્તો પસાર કરી ડુંગરની તળેટીપર આવી પહોંચ્યા. ત્યાં આગળ બેસી તેઓ પરસ્પર વાત કરવા લાગ્યા.

"કેમ શ્રીરંગ! પછી તારા લગ્નનું શું થયું?"

"હાલ તેજ વાત ચાલે છે, પરંતુ આ કાર્ય સત્વર બનશે એમ કાંઇ જણાતું નથી."

"કેમ વારુ? તારા જેવા સુશિક્ષિત તરુણને માટે તો માગાંપર માગાં આવવાં જોઇએ. અને આ તું શી વાત કરે છે?"

"પરંતુ મારા પિતાની માગણી કબુલ કરવાને કોઈ તૈયાર થાય ત્યારે ને? પેલે દાહાડે મુંબઇવાળા ગોપાળરાવ આવ્યા હતા, પરંતુ પિતાજીની માગણી કાંઈ તેનાથી કબુલ થઇ શકે?"

"એમ કે? ગોપાળરાવ તમારે ત્યાં આવ્યા હતા કે? બાકી, તારા પિતાની માગણીની વાત તો મારે કાને ઘણા દિવસથી પડી હતી. એવી માગણી ગોપાળરાવે કબુલ નહિ કરી તેમાં કાંઇ આશ્ચર્ય નથી. તે પ્રમાણિક ગૃહસ્થ છે. વ્યર્થ ગપ્પાં મારી પોતાનું કાર્ય સાધી લેનારા માણુસ નથી."

"ત્યારે તો ગોપાળરાવને તું ઓળખતો હશે, એમ જણાય છે."

"માત્ર હું તેને ઓળખું છું અને તે મને ઓળખે છે, એટલુંજ નહિ, પરંતુ અમારે તેની સાથે ઘણો ઘાડો સંબંધ છે. મારી સ્ત્રી તેના મામાની પુત્રી થાય છે, તે મુંબઇથી આવ્યા ત્યારથી તે પણ તેને ઘેરજ છે. ગોપાળરાવની કન્યા મહા ગુણવાન છે! ઘરના કામકાજમાં તો તે નિષ્ણાત છેજ, પરંતુ તેને થોડું ઘણું વાંચતાં લખતાં પણ આવડે છે. આજે સવારે ઘણા દિવસના અંતર પછી હું ત્યાં ગયો હતો. પરંતુ ગોપાળરાવ તમારે ત્યાં પણ આવી ગયા છે, એ વાત તો મેં હમણાં તારે મુખેજ સાંભળી."

"પછી તેનું કાર્ય ક્યાંય સધાયું નહિ?"

"નહિ! અદ્યાપિ તો સધાયું નથી. ગોપાળરાવ કાલે મુંબઈ જવાના છે. રજા પૂર્ણ થતાં તેમણે નોકરીપર હાજર થવું જોઇએ.

"ખરેખર, દિવસાનુદિવસ વખત ઘણો ખરાબ આવતો જાય છે. આપણા લોકોનું ભવિષ્યમાં કોણ જાણે શું થશે?"

"ખરાબ વખત આવતો જાય છે એમ બોલતા આપણે પોતે આપણું સત્યાંનાશ વાળવાને તત્પર થયા છીએ."

"તમારી વાત ખરી છે, પરંતુ એનો ઉપાય શો?"

"ઉપાય તો છે, પરંતુ તેને અમલમાં આણનારા માણસો જોઇએ છે."

"તે કોણ?"

"એક તો તું પોતે! અને તારા જેવા સુશિક્ષિત તથા સમજુ વરો."

"તારા બોલવાનો ભાવાર્થ હું સમજ્યો. કન્યાના બાપની પાસેથી પૈસા લઇ તેની સાથે લગ્ન કરવા માટે અમારે કદિ ઉભું રહેવુંજ નહિ એમ તમારૂં કહેવું છે ને?"

"હા! એમજ."

"તમારૂં કથન સત્ય છે. પરંતુ એમ કરવાથી માતપિતાની અવજ્ઞા થશે તેનું કેમ? અને માતપિતાની અવજ્ઞા કરવી એ મહત્પાપ છે એ તો તમે જાણો છોજ."

"ના, ના, એમ નથી. એવી રીતે વર્તવું એ માતપિતાની અવજ્ઞા નથી. પરંતુ જો તે અવજ્ઞા હોય તોપણ તેમાં પુણ્યજ છે, પાપ નથી."

"જાઓ, જાઓ. તમારો આ વિચાર મને પસંદ નથી."

શ્રીરંગનો આ ઉત્તર સાંભળી આત્મારામ આશ્ચર્ય પામ્યો. મારા કહેવા પ્રમાણેજ વર્તજો એવો કાંઇ આત્મારામનો શ્રીરંગને આગ્રહ નહોતો, પરંતુ તેના જેવો સુશિક્ષિત તરુણ પોતાના આ વિચાર પ્રત્યે સહાનુભૂતિ ધરાવશે એમ તેને અત્યાર પર્યંત લાગતું હતું; પરંતુ તેનો ઉપર્યુક્ત પ્રત્યુત્તર સાંભળી તેને અત્યંત ખેદ થયો; અને ક્રોધ પણ આવ્યો; પરંતુ પોતાનો ક્રોધ શમાવી તે નિરાશાયુક્ત સ્વરે બોલ્યો

"ભાઈરે! તું મારા કહેવા પ્રમાણેજ વર્તવાનું સાહસ કરશે એમ તો મને પ્રથમથીજ લાગતું નહોતું પરંતુ આપણી આ અવનતિના પંથપર ચાલતી સમાજને આ હુંડીના રિવાજમાંથી મુક્ત કરવા માટે સૂચવેલા ઉપાય પ્રત્યે તું સહાનુભૂતિ ધરાવશે એમ મને અત્યાર સુધી લાગતું હતું. પરંતુ હવે તો તારાં આ વર્તનથી હું સર્વથૈવ નિરાશ થયો છું. માતાપિતાની અવજ્ઞારૂપી પાતળા પડદામાં તું તારી લોભપરવશતા છુપાવવાનો પ્રયત્ન કરશે એવી કલ્પના મને સ્વપ્નમાં પણ આવી નહોતી. એના કરતાં જો તેં એમ કહ્યું હોત કે "તમારો વિચાર મને પસંદ છે, પરંતુ માતાપિતાની અવજ્ઞા કરવાની હિમ્મત મારામાં નથી" તો ખરેખર તેથી મને અત્યાનંદ થયો હોત, અને આજે નહિ કાલે આ રામબાણ ઉપાય અમલમાં આણવાને એક માણસ પણ નિપજશે એવી આશા મારા મનમાં ઉત્પન્ન થઇ હોત. બાપુ! આપણા આ અભાગી જ્ઞાતિસમાજની અધોગતિ થવી જોઇએ એવો ઈશ્વરી સંકેતજ હશે તો તેમાં તારો અને મારો શું ઉપાય? જે ભાગ્યમાં હશે તે બનશે."

આટલું બોલી આત્મારામે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો અને તે ઉભય ત્યાંથી ઉઠયા. તેઓ રસ્તે એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના પોતપોતાને ઘેર ગયા.

ચતુર્થ પરિચ્છેદ.

ગોપાળરાવ મુંબઈ આવી પોતાની નોકરીપર હાજર થયા. પોતાની પુત્રીનાં લગ્ન કરવાની ચિંતાને લીધે તે દિવસાનુદિવસ ક્ષીણ થતા ચાલ્યા. તેમનો આહાર દિનપ્રતિદિન ન્યૂન થવા લાગ્યો. આખી રાત્રિની રાત્રિ નિદ્રા વિના વ્યતીત થવા લાગી. એવામાં તેની ઑફીસનો કેશીઅર રજાપર ગયો. તેની ગેરહાજરીમાં તેની જગ્યા સંભાળે એવો કોઇ પણ સખ્સ તે ઑફીસમાં હતો નહિ, તેથી તે કામપર તેનીજ નિમણુંક થઈ. આ જગ્યાપર તે નિયુક્ત થયો ત્યારપછી પ્રાયઃ દશેક દિવસ

પછી એક વ્યાપારી પોતાના બિલના પૈસા લેવાને માટે આવ્યો. આ વ્યાપારીને ૫૦) રૂપીઆ આપવાના હતા. આજે ગોપાળરાવની પ્રકૃતિ તે દિવસે બગડી હતી, કારણુ કે આગલી આખી રાત તેણે નિદ્રા વિના કાઢી હતી. તેને થોડા થોડા વખતને અંતરે ઉંઘનાં ઝોકાં પણુ આવતાં હતાં. આથી ઉંઘની ઝુમમાં ને ઝુમમાં દશ દશ રૂપીઆની પાંચ નોટ આપવાને બદલે તેણે સો સો રૂપીઆની પાંચ નોટ તેને આપી દીધી. દુર્દૈવે તે વ્યાપારી પણુ પ્રમાણિક નહોતો. તેણે નોટ પોતાના ખીસામાં નાખી અને તે બીલપર સહી કરી ગુપચુપ ચાલતો થયો. સંધ્યાકાળે રોકડ રકમ ગણી જોતાં આ ભૂલ તેના લક્ષમાં આવી, હવે ગોપાળરાવના મનમાં ધ્રાસ્કો પડયો. તરતજ તે પોતાના વરિષ્ઠ અધિકારી કને ગયો અને થયેલી હકિકત નમ્રતાપૂર્વક તેને કહી બતાવી. તે યુરોપીઅન અધિકારી અત્યંત દયાળુ હતો, તોપણુ આવડી મોટી રકમ તે કેમ છોડી શકે? વળી તેની કંપની કાંઈ બહુ મોટી નહોતી. ગોપાળરાવે પણુ તે રકમ માફ કરવાની તેને વિનંતિ કરી નહિ, કારણુ કે તેના મનમાં એવો વિચાર આવ્યો કે હું રજા ભોગવીને નોકરી-પર ચઢયો ત્યારે મેં મારી સ્થિતિ સાહેબને કહી છે આથી જો હું તેને આ રકમ માફ કરવાની પ્રાર્થના કરીશ તો તેને કદાચ મારાજ પ્રમાણિકપણુા વિષે શક આવશે.

તથાપિ ગોપાળરાવની પ્રમાણિકતા વિષે તે અધિકારીની ખાત્રી હતી. ઘણી વાર સુધી વિચાર કરી તે અધિકારી બોલ્યો "ગોપાળ-રાવ! આ પૈસા હું સર્વથૈવ છોડી શકતો નથી. તમે એ વ્યાપારી કને જાઓ અને જો પૈસા આપે તો લઇ આવો. જો તે વ્યાપારી પૈસા નહિજ આપે તો એ રકમ પુરી ભરાઇ રહે ત્યાં સુધી હું તમારા પગારમાંથી દર માસે રૂ. ૧૦) કાપી લઇશ. તમે અમારી કંપનીના જુના નોકર છો અને તમારી પ્રમાણિકતા વિષે અમને સંપૂર્ણ ખાત્રી

છે. તમને આ રકમ ભરી આપવી ભારે ન પડે એટલા માટે હું તમને દર માસે રૂ. ૭૦) નો પગાર આપીશ. આથી દર માસે તમારા પગારમાંથી દશ રૂપીઆ વસુલ થશે અને તમને અગાઉના જેટલો પગાર મળ્યા કરશે. ”

પોતાના અધિકારીની આ દયાળુતા માટે ગોપાળરાવે તેનો આભાર માન્યો, પછી તે તે વ્યાપારીની પાસે જવાને નીકળ્યો. તેને મળી તેણે બનેલી હકિકત કહી સંભળાવી, અને કૃપા કરીને મારા પૈસા મને પાછા આપો એવી પ્રાર્થના કરી, પરંતુ તે તો પાકો ચીનનો શાહુકાર હતો એટલે ગોપાળરાવને તે દાદ શાની આપે? તેણે અગાઉથીજ દશ દશ રૂપીઆની પાંચ નોટો પોતાના ગજવામાં રાખી મૂકી હતી. ગોપાળરાવની હકિકત સાંભળી તે મહા પ્રમાણિકતાનો ઢોંગ કરી બોલ્યો “ રાવ સાહેબ, તે નોટો હજી સુધી મારા ખીસામાંજ છે. જો વધુ રકમની તે નોટો હોય તો ખુશીથી લઈ જાઓ. તમારા વધુ પૈસાને અમારે શું કરવા છે? ” એમ કહી તેણે પોતાના ગજવામાંથી નોટો કાઢીને બતાવી તો તે દશ દશ રૂપીઆની માલમ પડી! હવે ગોપાળરાવ બિચારો શું બોલી શકે?

તે નિરાશ થઇને ત્યાંથી નીકળ્યો. તેનું મન અતિ અસ્વસ્થ થઇ ગયું. એક પછી એક વિચાર તેના મનમાં આવવા લાગ્યો. તે આ પ્રમાણે વિચારનિમગ્ન થઈ બેશુદ્ધ અવસ્થામાં ચાલતો હતો એટલામાં એક મોટરકાર સામેથી ધમધમ કરતી આવી પહોંચી. આ મોટરકાર-ડ્રાઇવરે બે ત્રણવાર પોતાનું બ્યુગલ વગાડયું પણ તેનો ધ્વનિ વિચારગ્રસ્ત ગોપાળરાવના કર્ણપટપર અથડાઇ તેને શુદ્ધિમાં આણી શક્યો નહિ. જોતજોતાંમાં તે મોટરકાર છેક નિકટ આવી પહોંચી અને તેનો ધક્કો વાગવાથી ગોપાળરાવ ઉછળીને સામેની દુકાનની દિવાલ સાથે ધબ લઇને પછડાયો. તરતજ તેનો પ્રાણ તેનું શરીર છોડીને ચાલ્યો

ગયો. આ રીતે બિચારા ગોપાળરાવ અને તેના હૃદયરોગનો અંત આવ્યો. વરદક્ષિણાના દુષ્ટ રિવાજનો એક નિરપરાધી મનુષ્યભોગ થઇ પડયો. આપણા સમાજની પ્રાણાધિક થઇ પડેલી દ્રવ્યલાલસારૂપી રાક્ષસણીનો આ ભીષણ પ્રભાવ જોઇ કોને શોક નહિ થાય ? જો આ દુષ્ટ રિવાજનો અંત સત્વર નહિ આણવામાં આવશે તો તે આપણો સર્વેનો અંત આણશે. માટે પ્રત્યેક માણસે તેનું ગળું દબાવીને તેનો નાશ કરવાને પ્રવૃત્ત થવું જોઇએ. જો એમ નહિ કરવામાં આવશે તો આજે એક અને કાલે બીજો એ પ્રમાણે તે નિરંતર ભોગ લેશે. ગોપાળરાવના મૃત્યુના વર્તમાન માલવણમાં જઈ પહોંચ્યા. આ વર્તમાન સાંભળી ગોપાળરાવની મામી, તેની પત્ની અને શાંતાએ અતિશય આક્રંદ કર્યું. પરંતુ દુઃખાતિશયથી જાણે જરા પણ રૂદન કરી શકી ન હોય એવી એકલી ગંગુજ હતી ! તેને ખાત્રી થઈ કે મારા પિતાના મૃત્યુનું કારણ હુંજ બની છું. હવે શું કરવું તેનો નિશ્ચય તેણે સત્વર કરી લીધો.

ગોપાળરાવનાં મરણ પછી ત્રીજા દિવસની રાત્રીએ સર્વ જણ નિત્યનિયમ પ્રમાણે ભરઉંઘમાં પડયાં હતાં. આશરે એક વાગે ગંગુ પોતાની શય્યાપરથી ધીમે રહીને ઉઠી. આ વખતે ચંદ્રપ્રકાશનાં કેટલાંક કિરણો છાપરાંનાં છિદ્રોદ્વારા ઘરમાં પ્રવેશ્યાં હતાં. ગંગા ઉઠીને ધીમે પગલે પોતાની માતાની શય્યા પાસે ગઈ અને તેને નમસ્કાર કર્યો. પછી તેણે શાંતા તરફ એકવાર જોઇને પોતાનાં નેત્રો તૃપ્ત કર્યાં ગોપાળરાવનો ફોટો ભીંતની સાથે લટકાવેલો હતો તે જો કે સ્પષ્ટ દેખાતો નહોતો તો પણ તેને ઉદ્દેશીને તેણે નમસ્કાર કર્યો અને પછી ધીમેથી દ્વાર ઉઘાડીને બહાર નીકળી. આંગણાંમાં આવી તેણે તુલસીને નમસ્કાર કર્યો અને તે બે હાથ જોડીને બોલી " હે મા ! ક્ષમા કરજે ! હું પિતૃઘાતિની ચાંડાલિની આજે મારાં આયુષ્યનો અંત આણનાર છું ! પિતાજીને મેંજ માર્યા છે. હવે હું મારી માતાના પ્રાણનો પણ વધ કરવાને જીવંત

રહેવા ઇચ્છતી નથી. મારી માતા અને શાંતા તથા સર્વે આપ્તોને તું સુખી રાખજે."

એટલું બોલી તેણે પુનઃ એક વાર તેને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યો અને પછી જલદી જલદી પગ ઉપાડી એક કૂવાની નિકટ આવી પહોંચી. તે કૂપની આગળ દોરડું તો હતુંજ અને એક પાષાણ પણ પાસે પડયો હતો. પાષાણની સાથે તેણે દોરડાંનો એક છેડો બાંધ્યો અને તે પાષાણને તેણે છેક કૂવાના કાંઠાપર મૂક્યો; અને બીજો છેડો તેણે પોતાની કમ્મરે બાંધ્યો. પછી કાંઠાપર ઉભી રહી તેણે પોતાની આંખો મીંચી અને એક વાર ઇશ્વિરસ્મરણ કરી કૂવામાં ભુસકો માર્યો.

થયું! પહેરામણીના દુષ્ટ રિવાજે આ બીજો બલિ લીધો.

---

(૫) ફ્રેઝરી બાબા.

મદ્રાસ ઇલાકાનું કડાપ્પા શહેર પ્રાચીન કાળથી સાધુ લોકોના નિવાસસ્થાન તરિકે પ્રસિદ્ધ છે. આ જીલ્લામાં સર્વત્ર સુંદર પર્વતો, અરણ્યો, ઝરાઓ, તથા તપોવનો હોવાથી પૂર્વ કાળમાં પણ પુષ્કળ તપસ્વીઓ ત્યાં રહેતા હતા; પરંતુ તેઓ સહસા સંસારી મનુષ્યોની દ્રષ્ટિએ પડતા નહોતા. પ્રાયઃ ત્રીસ પાંત્રીસ વર્ષ પૂર્વે એક સુશિક્ષિત, કુલીન, સદાચારી, અને પાપભીરૂ હિંદુ ડેપ્યુટી કલેકટર કાંઈ સરકારી કામને માટે આ જીલ્લાના મદનપલ્લી નામના એક સુપ્રસિદ્ધ ગામમાં ગયો હતો. ત્યાંથી લગભગ દોઢ માઈલપર કેટલાક નાના ડુંગરો હતા. એક દિવસ સંધ્યાકાળે ડે. કલેકટર સાહેબ પોતાના કેટલાક મિત્રોની સાથે હવા ખાવા નીકળ્યા એટલામાં એક પર્વતપર વહ્નિ પ્રદીપ્ત થયેલો હોવાથી ધુમ્રના ગોટેગોટ આકાશમાં જતા તેમને દ્રષ્ટિગોચર થયા. આથી તેમને અતિ આશ્ચર્ય લાગ્યું, અને એ શું ઘટના બની છે તે જોવાને માટે તેઓ તે પર્વત તરફ ગયા. તે પ્રદીપ્ત અગ્નિમાં ઉભા રહીને એક મહા પુરુષને તપ સાધન કરતાં તેમણે જોયો. આ પુરુષના હાથ ઘુંટણ પર્યંત લાંબા હતા. આ લોકો તેની નિકટ જઈ પહોંચ્યા એટલે તરતજ તે અગ્નિમાંથી કુદીને બહાર નીકળ્યો, અને પર્વત શિખરપર ચઢીને નાશી જવા લાગ્યો. ડે. કલેકટર સાહેબ એકદમ તેની પાસે ગયા અને તેમને ચરણે પડી કહેવા લાગ્યા "મહારાજ! અમારાં અહોભાગ્યથીજ આજે અમને આપનું દર્શન થયું છે. પર્વત કાનનાદિકને પાદસ્પર્શથી પવિત્ર કરવાં એ તો આપનું નિત્યકર્મ અને ધર્મજ છે, પરંતુ અમારાં સંસારી જનોનાં ઘર જો આપના ચરણથી પવિત્ર ન થાય તો પછી અમારો પાતકી જનોનો ઉદ્ધાર શી રીતે થશે?"

ડે. કલેક્ટરનો ઘણો આગ્રહ જોઇને સાધુ મહારાજ તેની સાથે જવાને તત્પર થયા. ડે. કલેક્ટરે બે દિવસમાં પોતાનું સરકારી કામ આટોપી લીધું અને તેને પોતાની સાથે લઇને કડાપ્પા ચાલ્યો ગયો.

આ સાધુની વય કેટલી હતી તેનું ચોક્કસ અનુમાન કરી શકાતું નહોતું. પરંતુ તેઓ પચાસ વર્ષથી વધારે ઉમ્મરના હતા એમ લાગતું હતું. અંગ્રેજી, ફારશી, અરબી, હિંદી, ઉર્દુ અને સંસ્કૃતાદિ ભાષા તેમને ઉત્તમ પ્રકારે આવડતી હતી. તેઓ લંગોટા મારતા હતા, અંગમાં કાળી કફની પરિધાન કરતા હતા, તેમના ગળામાં એક જાડી મજબુત પીતળની સાંકળ હતી અને હાથમાં એક ઘણી લાંબી લોખંડની જેષ્ટિકા હતી. તેમનું અંગ અતિ સ્થૂલ પણ નહોતું અને અતિ કૃશ પણ નહોતું એકંદરે તેઓ એક સુંદર પુરુષ હતા. તેમની ભાષાપરથી તે હિંદુસ્થાની હશે એવું લોકો અનુમાન કરતા હતા. એક દિવસમાં એક તોલો અફીણ, સોળ ચલમ ગાંજો, ત્રણ ચલમ ચડસ અને અનેક ચલમ તંબાકુ એ તેમનું વ્યસન હતું. એક દિવસ તો તેઓ બ્રાંડીની ૧૧ બાટલી પાણી નાંખ્યા શિવાય પી ગયા હતા; તથાપિ તેમનામાં નિશાનું ચિન્હ સુદ્ધાં દ્રષ્ટિગોચર થયું નહોતું. પરંતુ તેઓ ભાત નવટાંક કરતાં વધારે ખાતા નહોતા. તેમની કાંતિ તપ્ત સુવર્ણના જેવી દેદીપ્યમાન હતી. તે મોટા મોટા સર્પોને પકડી લાવતા અને તેમનાં મુખ પોતાના મુખમાં રાખી વિષપાન કરતા. દિવસે કે રાત્રે કોઇએ પણ તેમને ઉંઘતાં જોયા નહોતા. માત્ર દિવસે ભોજન લીધા પછી તેઓ આરામ ખુરશીપર હાથ પગ પ્રસારી અર્ધ કલાક પર્યંત ડોળા મીચી રહેતા.

સાધુ આવ્યાની વાત થોડા વખતમાં આખા કડાપ્પા શહેરમાં પ્રસરી ગઈ અને તેમનું દર્શન કરવાને માટે લોકોનાં ટોળાંનાં ટોળાં આવવા લાગ્યાં. દૂર દૂરનાં ઘણાં માણસો સ્ત્રી સંતાન સહવર્તમાન શ્રદ્ધાપૂર્વક તેમનું દર્શન કરવાને આવવા માંડયાં. જજ્જ, મૅજીસ્ટ્રેટ, પોલીસ

સુપરિન્ટેન્ડન્ટ, એન્જીનીયર, સિવિલ સર્જન, જમીનદારો, વ્યાપારીઓ, મુનસફ, વિદ્યા ખાતાના અધિકારી વગેરે મોટા લોકો પણ તેમનું દર્શન કરવાને પધારવા લાગ્યા. આ સર્વે લોકોની સાથે સાધુ મહારાજ શિષ્ટાચાર પ્રમાણે વર્તતા અને મિષ્ટ શબ્દોથી તેમની સાથે સંભાષણ કરતા, આથી થોડા વખતમાં તેઓ ઘણા લોકપ્રિય થઈ પડયા.

કડાપ્પા શહેરના જોઈન્ટ મૅજીસ્ટ્રેટ મહાશય ફ્રેઝર તે વખતે કંઈ કાર્યને લીધે બહારગામ ગયા હતા તેથી તેમણે માત્ર આ સાધુનું દર્શન કર્યું નહોતું. બહારગામથી પાછા આવ્યા પછી તેમણે કેટલાક સરકારી નોકરોના મુખથી આ સાધુ મહારાજની વાત સાંભળી, તેમજ બીજા લોકોએ પણ તેમને એ મહારાજ વિષે વાત કરી. આથી તેને જોવાની તેમને પ્રબળ ઈચ્છા થઈ. પરંતુ સરકારી કામનું દબાણ વિશેષ હોવાથી તેનાથી સાધુનું દર્શન થઇ શકયું નહિ. આઠેક દિવસ વ્યતીત થયા પછી એક દિવસ અકસ્માત્ સાધુની સાથે તેને વાટમાં મેળાપ થયો. ફ્રેઝર પોતાની પત્ની સાથે ફરવા નીકળ્યો તે વખતે પેલા ડેપ્યુટિ કલેકટર સાહેબ પણ સાધુ તથા પોતાના મિત્રોની સાથે હવા ખાવા નીકળ્યા હતા. અકસ્માત્ તેમનો સામસામે મેળાપ થયો. ફ્રેઝર બોલ્યો "ડેપ્યુટિ સાહેબ, આપને ઘેર કોઇ એક મોટા સાધુ પધાર્યા છે એવી વાત મારા સાંભળવામાં આવી છે. જો આ વાત ખરી હોય તો તેમનું દર્શન કરવાની મને પ્રબળ ઇચ્છા છે. આ તમારી સાથે આવ્યા છે તેજ તે સાધુ કે ?" ડેપ્યુટિ સાહેબ બોલ્યા "હા, તેજ એ સાધુ છે." પછી સાધુ તરફ ફરીને મહાશય ફ્રેઝર બોલ્યા "સાધુ મહારાજ ! સાધુ લોકોને ભૂત વર્તમાન અને ભવિષ્યની ખબર હોય છે એમ મેં સાંભળ્યું છે. તો મારૂં વિલાયત ગમન ક્યારે થશે એ આપ કહી શકશો ?" મહા પુરુષ બોલ્યા. "એક મહિનાની અંદર તમે વિલાયત જશો." ફ્રેઝર સાહેબ હસીને બોલ્યા "આપની મુલાકાત થયા પૂર્વે

આપના વિષે જે શ્રદ્ધા અને ભક્તિ મને ઉત્પન્ન થઇ હતી તે હવે નષ્ટ થઈ છે." પછી તે ડેપ્યુટિ સાહેબ તરફ ફરીને બોલ્યા "અમે સિવિલીયન લોક, અમે છ વર્ષ પર્યંત નોકરી કરીએ ત્યારે અમને છ માસની રજા મળે છે. મેં ગયે વર્ષેજ મારી છ માસની રજા ભોગવી લીધી. મને અહીંઆં આવવાને માત્ર દોઢજ મહિનો થયો છે. હવે બીજાં છ વર્ષ ભર્યા શિવાય રજા મળનાર નથી. તેમજ હાલ રજા ભોગવવાની મારી ઈચ્છા પણ નથી. તથા તેમ કરવાનું કાંઇ પ્રયોજન પણ નથી." પુનઃ તે સાધુ તરફ વળીને બોલ્યા "તમે વ્યર્થ બડબડ કરો છો. મને લાગે છે કે તમે ગાંડા છો." આ શબ્દો સાંભળતાંજ સાધુની આંખ ક્રોધથી આરક્ત થઈ ગઇ અને તે મહા પુરુષ સંતપ્ત થઇને બોલ્યા "ફ્રેઝર ! ફ્રેઝર ! યાદ રાખ કે હું ગાંડો નથી. આજથી એક મહિનાની અંદર તને અવશ્ય વિલાયત જવું પડશે. આ વાત તું ચોક્કસ સ્મરણમાં રાખ."

આટલું બોલી સાધુ મહારાજ ચાલવા મંડયા અને મૅજીસ્ટ્રેટ સાહેબ પણ હસતા હસતા પોતાની પત્ની સાથે પોતાના બંગલા તરફ ચાલતા થયા. ડેપ્યુટી કલેક્ટર અને તેમના મિત્રો ધાતા ધાતા પેલા મહાત્માની પાસે જઇ પહોંચ્યા. બે દિવસ પછી મહાત્મા કડાપ્પા નગર છોડી ગયા. તે ક્યાં ગયા તે કોઈ જાણતુ નહોતું. તેમણે ફ્રેઝર વિષે જે ભવિષ્ય ભાખ્યું હતું તે માત્ર સર્વેને યથાર્થ સ્મરણમાં રહ્યું હતું.

ઉપલી ઘટનાને ચૌદ દિવસ વ્યતીત થયા છે. ફ્રેઝર સાહેબ ન્યાયાસનપર બેસી એક મારામારીનો મુકર્દમો સાંભળતા હતા. ઉભય પક્ષની જુબાની લેવાઈ ગઇ હતી. વકીલોનાં ભાષણો પણ સંપૂર્ણ થયાં હતાં. હવે માત્ર ફેંસલો લખવાનો બાકી હતો. તે લખવાને માટે મૅજીસ્ટ્રેટ સાહેબે હાથમાં કલમ પકડી કે તરત તેમનો હાથ કંપિત થવા લાગ્યો. મહા કષ્ટથી તેમણે આઠ દશ પંક્તિ લખી, એટલે તેમની

છાતીમાં ભયંકર વેદના થવા લાગી અને કંઠમાં પાણીનો શોષ પડયો. એટલરે બરફ મિશ્રિત લેમોનેડ સાહેબને પીવાને આપ્યું. લેમોનેડ પીધા પછી મહા કષ્ટે તેમણે અર્ધો ફેંસલો લખી કાઢયો. પછી કાગળના ટુકડા કરીને ફેંકી દીધા અને ખુરશીપરથી ઉઠી કોટ, ઓવરકોટ, ખમીસ વગેરે સર્વ વસ્ત્ર કાઢી નાંખ્યાં અને સાવ નગ્ન થઈ ગયા. મુખથી ગાલિપ્રદાનની પુષ્પાંજલિ અર્પણ કરવા માંડી. આ પ્રકાર જોઇને કચેરીનાં સર્વ માણસો ભયભીત થયાં અને તેમના આશ્ચર્યનો તો પારજ રહ્યો નહિ. પછી તેમણે એકાદ મહાવીરની પેઠે ઉચ્ચ ન્યાયાસનપરથી નીચે ભુસ્કો માર્યો. અને નિકટજ ઉભા રહેલા એક પોલીસ સિપાઇને નિર્દયતાપૂર્વક મારવા માંડયો. રંક બિચારો સિપાઇ મારથી ત્રાસ પામીને રડવા લાગ્યો. નાજર, શિરેસ્તદાર વગેરે કારકુનો તેને છોડાવવાને માટે દોડી ગયા. તો તેમને સુદ્ધાં લત્તા પ્રહાર તથા મુષ્ટિ પ્રહારનો આસ્વાદ ચખાડવા માંડયો. તેઓ તદ્દન દિગંબર અવસ્થામાં કચેરીમાં આમથીતેમ દોડવા લાગ્યા. પછી સર્વેએ મળી તેમને પકડયા. અને તેમને એક ઠેકાણે બળાત્કારે બેસાડી રાખ્યા. એટલામાં ડિસ્ટ્રીકટ મૅજીસ્ટ્રેટ, જજ્જ, સિવિલ સર્જન, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ વગેરે યુરોપીઅન અમલદારો તે હકીકત સાંભળવાથી ત્યાં આવી પહોંચ્યા. તપાસ કરીને ડૉકટરે એવો અભિપ્રાય આપ્યો કે " એ એક જાતની ઘેલછા છે." ફ્રેઝરને તેના બંગલાપર પહોંચતો કરવામાં આવ્યો. દિવસાનુદિવસ તેનો રોગ વૃદ્ધિંગત થવા લાગ્યો. પછી ઔષધોપચારને માટે તેને મદ્રાસ મોકલવામાં આવ્યો. ત્યાંની ગાંડાની હોસ્પીટલના મોટા મોટા ડૉકટરોએ એવો અભિપ્રાય આપ્યો કે " જ્યાં સુધી એને વિલાયત લઇ જઇને ઔષધોપચાર કરવામાં ન આવે ત્યાં સુધી એ કદિ પણ સાજો થઇ શકનાર નથી. નિયમાનુસાર મદ્રાસ સરકારપર રિપોર્ટ મોકલવામાં આવ્યો, અને સરકાર તરફથી

ફ્રેઝરને વિલાયત જવાની રજા મળી. સાધુ સાથે વાર્ત્તાલાપ થયા પછી બરાબર અઠ્ઠાવિસમે દિવસે ફ્રેઝર પોતાની સ્ત્રી સહિત વિલાયત તરફ રવાના થયો. આ ચમત્કારિક ઘટનાની હકિકત આખા મદ્રાસ ઈલાકામાં જ્યાં ત્યાં પ્રસરી ગઇ.

વિલાયતના નિષ્ણાત વૈદ્યોના હાથથી જ્યારે ઔષધોપચાર કરવામાં આવ્યો ત્યારે ફ્રેઝર સાજો થયો. પછી તરતજ તેણે જગદ્વિખ્યાત ટાઇમ્સ” પત્રપર આ ઘટના સંબંધે એક પત્ર લખી મોકલ્યો. ફ્રેઝરનો પત્ર વાંચીને “ટાઇમ્સ” ના સંપાદકને અતિ આશ્ચર્ય ઉત્પન્ન થયું, અને એ ઘટનાની સત્યતા વિષે તેને સંશય પણ આવ્યો. તેથી તેણે તે પત્ર તરતજ પ્રસિદ્ધ ન કરતાં ફ્રેઝરને બોલાવી મંગાવ્યો. તેના મુખથી જ્યારે સર્વે હકિકત તેણે પુનઃ સાંભળી ત્યારે તેને તે ઘટના વિષે ખાત્રી થઇ અને પછી તેણે તે પત્ર પોતાના વર્તમાનપત્રમાં પ્રકટ કર્યો.

ફ્રેઝરની રજા પૂર્ણ થયા પછી તે પુનઃ હિંદુસ્થાનમાં આવ્યો અને તેની નિમણુંક કડાપ્પામાંજ થઇ. જ્યાં સુધી તે નગરમાં રહ્યો ત્યાં સુધી તેણે તે સાધુની પુષ્કળ શોધ કરી પણ તે ક્યાંય મળ્યો નહિ. અસ્તુ!

મદ્રાસ ઇલાકાના પુષ્કળ સંભાવિત ગૃહસ્થોના ઘરમાં આ સાધુનો ફોટો વિદ્યમાન છે અને લોકો તેને ‘ફ્રેઝરી બાબા’ ના નામથી ઓળખે છે.

(૬) સ્વદેશ પ્રીતિ.

Breathes there the man with soul so dead
Who never to himself hath said,
This is my own my native land.

Sir W. Scott.

અમેરિકામાં આવેલા સુપ્રસિદ્ધ ન્યુયોર્ક નગરથી તો સર્વ વાંચકો પરિચિત હશે. ત્યાંની સ્મિથસન નામની એક કંપનીનો અંડેડોરિયર નામનો એક નોકર ચિંતાગ્રસ્ત થઈ એક દિવસ પોતાના મકાનના દિવાનખાનામાં બેઠો હતો. તે ઘડીમાં ઉઠતો અને ફરવા લાગતો તથા ઘડીમાં પાછો બેસી જતો. આ રીતે તેણે એક સરખો ક્રમ ચલાવ્યો હતો. તે વખતની તેની ભ્રમિષ્ટના જેવી સ્થિતિ જોઇને કોઇને પણ આશ્ચર્ય થયા વિના રહેતું નહિ.

અંડેડોરિયર એક ભાગ્યવાન અને સુખી મનુષ્ય ગણાતો હતો; અમેરિકામાં આવ્યાને તેને બેજ વર્ષ થયાં હતાં. પરંતુ આટલા અલ્પ સમયમાં તેણે નાનાથી મોટા પર્યંત સૌનાં મન જીતી લીધાં હતાં. જો કે તેની વય નાની હતી તોપણ સ્મિથસન કંપનીમાં તે મોટા હોદ્દાપર હતો. લોકો તેને બહુ ચ્હાતા હતા. અને લોકો એમ કહેતા હતા કે પાછળથી તે પોતાની બુદ્ધિમત્તા અને કાર્ય કુશળતાથી સારી નામના કાઢશે.

સ્મિથસન કંપનીનો મુખ્ય અધિષ્ઠાતા મી. સ્મીથસન હતો. તે અંડેડોરિયરપર અતિ પ્રસન્ન હતો. એક વખત તેણે તેને પોતાને ઘેર જમવાને માટે આમંત્રણ કર્યું તે વખતે મી. સ્મીથસનની રૂપવતી કન્યા એરાની સાથે તેને ઓળખાણ થઈ અને ધીમે ધીમે એમની વચ્ચે સ્નેહ વધતો ગયો. કાળાંતરે આ વાત જ્યારે મી. સ્મીથસનના

કર્ણેપર પડી ત્યારે તેને અત્યાનંદ થયો અને તેણે ઉભયનું લગ્ન કરી આપવાની યોજના કરી. પરંતુ તેણે ડૉરિયરને જણાવ્યું કે સદાને માટે તમારે અમેરિકામાં રહેવું પડશે. વાંચકબંધુ ! એરા જેવી ગુણવતી, રૂપવતી સુંદરી જેને થોડાજ વખતમાં પ્રાપ્ત થનાર છે તે આજે ભ્રમિષ્ટની પેઠે ઉદ્વિગ્ન થઇને શા માટે ફરે છે? તેની વ્યાકુળતાનું કાંઇક સબળ કારણ હોવું જોઇએ. જો તેના ટેબલપર એક ખુલ્લો પત્ર પડયો છે તે તો તેના શોકનું કારણ ન હોય?

આ પત્ર તેના પિતાના તરફથી હમણાંજ આવ્યો છે, તેનો પિતા એક નિવૃત્ત સેનાપતિ હતો. તે પોતાના આયુષ્યના શેષ દિવસો ફ્રાન્સ દેશના એક નાના ગામડામાં નિર્ગમન કરતો હતો. અંડેડોરિયરે પોતાનો અમેરિકામાં સદા રહેવાનો વિચાર પિતાને જણાવ્યો હતો; તેનોજ ઉત્તર તેને આજના પત્રમાં મળ્યો છે. આ પત્ર નીચે પ્રમાણે છે:—

"પ્રિય પુત્ર !

તેં બાલ્યાવસ્થામાં એક વખત સૈન્યમાં નોકરી સ્વીકારવાની ઇચ્છા પ્રકટ કરી હતી; પરંતુ તે વખતે તારી વય છેક નાની હોવાથી તેમ કરવાની મેં તને પરવાનગી આપી નહોતી. કાળાંતરે તારી તે ઇચ્છા એમની એમ રહી અને તું તારા 'નશીબની પરીક્ષા' કરવાને માટે અમેરિકામાં ગયો. સુદૈવે ત્યાં તારો ભાગ્યોદય થયો, એ લખતાં મને અત્યાનંદ થાય છે. અમેરિકાના મારા જેટલા મિત્રો તરફથી મને પત્રો મળ્યા છે તે સર્વમાં તારી પ્રશંસાજ દ્રષ્ટિગોચર થાય છે. પરંતુ અધિક દ્રવ્ય અને મોટો અધિકાર મેળવવાની તથા એરા જેવી એક સધન ગૃહસ્થની એકની એક કન્યાનું પાણિગ્રહણ કરવાની અનિવાર્ય લાલસાને વશ થઇને તું સ્વદેશનો—સ્વજન્મભૂમિનો સદાને માટે પરિત્યાગ કરવાની ઇચ્છા જણાવે છે એ વાત ઠીક નથી. હું તારા આ આગ્રહને અનુમોદન આપી શકતો નથી.

અહીંઆં આવવાથી તને કષ્ટ થશે એ વાત ખરી; ફ્રાન્સના વતનીનું આદ્ય કર્તવ્ય ત્રણ વર્ષ પર્યંત પોતાના દેશના સૈન્યમાં નોકરી કરવી એ હોવાથી તને સૈનિક બનવું પડશે એ વાત પણ ખરી; તથાપિ, મારા પરમપ્રિય પુત્ર ! તું સ્વદેશ ત્યાગ કરીશ નહિ એવી હું પિતા તરીકે તને આજ્ઞા કરૂં છું માટે મારી આ આજ્ઞા પ્રતિ તું અવશ્ય લક્ષ આપ.

ભાઈ! આપણે ચાર દિવસ ઉદરનિર્વાહને માટે જ્યાં જઇએ છીએ તે કાંઈ સ્વદેશ નથી; પરંતુ જે દેશમાં આપણો જન્મ થયો હોય તેજ આપણો સ્વદેશ છે. તે દેશ પ્રત્યે અપ્રમાણિક થવું મનુષ્યને શોભતું નથી. શું તું સ્વદેશને માટે તન મન ધન અર્પણ કરવાને તૈયાર નથી ? શું તને તારા દેશનું જરા પણ અભિમાન નથી ?

બેટા, વધારે શું કહું ? તારો પત્ર વાંચતાંજ મારૂં હૃદય વિદીર્ણ થઈ ગયું. હાય ! ત્યારે શું તું જન્મભૂમિનો–સ્વદેશનો ત્યાગ કરશે ? આજ શું તારૂં સ્વદેશ પ્રત્યેનું કર્તવ્ય છે ? હાય ! આથી તો તું કર્તવ્ય-વિમુખ થયો કહેવાશે ! અરે ! તારા પિતામહે અને પ્રપિતામહે આજ ફ્રાન્સની ભૂમિના રક્ષણાર્થે રક્ત રેડયું છે, તે શું તું વિસરી ગયો છું કે ? અરે ! સ્વદેશને માટે શત્રુની સામે ઝુઝતાં ઝુઝતાં આ તારા પિતાની દેહ ખડ્ગ ચિન્હથી વિભૂષિત થઈ છે એ વાત તું વિસરી ગયો કે ? પ્રાણાધિક પુત્ર ! જાગૃત થા, આ વખતેજ જાગૃત થા. સ્વાર્થાંધ બનીને માતૃભૂમિ પ્રત્યે કૃતઘ્ન બનીશ માં. તારા જે પૂર્વજો સ્વદેશને માટે ઝુઝતાં સ્વર્ગે સીધાવ્યા છે તેનુંજ અનુકરણ તું કર અને મારા પવિત્ર કુળનું નામ દીપાવ. વીરોચિત મૃત્યુ પ્રાપ્ત થતાં સ્વર્ગીય સુખાસ્વાદ મળે છે. બાપુ ! એ સ્વર્ગીય સુખ તને હાલમાં મળતા ક્ષણિક સુખ કરતાં સહસ્રધા–લક્ષધા અધિક છે એમ નિશ્ચયપૂર્વક માનજે.

હું હવે વૃદ્ધ થયો છું, તોપણ ફ્રાન્સ દેશને માટે મારા પ્રિય

સ્વદેશને માટે હજી પણ પ્રસંગ આવતાં હાથપર મસ્તક લઇને યુદ્ધ કરવાને તૈયાર છું. ફ્રાન્સભૂમિ મારી જન્મદાત્રી છે અને હું તેનો પુત્ર છું.

લાડકડા! જ્યારે તું અમેરિકા જવાને નીકળ્યો ત્યારે મેં તને પ્રેમથી રજા આપી હતી, કારણ કે મને આશા હતી કે મારો એકનો એક પુત્ર આખરે પણ સ્વદેશ આવીને પોતાની સ્વભૂમિને ખાતર પોતાના પૂર્વજોની પેઠે ઝુઝશે, પોતાની માતાની કુખ ઉજ્વલ કરશે અને પોતાના કુળનું નામ દીપાવશે; પરંતુ હાય! હાય! આજે મારી તે આશા નષ્ટભ્રષ્ટ થઈ છે. બેટા, તારા નેત્રપર ચઢેલું સ્વાર્થપટલ દૂર કર, સાવધ થા અને સ્વકર્તવ્ય બજાવવાને કમર કસ.

છેવટે, મારી તને એવી આજ્ઞા છે કે તું સ્વાર્થાંધ થઇ માતૃદ્રોહ કરવાને કદિ પણ પ્રવૃત્ત થઇશ નહિ.

કમૅંડર ડૉરિયર.

પ્રિય વાંચક! ઉપલો પત્ર વાંચતાં તે યુવકના મનમાં કેવા કેવા વિચારો આવ્યા હશે? તે પોતાના મન સાથે બોલવા લાગ્યો:—

“હાય પિતાજી! તમે આટલા નિષ્ઠુર શા માટે બન્યા? જે સ્થળે મારા પ્રાણ કરતાં પણ અધિક પ્રિય વસ્તુ છે તે સ્થળનો ત્યાગ કરવાને હું શી રીતે તૈયાર થાઉં! એરા! પ્રાણપ્રિય એરા! તારા પ્રેમની સમક્ષ હું પૃથ્વીનું રાજ્ય સુદ્ધાં તુચ્છ માનીશ; કદિ પણ જેનો ભંગ નથી કર્યો એવી પિતાજ્ઞા પણ ઉલ્લંઘીશ; વધુ શું? પ્રાણનો પણ ત્યાગ કરવાને જરા આનાકાની કરીશ નહિ. એરા! લાવણ્યવલ્લી એરા! તારે માટે આજે હું પરમપૂજ્ય માતૃભૂમિ પ્રત્યે કૃતઘ્ન થવાને તથા પિત્રાજ્ઞાનું ઉલ્લંઘન કરવાને પ્રવૃત્ત થાઉં છું. હું જાણું છું કે આ મહત્પાપ છે, પરંતુ તારે ખાતર હું એ કરૂં છું. એરા! એરા! તું મારૂં જીવન સર્વસ્વ છે, મારો પ્રાણ છે, મારો આત્મા છે. પ્રિયા! તારા પ્રેમની સમક્ષ સ્વર્ગસુખને પણ હું તુચ્છ ગણું છું.”

અહા! જગત્‌માં પ્રેમ કેવી અજબ વસ્તુ છે! પ્રેમને આંધળો કહેવામાં આવે છે તે કાંઇ અસત્ય નથી. પ્રેમના મિષ્ટ આસ્વાદની કલ્પના તો માત્ર પ્રેમના અનુભવીનેજ આવી શકે, એક કવિવર્યે ઠીકજ કહ્યું છે કેઃ—

" ઇશ્ક કયા શય હય કિસી કામિલસેં પુછા ચાહીએ;
કિસ તરહ જાતા હય દિલએદિલસેં પુછા ચાહીએ."

* * * *

આજે વાદ્ય પ્રદર્શનનો દિવસ છે. નરનારીવૃંદ મુદિત થઇ ભિન્ન ભિન્ન વાદ્યો સાંભળતાં અહીંતહીં ફરે છે. સુંદરી એરા પણ પોતાના ભાવી પતિનો હાથ ગ્રહી ફરતી હતી.

પરંતુ અરે! આ શું હમણાં એકાએક આંડેડોરિયરના વર્તનમાં આવું વિલક્ષણ પરિવર્તન શી રીતે થયું? એનું કારણ શું હશે? અરે, અરે, તે અતિ શ્રદ્ધાથી અને એકાગ્રચિત્તે કયું ગાયન સાંભળે છે? ફ્રાન્સનું રાષ્ટ્રીય ગીત તો નહિ ને? હા તેજ!

એકાએક ડોરીયરને બાલ્યાવસ્થાની એક વાતની સ્મૃતિ થઇ. અનુભવથી તેનું કોમળ હૃદય દગ્ધ થયું. તેના નેત્ર યુગલમાંથી ટપ ટપ અશ્રુબિંદુ સરવા લાગ્યાં. આ રાષ્ટ્રીય ગીત સાંભળવાથી લશ્કરમાં દાખલ થવાની તેને સ્ફુરણા થવા લાગી. ફ્રાન્સનું રાષ્ટ્રીય ગીત સાંભળીને કયા ફ્રેંચનું હૃદય આનંદાતિશયથી ન ઉચકાય?

આંડે પોતાના મન સાથે બોલવા લાગ્યો "અરેરે! હું કેવો અધમ! પ્રેમને ખાતર—અરે ક્ષણિક સુખને ખાતર હું માતૃભૂમિ પ્રતિ કૃતઘ્ન થયો. હર, હર! મેં મારાં પવિત્ર કૂળને આજે કલંક લગાડયું. માતૃ ફ્રાન્સભૂમિ! મને ક્ષમા કર! ક્ષમા કર! અત્યાર પછી હું તારા પ્રત્યે કદિ પણ કૃતઘ્ન થઇને રહીશ નહિ. બસ મેં નિશ્ચય કર્યો છે! આજથી એરાના પ્રેમને, અમેરિકા દેશને અને વૈભવની અત્યુત્કટ

લાલસાને તિલાંજલિ આપું છું. હવે પછી, પ્રિયતમ સ્વદેશ! તારે ખાતરજ આ દેહ ઝુઝશે! પ્રસંગે રણકુંડમાં આહુતિ પણ આપશે અને પોતાના પવિત્ર કુળનું નામ દીપાવશે. અમેરિકા આ હું તને છેલ્લી સલામ કરૂં છું."

થયું. બીજે દિવસે અંડેએ અમેરિકાનો પરિત્યાગ કર્યો. ફ્રાન્સના રાષ્ટ્રીય ગીતના શ્રવણથી તેની મનોવૃત્તિમાં વિલક્ષણ પરિવર્તન થયું. આહા! સ્વદેશનાં રાષ્ટ્રીય ગીતમાં કેવો જાદુ છે! અસ્તુ!

---

(૭) સતી રોહિલાકુમારી.

યવનકુળતિલક અકબરે પોતાની અલૌકિક બુદ્ધિ અને શક્તિથી ચોતરફ મોગલ સામ્રાજ્ય ફેલાવી દીધું હતું. એના રાજ્યમાં પ્રજા સુખી હતી. તેજ મોગલ સામ્રાજ્ય અને તેજ સંતોષાનંદનો કાળના પરિવર્તનની સાથે નાશ થયો. અકબરની પછી થયેલા પાદશાહોની અદૂરદ્રષ્ટિ અને રાજ્યકારભાર ચલાવવાની અયોગ્ય પદ્ધતિને લીધે મોગલ સામ્રાજ્ય અસંતોષરૂપી અનલમાં દગ્ધ થયું. અકબરની પછી મોગલ સામ્રાજ્યની વૃદ્ધિ થવાનું તો દૂરજ રહ્યું પરંતુ ધીમે ધીમે તેનો ક્ષય થવા લાગ્યો. પાદશાહ અકબરની વિરાટશક્તિનું એક ઉજ્વલ કિરણ ભારત ઇતિહાસમાં ' રોહિલા ' નામથી અદ્યાપિ પ્રકાશે છે. નાદીરશાહના હલ્લા પછી મોગલોના ભયંકર અત્યાચારથી ત્રાસી ગયેલા રોહિલાઓએ એક આહિરના પુત્રને નેતા બનાવીને મુરાદાબાદમાં રોહિલાનું રાજ્ય સ્થાપન કર્યું. એક વખતે તેમનું વર્ચસ્વ એટલું વૃદ્ધિંગત થયું હતું કે અહમદશાહ અબદલ્લીની ખાસ ભલામણપરથી રોહિલા સરદાર નજીબ-ઉદ્દૌલા અને તેનો પુત્ર ઝબેતાખાન એ ઉભય દીલ્લીના રાજ્યસૂત્રના ચાલક બન્યા હતા. તેમનું અપૂર્વ બળ જોઇને દિલ્લીના પાદશાહને દાંતમાં આંગળાં ઘાલવાં પડયાં હતાં. પરંતુ શાહજાદા શાહઆલમથી આ પિતા પુત્રનું વર્ચસ્વ સહન થઈ શકતું નહોતું. તેણે પોતાના જમાઈ નજીબખાં અને દક્ષિણના મહા બળવાન મરાઠાઓની સાહાય્યથી આ રોહિલાઓને દીલ્લીમાંથી હાંકી કાઢ્યા. ત્યાર પછી અયોધ્યાના નવાબ સુજાઉદ્દૌલાએ મધ્યસ્થ રહીને પાદશાહ તથા રોહિલાઓ વચ્ચે સમાધાન કરાવી આપ્યું પરંતુ કેટલાક દિવસ પછી સુજાઉદ્દૌલાએ રોહિલાને ફરમાવ્યું કે " મરાઠાઓને પ્રતિવર્ષે આપવામાં આવતી ખંડણી તમે આપો,

નહિ તો રાજ્યમાંથી નીકળી જાઓ." રોહિલાઓ સ્વાભાવિક રીતે ટેકીલા હોવાથી તેમણે આ આજ્ઞા અમાન્ય કરી. ત્યારે સુજાઉદ્દૌલાએ પરમકારસ્થાની, કાર્યકુશળ ગવર્નર જનરલ વૉર્નહેસ્ટીંગ્સની સહાયતા માગી. વૉર્નહેસ્ટીંગ્સ તો પડતું ફળ ઝીલવાને એક પગે તૈયારજ હતો; તેણે શીઘ્ર જનરલ બર્કને સૈન્ય આપી રવાના કર્યો.

જો કે રોહિલાઓના પ્રતિસ્પર્ધીઓની સંખ્યા તેમના સૈન્ય કરતાં મોટી હતી તોપણ તેઓ જરા પણ ડગમગ્યા નહિ. તેમનામાં સ્વાભિમાન અને સ્વદેશાભિમાન ઓતપ્રોત ભરેલું હતું. તેમનો નેતા હાફેઝ રહિમત એક દુર્દમનીય અને અસાધારણ યોદ્ધા હતો. તે મહાવીર અસંખ્ય અંગ્રેજો અને ઇરાનીઓનાં બનેલાં સૈન્યને જોઇને પણ અચળજ રહ્યો. પોતાના મુઠીભર જ્ઞાતિબાંધવો સહિત સમરક્ષેત્રમાં 'મારૂં કિંવા મરૂં' એવો નિશ્ચય કરીનેજ તે ધીરોદાત્ત, વીરોત્તમ યુદ્ધ કરવાને તૈયાર થયો. પરંતુ અસંખ્ય શત્રુઓની સામે મુઠીભર રોહિલા કેટલી વાર ટકે ? ઇંગ્લીશ સૈન્યના ગોળીબ્હાર આગળ રોહિલા સૈનિકો એકદમ પતન પામવા લાગ્યા. તે છતાં પણ વીરપુંગવ હાફેઝ નિરાશ થયો નહિ. અદ્ભૂત વીરત્વ અને અદ્વિતીય ધૈર્યથી તેણે શત્રુઓને આશ્ચર્યચકિત કર્યા. રણમદથી છલકાઇ ગયેલા વીરે સેંકડો શત્રુનાં શિર ધડથી જુદાં કરીને ધૂળમાં રગદોળ્યાં, પરંતુ વિશાળ સેનાસાગરનો પ્રતિકાર મૂઠીભર સ્વદેશભક્તો શી રીતે કરી શકે ? તે છતાં પણ હજી રોહિલાઓ સંપૂર્ણ ધૈર્યથી યુદ્ધ કરતા હતા. પરંતુ અફસોસ ! તેમનું અનુપમ શૌર્ય, અતુલ ધૈર્ય અને અવર્ણનીય સાહસનો આ વખતે યત્કિંચિત્ પણ ઉપયોગ થયો નહિ. વીરશ્રેષ્ઠ હાફેઝ રહિમતે રણયજ્ઞમાં સ્વપ્રાણાહુતિ આપી. હવે રોહિલાઓની ધીર ખૂટી. દુર્દમનીય યોદ્ધા હાફેઝ રહિમત પતન પામતાંની સાથેજ શત્રુઓ તેનું મસ્તક કાપીને સુજાઉદ્દૌલાની પાસે લઈ ગયા. તે વખતે એક સૈનિક પોતાના હાથરૂમાલવતી ધૂળથી

મલિન થયેલું હાફેઝનું મસ્તક લુછવા લાગ્યો. આથી પિશાચ પ્રકૃતિ, નરાધમ સુજાઉદ્દૌલા તેના પ્રતિ બોલ્યો "આ પાપીનું શિર ધૂળથી મલિન થયેલું જોઇને મને આનંદ થાય છે. રૂધિરપ્રાશનને માટે તૃષિત થયેલી એ જાતીએ મારા પિતા, મારા વંશના માણુસો અને બીજા પાક મુસલમાનો પ્રતિ જે નિષ્ઠુરતા દર્શાવી છે તેનું સંપૂર્ણ વૈર વાળવાને આજે હું શક્તિવાન થયો છું."

અસ્તુ! રોહિલાઓ પૂર્ણ પરાભવ પામ્યા. સમરભૂમિનું વિશાળ મેદાન રક્તથી આરક્ત થયું. ગૃધ્રાદિ માંસાહારી પક્ષીઓ અપૂર્વ મેજબાની ઉડાવવાને પ્રવૃત્ત થયાં. વિજયમદથી ઉન્મત્ત થયેલા સૈનિકો લૂંટ કરી નિર્બળ જનસમૂહપર ભયંકર અત્યાચાર કરી પાપપુંજનો સંચય કરવા લાગ્યા. તેમનાં આ કૃપણુ કૃત્યથી વિજય ગૌરવ સદાને માટે કલંકિત થયું.

પતિવિરહ અને પિતૃવિયોગથી હાફેઝની પત્ની અને કન્યા ફાટે હૈયે રડતી હતી. તેમનો શોકાતિરેક જોઇને પાષાણુ પણુ મૃદુ થાય તેમ હતું; પરંતુ તે નરાધમ, ઉન્મત્ત ચાંડાળ સુજાઉદ્દૌલાને તેમની લેશ પણુ દયા આવી નહિ. હાફેઝની કન્યાનું–તે મુગ્ધ બાલિકાનું અનુપમ રૂપલાવણ્ય જોઇને સુજાઉદ્દૌલાના ઉન્મત્ત સૈનિકોએ માતાના પ્રેમમંદિરમાંથી તે રૂપવતી બાલિકાને છીનવી લીધી. તે વખતે હાફેઝની વીર પત્નીએ ગદ્દગદ્દ કંઠે પોતાની વ્હાલી કન્યાને ઉદ્દેશીને કહ્યું "બેટા, તું લક્ષમાં રાખજે કે તું સ્વદેશભક્ત હાફેઝની કન્યા અને ભવિષ્યકાલીન રોહિલા રાજકુમારની પત્ની છે! તે શિવાય અન્ય કોઇ પણુ તારો પ્રેમભોક્તા નથી. આ પાપી દુશ્મનોએ તારા પ્રતાપશાળી પિતાનું ખૂન કર્યું છે. તેમજ આપણા અનેક જ્ઞાતિબાંધવો તેમની અસિના ભોગ થઈ પડયા છે. સેંકડો રોહિલાઓ એમના બંદિવાન થયાં છે. બાળા! તેં રોહિલા માતાનું સ્તનપાન

કર્યું છે. આ સર્વે વાત ધ્યાનમાં રાખી તું વૈર લેજે અને દુઃખની પરમાવધિ થયા છતાં પણ મૃત્યુથી ડરીશ નહિ અને પ્રાણાંતે પણ "રોહિલા" નામને કલંક લગાડીશ નહિ. જો તારામાં કુલાભિમાન, સ્વાભિમાન અને જાતિ-અભિમાન હશે તો શત્રુના—અરે તેમના પીરના-હાથથી પણ તારો વાંકો વાળ થઈ શકનાર નથી. બેટા, હવે તું જા; પરંતુ આ તને કહેલી વાતો તારા હૃદય પર કોતરી રાખજે."

રોહિલાકુમારીની વય સત્તર વર્ષની હતી. તેની ઉંચાઈ મધ્યમ હતી, તેનું લાવણ્ય અનુપમ હતું, કાળી સર્પિણી સમાન કેશકલાપ, ચંદ્રતુલ્ય મુખમંડળ, બિંબફળસમાન અધરોષ્ઠ, સરલ નાસિકા, હરિણીસમાન ચક્ષુ, ગુલાબી ગાલ, સિંહકટી, નાજુક હસ્ત, ભ્રમર સમાન ભ્રકુટિ, એવાં લક્ષણોથી યુક્ત આ પ્રમદાને જોવાથી તે કોઇ માનવ નહિ પરંતુ સુરલલના હશે એવો ભ્રમ પેદા થતો હતો. જેવી તે સુસ્વરૂપ હતી તેવીજ તે સદ્‌ગુણી, સુજ્ઞ અને ધૈર્યવાન્ પણ હતી.

પિતાના જેવીજ તે અભિમાની હતી, તેના તરફ જોવાથી પુરુષના જેવી તેજસ્વિતા અને વીરતા તેનામાં વાસ કરતાં હશે એવો જોનારને ભાસ થતો હતો. હાફિઝે પોતાની આ કન્યાનો વિવાહ એક રોહિલા વીરપુરુષની સાથે કરવાની યોજના કરી હતી. પરંતુ ઈશ્વરની અગમ્ય લીલાથી હાફિઝનો આ મનોરથ પૂર્ણ થયો નહિ.

સ્વાતંત્ર્યસુખમાં વિલીન રહેલી વીર રાજકન્યા સ્વતંત્ર દેશની સ્વતંત્ર રમણી રોહિલાકુમારી પોતાના ભાવી પતિના વીરત્વની વાતો સંભારી ભાવી સુખની કલ્પના કરી ઉત્સાહ અને આનંદમાં કાલક્રમણ કરતી હતી. પરંતુ અફસોસ! વિજયને બદલે પરાજયના વર્તમાન તેના કાનપર પડયા. પિતૃવિયોગથી તેને અપાર દુઃખ થયું. તે નિરાધાર થઈ માના ખોળામાં માથું મુકી રોદન કરવા લાગી, માતા પણ તેની સાથે અશ્રુ સારવા લાગી. એટલામાં સુજાઉદ્દૌલાના કઠોર હૃદયના

અનુચરોએ મહાલયમાં પ્રવેશ કરી તેને સર્વદાને માટે તેની પ્રિય માતાથી દૂર કરી અને સુજાઉદ્દૌલાનું જનાનખાનું દીપાવવાને માટે તેને લઇને ચાલતા થયા.

આ સમયે સુજાઉદ્દૌલાને દિલ્લી દરબારમાં ઘણું માન મળતું હતું. દિલ્હીના પાદશાહનો તો તે જમણો હાથ હતો. તે જે કરતો તે સર્વમાન્ય ગણાતું હતું. ગૌરવ અને શક્તિમાં તે દિલ્હીશ્વર કરતાં જરાએ કમી નહોતો. અયોધ્યાના નવાબનો મહાલય આ સમયે વિલાસવૈભવથી પરિપૂર્ણ હતો. દાસ, દાસી, મશ્કરા, ગવૈયા આદિથી તે સદા ગાજી રહેતો હતો. પોતાના મહાલયમાં સ્વર્ગ સમાન સૌખ્યનો નિવાસ છે એમ રોહિલાકુમારીની દૃષ્ટિમાં આણી તેને વશ કરવાના પ્રયત્નમાં સુજાઉદ્દૌલા નિષ્ફળ થયો. નવાબે નાના પ્રકારે તેનું મન જીતી લેવાના અવ્યાહત પ્રયત્ન કર્યા; પરંતુ આ પવિત્ર રમણીના પ્રેમનો ભોક્તા થવાને તે ભાગ્યશાળી થયો નહિ. તે વખતે રોહિલા રમણી વીરત્વમાં અને સતીત્વમાં સર્વશ્રેષ્ઠ ગણાતી હતી. લોભ કિંવા ભીતિ બતાવવાથી તે પાતિવ્રત્યથી ભ્રષ્ટ થશે એવી આશા આકાશકુસુમવત્ નિષ્ફળ હતી. ભય અને લોભ એ ઉભય સાધનથી વશ કરવાને નવાબે પ્રયત્ન કર્યો, પરંતુ તે રમણી પાતિવ્રત્યથી પરાંઙ્મુખ થઈ નહિ.

પણ અરેરે! આ શું? આજ પર્યંત જે રમણી લોભ કિંવા ભીતિની યત્કિંચિત્ પણ પરવા ન રાખતાં પાતિવ્રત્ય રક્ષણાર્થે અપાર દુઃખ ભોગવતી હતી, તેજ સુંદરી આજે નવાબના મનની ઈચ્છા તૃપ્ત કરવાને તૈયાર થઈ છે! આજે નવાબનો આનંદ ત્રિભુવનમાં માતો નહોતો. શયનગૃહમાં આ સુંદર રમણીની વાટ જોતો, મનોરાજ્યરૂપી ગગનમાં અત્યુચ્ચ ઉડ્ડયન કરતો સુંદર પોશાકથી સજ્જ થઇને નવાબ સુજાઉદ્દૌલા બેઠો હતો અને ઘડીએ ઘડીએ દર્પણમાં પોતાનું રૂપ જોઈ મલકાતો હતો. વિલાસમય વસ્તુથી આખો મહાલય શૃંગારી દેવામાં

આવ્યો હતો. ચારે તરફ અનેક દીપકો પ્રકાશી રહ્યા હતા. એટલામાં રોહિલાકુમારી ઔદાસીન્ય દૂર કરી, સ્મિત હાસ્ય કરતી મૂલ્યવાન વસ્ત્રોમાં સજ્જ થઈ ત્યાં આવી પહોંચી. તેનું દર્શન કરતાં પાપિષ્ઠ નવાબના આનંદનો પાર રહ્યો નહિ.

"રોહિલાકુમારી! પાપિષ્ઠે! કુલકલંકિની! પવિત્ર માતાના શબ્દો વિસરી ગઇને? વિલાસ પ્રીત્યર્થે કુળને કલંક લગાડવાને તત્પર થઇને? ધિક્કાર! ચાંડાલિની! ધિક્કાર!"

પ્રિય પાઠક! આવાજ શબ્દો તારા મુખમાંથી નીકળશે. પરંતુ જરા થોભ! આટલીજ વારમાં રોહિલાકુમારીને દોષ દેવાને તત્પર થઇશ માં.

રોહિલાકુમારીનું ઉક્ત વર્તન જોઇને સર્વને અત્યંત આશ્ચર્ય લાગ્યું. 'અરે! અરે! આ શું? શું રોહિલાકુમારી પાતિવ્રત્યથી ચ્યુત થઈ? શું આજે સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગ્યો? રે શું પાષાણમાંથી કસ્તુરી ઉત્પન્ન થઈ? અરે આ થયું શું?' આવો કોલાહલ રાજમહાલયમાં સર્વત્ર થઈ રહ્યો.

ધીમે ધીમે રોહિલાકુમારી આવીને પલંગપર બેઠી, અને સ્મિત હાસ્ય કરીને નવાબની સાથે વાર્તાલાપ કરવા લાગી. તેણે પોતાનાં નેત્રકટાક્ષથી નવાબનું હૃદય વિદીર્ણ કર્યું. નવાબ કામવ્યથાથી વ્યાકુલ થયો, અને રોહિલાકુમારીને આલિંગન દેવાને આગળ ધસ્યો. ત્વરિતજ રાજકુમારીએ સૌમ્ય સ્વભાવને તિલાંજલિ આપી અને પોતાની પાસે સંતાડી રાખેલી તીક્ષ્ણ છુરી નવાબની છાતીમાં ઘોંચી દીધી.

"દુરાત્મા! પરસ્ત્રી અભિલાષાનું ફળ આવું હોય છે." રોહિલાકુમારીના આ શબ્દો બોલાઈ રહ્યા ન રહ્યા એટલામાં તો નવાબ નીચે પતિત થયો અને તેણે જોરથી એક મોટી ચીસ પાડી. અર્ધ ક્ષણમાં

નવાબના અનુચરોએ દોડી આવીને રોહિલાકુમારીના ટુકડેટુકડા કરી નાંખ્યા અને નવાબને ઔષધોપચાર કરવાને માટે બીજા ઓરડામાં લઈ ગયા.

ધીમે ધીમે આ વાત પવનની પેઠે પ્રચાર પામી ગઈ. નવાબનું સ્વાસ્થ્ય સુધરવાને બદલે બગડવા લાગ્યું અને ચાર માસની મુદતમાંજ તે પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવાને માટે આ લોક ત્યજી ગયો.

ભારત ઇતિહાસમાં આ વીરનારીનું નામ સુવર્ણાક્ષરથી અંકિત થયું છે. પવિત્ર રોહિલાકુમારીનું જીવનચરિત્ર ભારતીય રમણીઓને કેટલું બોધપ્રદ છે! રોહિલાકુમારીનો પવિત્ર આત્મા સ્વર્ગમાં ગયો તોપણ આ લોકમાં તેની સુકીર્તિ અમર છે.

(૮) જોયો લાભ ?

વર્ષ પ્રતિપદાનો દિવસ આપણા હિંદુઓનું મોટું પર્વ છે. તે દિવસે હું ગ્રાહકોની વાટ જોતો મારી દુકાનમાં બેઠો હતો. અગીઆર વાગી ગયા તોપણ કોઈ ગ્રાહક આવ્યું નહોતું. આથી હું કંટાળી ગયો અને દુકાન બંધ કરી ઘેર જવાની તૈયારી કરવા લાગ્યો. એટલામાં બે ઘોડાની એક ગાડી ધમધમ કરતી આવીને મારી દુકાનની સામે ઉભી રહી. તે ઉભી રહી ન રહી એટલામાં એક ચાકરે ગાડીનું બારણું ઉઘાડયું. તેમાંથી ત્રણ ગૃહસ્થો નીચે ઉતર્યા. તેમનો શ્રીમંતાઈ ભરેલો ઠાઠમાઠ જોઇ હું તેમની સામે ગયો અને તેમને નિયમ પ્રમાણે પ્રણામાદિ કરી દુકાનમાં લાવી ગાદી તકીએ બેસાડયા. કેટલીક વાર પછી એક ગૃહસ્થ બોલ્યો.

"આપનુંજ નામ બાબુરાવ કે ?"

મેં ઉત્તર આપ્યો "હા, શેઠજી !"

તે ગૃહસ્થ પુનઃ બોલ્યો "આપ અતિ પ્રમાણિકતાથી વ્યાપાર કરો છો એ વાત (સામે તકીઆ સાથે અડેલીને બેઠેલા ગૃહસ્થ તરફ આંગળી કરીને) ભાઉસાહેબ ઇનામદારને કાને આવ્યાથી એઓ આજે આપની દુકાનેથી કાંઇક ખરીદી કરવાને માટે આવ્યા છે. માટે હવે અમને જુદાં જુદાં સુગંધી અત્તરોના નમુના બતાવો."

આ વાત સાંભળતાંજ મને અત્યાનંદ થયો. પછી મેં તેમને નાના પ્રકારનાં ઉંચાં સુગંધી અત્તરો, રેશમી કાપડ, ઉંચી કાશ્મીરી શાલ વગેરે વસ્તુઓ બતાવી. હા ના કરતાં કરતાં તેમણે આશરે ૫૦ હજાર રૂપીઆનો માલ ખરીદ્યો. પછી ભાઉસાહેબ ઇનામદાર બોલ્યા "શેઠજી, તમે આ સર્વ માલ લઇને સંધ્યાકાળે રામેશ્વરના મંદિર પાસે આવજો. ત્યાંજ તમને આ સર્વ માલની કિમ્મત આપવામાં આવશે." એમ કહી ભાઉસાહેબે મારા હાથમાં એક ૫ હજાર રૂપીઆની નોટ આપી, અને તેઓ જવાને નીકળ્યા. હું પણ તેમને ગાડી સુધી વળાવવા ગયો. ગાડીમાં બેઠા પછી ભાઉસાહેબે પુનઃ એકવાર સંધ્યાકાળે માલ લઇ આવીને પૈસા લઇ જવાની સૂચના કરી. પછી તેમણે મારી રજા લીધી અને તેઓ ચાલ્યા ગયા. આજે મને રૂપિઆ પચ્ચીસ હજારનો ચોખ્ખો ફાયદો હતો, તેથી મારા દિલમાં તો હર્ષ સમાતો નહોતો. હવે આ ફાયદાપર તો મેં મારા મનોરાજ્યમાં અનેક તરંગો કરવા માંડયા. ઘેર ગયા પછી જેમ તેમ બે ગ્રાસ અન્ન ખાઇ હું શય્યાપર પડયો અને નિદ્રાની પ્રતીક્ષા કરવા લાગ્યો, પરંતુ કેમે કરી નિદ્રા આવતી નહોતી.

આખરે ચારનો અમલ થયો. હવે હું મારો ડ્રેસ પહેરી બહાર નીકળ્યો અને દશબાર મજુર કરી તેને માથે સામાનની ભરેલી પેટીઓ

મુકી રામેશ્વરના દેવાલય તરફ જવાને નીકળ્યો. જ્યારે હું તે દેવાલ-યની નિકટ આવી પહોંચ્યો ત્યારે મારી દ્રષ્ટિએ જે દેખાવ પડયો તે હું કદિ પણ વિસરી શકીશ નહિ.

વિજળીના દીપકો, ચિત્રવિચિત્ર રંગના તંબુઓ, મશરૂથી મઢેલી નાના પ્રકારની ખુરશીઓ, મેજો, કબાટો, પલંગો ઈત્યાદિ સામાન જોઇને હું તો એકદમ આશ્ચર્યચકિત થઈ ગયો. મનુષ્યોનો કોલાહલ, નાના બાળકોનો આક્રોશરવ, ગાનારી સ્ત્રીઓનો સુસ્વર આલાપ, હાર્મોનિયમ, ફોનોગ્રાફ ઈત્યાદિ વાદ્યોનો અવાજ, શ્વાનોનું ભસવું, અશ્વોનું ખુંખારવું, આ સર્વ પ્રકારના ધ્વનિથી તે સ્થળ સર્વાંશે ગાજી રહ્યું હતું. તે ઐશ્વર્ય અને તે ઠાઠ જોઇને હું તો વિસ્મિતજ થઈ ગયો.

થોડી વારમાં એક જણ મારી કને આવીને બોલ્યો "ઠીક, શેઠજી, તમે યોગ્ય સમયપર આવી પહોંચ્યા. આવો મારી પાછળ" પછી તે ચાકરો પ્રત્યે બોલ્યો "આ શેઠજીએ આણેલા સામાનને અંદર મુકો." ત્યાર પછી તે ગૃહસ્થ મને એક સુશોભિત તંબુમાં લઇ ગયો અને એક ખુરશીપર બેસાડયો. તે સ્થળે બીજા પણ પંદર વીસ વ્યાપારીઓ બેઠેલા હતા. આ વ્યાપારીઓની સાથે મેં અહીં તહીંનાં ગપ્પાં ઠોકવાનો પ્રારંભ કર્યો. અલ્પ સમયમાં ચાકર થોડી મીઠાઇ તથા થોડો મેવો લઇ આવ્યો અને બોલ્યો "ભાઉસાહેબ ઈનામદાર હમણાં પુરાણની કથા સાંભળવા બેઠા છે માટે હાલ તેમનો મેળાપ થઈ શકશે નહિ. તેઓ આવે ત્યાં સુધી આપ આ મેવો મિઠાઈ પ્રાશન કરો." અમે સર્વે જણે તે મેવા મિઠાઇપર ખૂબ હાથ માર્યો. થોડી વાર પછી મુનીમ સાહેબ અમને ભાઉસાહેબ કને લઈ ગયા. ભાઉસાહેબ અમને જોઇને બોલ્યા "શેઠજી! આવો, આ ખુરશીપર બેસો." પછી તે મુનીમજી પ્રત્યે બોલ્યા "હાલ આપણી પાસે કેટલી રોકડ રકમ છે?"

મુનીમ સાહેબ ઉત્તર આપવાને તત્પરજ હતા. તેઓ બોલ્યા "ત્રણ લાખ, છપ્પન હજાર ત્રણુસેં બે"

"અને બેંકમાં કેટલી રકમ છે?"

"નૅશનલ બેંકમાં પાંસઠ હજાર, ચાર્ટર્ડ બેંકમાં સત્તાવીશ હજાર, બૉમ્બે બેંકમાં ચોત્રીસ હજાર ત્રણુસેં બાવન, અને પંજાબ બેંકમાં પચાસ હજાર."

"ઠીક ત્યારે (મારા તરફ આંગળી કરી) એમને પચાસ હજારનો ચેક આપો; અને બીજા વ્યાપારીઓને પણ ચેકજ આપો."

"અને રોકડ આપો તો કેમ?" મેં પૂછવાનું શરૂ કર્યું.

"મને કાંઇ હરકત નથી; પરંતુ હમણાં રાત્રીનો વખત છે, માટે પૈસા સંભાળવા બહુ મુશ્કેલ થઈ પડશે, આજકાલ આ શહેરમાં ચોરોએ કેવી ધમાચકડી ઉરાડી મેલી છે, તે તો તમને વિદિત હશેજ. તેથીજ હું કહું છું કે—"

"કાંઈ વાંધો નથી; અમને ચેકજ આપો" અમે સર્વે જણ એકદમ બોલી ઉઠયા. પછી અમે ચેક લઇને ઘેર ગયા. હું પ્રાતઃકાળમાં વહેલો ઉઠી તે ચેક લઈ બેંકમાં ગયો. પરંતુ તે ચેક ખોટો છે એમ બેંકના મેનેજરે જણાવ્યું મેં તરત પોલીસને ખબર આપી. પોલીસે પુષ્કળ તપાસ કરી, પરંતુ તે સોનેરી ટોળીનો કશો પત્તો લાગ્યો નહિ. પ્રિય વાંચક! વર્ષ પ્રતિપદાને દિવસે અમને થયેલો આ લાભ જોયો?"

(૯) વિક્ષિપ્તરાવના જીવનચરિત્રમાંની કેટલીક મુખ્ય ઘટના.

પ્રિય પાઠક ! વિક્ષિપ્તરાવનું ચરિત્ર કેટલું રમણીય, કેટલું અસરકારક કેટલું આલ્હાદક અને હાસ્યરસથી ઓતપ્રોત ભરેલું છે. તે તેમનાં જીવનચરિત્રમાંની કેટલીક મુખ્ય ઘટનાઓપરથી સમજાશે. વિક્ષિપ્તરાવનું સમગ્ર ચરિત્ર લખી પ્રસિદ્ધ કરવાનો અમારો વિચાર હતો, પરંતુ તે ચરિત્ર એટલું બધું મોટું થઈ જવાનો ભય છે કે તે લખવાને માટે લેખકને સાત જન્મ ધારણ કરવા પડે. આ કારણથી દુર્દૈવે અમારે એ નાદ છોડી દેવો પડે છે. તોપણ તેમનાં જીવન ચરિત્રમાંની કેટલીક મુખ્ય ઘટનાઓ પ્રસિદ્ધ કરવાનું કાર્ય અમે માથે લીધું છે. માટે તે પ્રતિ લક્ષ આપવું એવી અમે સર્વ વાંચકોને પ્રાર્થના કરીએ છીએ.

જે રીતે નાટકમાંના વિદૂષકને જુદાં જુદાં નામો હોય છે, તે પ્રમાણે આપણા વિક્ષિપ્તરાવને તેમના આપ્તવર્ગ તરફથી ભિન્ન ભિન્ન નામાભિધાન પ્રાપ્ત થયાં હતાં. તેમની અક્કલની પરીક્ષા કરી કેટલાક તેમને “અક્કલના બારદાન” કહેતા હતા. કોઇ તેમનું મોટું પેટ જોઇને તેમને “લંબોદર પંત” કહેતા હતા. કોઇ તેમની વિચિત્ર કૃતિઓ જોઇને તેમને “મૅડ મામા” કહેતા હતા. કેટલાક તેમને “ફક્કડરાવ” કહીને બોલાવતા હતા. અને કેટલાક તેમનું વિલક્ષણ ભોળપણ જોઇને તેમને “ભોળાપંત” કહેતા હતા. પરંતુ અમે તેમના સર્વ ગુણોનું અવલોકન કરીને તેમને “વિક્ષિપ્તરાવ” નું નામાભિધાન અર્પણ કરીએ છીએ.

ઉપરની હકીકત પરથી હવે અમારા વાંચકોની ખાત્રી થઇજ હશે કે આપણા ચરિત્રનાયક વિક્ષિપ્તરાવ કાંઈ જેવા તેવા માણસ નહોતા.

બાર વર્ષની ઉમ્મરથીજ તેમણે ઇંગ્રેજી ભાષાનો પૂર્ણ બહિષ્કાર કર્યો હતો. "પાછળથી આપણું શું થશે" એ દશાક્ષરી મંત્રનો જપ કરવાની માથાફોડમાં પડવાની તેમને આવશ્યકતા પણ નહોતી. કારણ કે તેમની વડિલોપાર્જિત મિલ્કત પુષ્કળ હતી. આ મિલ્કતની વ્યવસ્થા કરવામાં વિક્ષિપ્તરાવનો જરા પણ સમય જતો નહોતો, કારણ કે તેમની પત્ની ચતુર, સદ્‌ગુણી અને સુશિક્ષિત હતી અને તેની મિલ્કતની સર્વ વ્યવસ્થા તેજ કરતી હતી.

એક વખત વિક્ષિપ્તરાવ ટ્રામમાંથી ઉલટી દિશામાં મોં કરી ઉતરવા ગયા તો તેમને સાડાત્રણ ગોલાંટ ખાઈ ધરણી માતાને સાષ્ટાંગ નમસ્કાર કરવા પડયા. થોડા વખતપરજ વરસાદ પડેલો હોવાથી રસ્તામાં જ્યાં ત્યાં પાણીજ પાણી થઈ રહ્યું હતું. તેથી આ વખતે વિક્ષિપ્તરાવના ફેશનેબલ ડ્રેસની કેવી સ્થિતિ થઇ હશે તેનો વાંચકેજ વિચાર કરી લેવો. આ વખતે વિક્ષિપ્તરાવ મનમાં તો બહુ લજ્જીત થયા, પરંતુ તેમણે સમયસૂચકતા વાપરી મોટેથી "વંદે માતરમ્" નો પોકાર કર્યો, એટલે સર્વત્ર હસાહસની પરાકાષ્ઠા થઇ રહી.

એક વખત કોઇ તેની છત્રી ચોરી ગયું. આથી તેમણે બીજી છત્રી વેચાતી લીધી અને તેનાપર રંગવતી "આ છત્રી જેની પાસે હોય તેને બેલાશક પોલીસે પકડવો" એવા શબ્દો લખ્યા. આ પ્રમાણે લખવામાં તેમનો હેતુ ચોરને સપડાવવાનો હતો. પરંતુ મુંબઈ શહેરની પોલીસ તે વિક્ષિપ્તરાવનો હેતુ શી રીતે સમજી શકે ? તે પોલીસના સિપાઇઓ ઉલટા વિક્ષિપ્તરાવને પકડીને પોલીસ ચોકીમાં લઇ ગયા. તેમણે ત્યાં ચાર કલાક પર્યંત ચાંચડ માર્યા, પછી એક ગૃહસ્થે મધ્યસ્થ રહીને તેમને પોલીસ ચોકીમાંથી છોડાવ્યા.

એક વાર બહાર સુકાવા નાંખેલું તેમનું ધોતીઉં કોઈ ચોરી ગયું. તેમને ખબર પડી ત્યારે તે હર્ષિત થઇને સર્વ લોકોની આગળ બોલ્યા

"સારૂં થયું કે મેં તે ધોતીઉં પહેર્યું નહોતું! બાકી સાળા ચોરોનો શો વિશ્વાસ? તેઓ કદાચિત્ ધોતીઆં સાથે મને પણ લઇ ગયા હોત!"

એક વાર નિદ્રા લેવાને માટે તેઓ માળપર ગયા. ત્યાં જતાં પોતે શા માટે આવ્યા છે એ વાતનું તેમને વિસ્મરણ થયું, તેથી તેમણે પોતાની પત્નીને હાંક મારી પૂછવા માંડયું "સાંભળ્યું કે? હું અહીંઆં શા માટે આવ્યો હતો વારુ?" તેમની પત્નીએ હસીને ઉત્તર આપ્યો "ઉંઘવાને માટે આવ્યા હશો?" આ શબ્દો સાંભળી "હા બરાબર!" એમ કહી વિક્ષિપ્તરાવ ઉંઘી ગયા.

એક વાર વિક્ષિપ્તરાવ તરવાને માટે સમુદ્રમાં પડયા. તેઓ ઉંડા પાણીમાં ગયા, પરંતુ તેમને તરતાં આવડતું નહોતું તેથી તેઓ ડૂબવા લાગ્યા. આથી કિનારાપરના લોકોએ દોડી જઇને તેમને બહાર ખેંચી કાઢયા. કિનારાપર આવતાંજ તેઓ કાનની બુટ્ટી પકડીને બોલ્યા કે "હવે જ્યાં સુધી સારી રીતે તરતાં આવડે નહિ ત્યાં સુધી પાણીમાં પડીશ નહિ."

---

(૧૦) પ્રેમને બદલે ફાંશી!

(એક લઘુ ડિટેકટીવ કથાનક).

શીઆળાની ઋતુ હતી. રાત્રિનો સમય હતો. ટાઢ તો કહે મારૂં કામ ! થોડા વખતપરજ ધડીઆળમાં આઠના ટકોરા થયા હતા. તોપણુ રસ્તાપર માણુસોની મોટી ભીડ જણુાતી નહોતી. આવી ટાઢમાં ધ્રુજતો ધ્રુજતો ઘરમાંથી બહાર કોણુ નીકળે ? હું ખોલીનું દ્વાર અડકાવી, પાસે પડેલી સગડી સળગાવી એક અંગ્રેજી પુસ્તકનાં પાનાં ઉથલાવતો ખુરસીપર બેઠો હતો. પરંતુ ખરૂં પૂછો તો મારૂં લક્ષ્ય વાંચવામાં જરા પણુ નહોતું. મારા મનમાં આ વખતે નાના પ્રકારના વિચારો ઘોળાતા હતા. આ વિચાર મારી સાંપ્રત ગૃહસ્થિતિ સંબંધે હતા. હું થોડાક દિવસ થયાં વિલાયતથી એલ. એમ. એન્ડ એસ. નું પૂછડું લટકાવી મુંબઈ આવ્યો હતો અને એક દુકાન ભાડે રાખીને ત્યાં સ્વતંત્ર દવાખાનું ખોલ્યું હતું. મને એમ લાગતું હતું કે મુંબઈ જેવા શહેરમાં ડૉકટરના ધંધામાં સારી પેદાશ થશે, પરંતુ મારૂં આ અનુમાન ખોટું ઠર્યું. મુંબઇ જેવા મોટા શહેરમાં હજારો ડૉકટરો હોય તો પછી મારા જેવા નૂતન ડૉકટરની પાસે કેટલા ગ્રાહકો આવી શકે તેની કલ્પના પાઠક શીઘ્રજ કરી લેશે. મારા નામને, મારી પદ્વીને તથા મારા ધંધાને છાજે તેવી રીતે રહ્યા વિના મારો છૂટકો નહોતો. અને પ્રાપ્તિ તરફ જોઇએ તો ન બોલવામાંજ નવ ગુણુ ! હવે આવી સ્થિતિમાં મારા મસ્તકપર કરજનો ડુંગર ચઢયો હોય તેમાં આશ્ચર્ય શું ?

પ્રિય પાઠક ! “ મારૂં આગળ શું થશે ? ” એ અષ્ટાક્ષરી મંત્રનો જપ મારા હૃદયમાં સદોદિત ચાલતો હતો અને આ વખતે પણુ તેજ મંત્ર ઘુંટાયા કરતો હતો. આ પ્રકારે કેટલોક વખત વ્યતીત થઇ ગયો

હશે તે તો ઇશ્વર જાણે, પરંતુ એટલામાં એકાએક મારી ખોલીનું દ્વાર કોઇએ ઉઘાડયું. હું તે તરફ દૃષ્ટિ ફેંકીને જોઉં છું તો મારી દૃષ્ટિએ એક મનુષ્ય પડયો. હું એકદમ વિચાર લહરિમાંથી જાગૃત થયો અને તેને નિહાળીને જોવા લાગ્યો. તે માણસ મને અપરિચિત લાગ્યો. હું તેને કાંઈ પૂછું એટલામાં તો તે પોતેજ બોલ્યો " ડૉકટર સાહેબ, માફ કરજો. મારે આપની સાથે કાંઇ ઓળખાણ નથી, તે છતાં પણ હું આપની ઓરડીમાં પરવાનગી શિવાય આવ્યો, તેથી કદાચ આપ મારાપર ક્રોધ કરશો; પરંતુ મારૂં કામ અતિ મહત્વનું—"

સામેની ખુરશી તરફ આંગળી બતાવી હું વચમાંજ બોલી ઉઠયો. " ત્યાં બેસો પછી તમારે કહેવું હોય તે હળવે રહીને કહો, મારાથી આપની જો કાંઇ સેવા બજાવી શકાશે તો હું તે ખુશીથી બજાવીશ."

તે પુરુષ બાવીસ ત્રેવીસ વર્ષનો સુસ્વરૂપ અને સશકત હતો. તેનો ડ્રેસ કીંમતી અને યુરોપીઅન ફેશનનો હતો. તે કોઈ શ્રીમંત ગૃહસ્થ હોય તેવો લાગતો હતો. તે ખુરશીપર બેઠો કે મેં તરતજ તેને પ્રશ્ન કર્યો " આટલી મોડી રાત્રે આપને મારૂં શું કામ પડયું! કોઇ બિમાર છે ?"

" હા."

" કોણ આજારી છે ?"

" હું પોતેજ."

" આપને શું થાય છે?" હું ઉઠીને તેની નાડી પકડીને બોલ્યો.

" કોઈ કોઈ વખત છાતીમાં દુઃખાવો થાય છે અને દમ થાય છે. મને લાગે છે કે હું થોડાજ વખતમાં મરણ—" તે નિરાશાથી બોલ્યો.

" છટ્! છટ્! ધૈર્ય છોડશો નહિ. રોગની પરીક્ષા કરીને હું આપને ઔષધ આપું છું. થોડાજ વખતમાં તમારો રોગ નિવૃત્ત થઇ

જશે" હું તેને ધૈર્ય આપવાના ઉદ્દેશથી બોલ્યો "મને જરા તમારી છાતી તપાસવા દો તો."

મારા કહેવા પ્રમાણે તેણે પોતાની છાતી ખુલ્લી કરી. મેં તેની છાતી ઘણી કાળજીથી પંદર–વીસ મીનિટ પર્યંત તપાસી પરંતુ મને તેના શરીરમાં કાંઇ રોગ હોય એવાં ચિન્હો જણાયાં નહિ. અંતે મેં તેને કહ્યું "આપને કોઇ પણ જાતનો રોગ નથી."

તે પોતાનાં ખમીસનાં બટનો પરોવતો બોલ્યો "ડૉક્ટર સાહેબ! ત્યારે વારુ મને આ પ્રમાણે શા માટે થાય છે?"

"ભ્રમને લીધે. આ સર્વ ભ્રમ–મિથ્યા ભ્રમ છે."

"થૅંક્યુ ડૉક્ટર!" એમ કહી તે ઉઠીને ઉભો થયો અને તેણે પોતાના પૉકેટમાંથી એક દશ રૂપિયાની નોટ કાઢીને મારા હાથમાં મૂકી.

દશ રૂપિઆ! એકદમ દશ રૂપિયા!! હું તો આશ્ચર્યથી દિગ્મૂઢજ બની ગયો. ઓળખાણ પિછાન વિના આ ગૃહસ્થ મારા ઘરમાં પ્રવેશ્યો, કોઈ પણ પ્રકારનો રોગ નહિ હોવા છતાં પણ મને પ્રકૃતિ સારી ન હોવાનું કહ્યું, અને જતી વખત એકદમ દશ રૂપિયાની નોટ આપી ગયો, ઈત્યાદિ પ્રકાર જોઇ મને અતિ વિસ્મય થયો. મેં તે નોટનો સ્વીકાર કરવાની સાફ ના કહી અને હું નમ્રતાપૂર્વક બોલ્યો "મહેરબાન સાહેબ! આ પૈસા મને શા માટે આપો છો?"

"એ પૈસા સ્વીકારવાની ના પાડશો નહિ." તે હસતો હસતો બોલ્યો "ઇશ્વરે મને પુષ્કળ દ્રવ્ય આપ્યું છે. હું જો ગરીબ હોત તો જુદી વાત હતી. આ પૈસા આપે જરૂર સ્વીકારવાજ જોઇએ. આપે તસ્દી લઇને મારી છાતી તપાસી તે માટે હું આપને આ અલ્પ બક્ષિસ ખુશીથી આપું છું. માટે તેનો અસ્વીકાર કરશો નહિ." આટલું બોલી તેણે બળાત્કારે તે નોટ મારા હાથમાં આપી અને "ગુડનાઈટ, ડૉક્ટર" એમ કહી તે ગાડીમાં બેસી ચાલતો થયો.

આ સર્વ પ્રકાર જોઇને હું તો સ્તંભિતજ થઇ ગયો. મને એકદમ દશ રૂપિઆ આપનાર સદ્‌ગૃહસ્થનું નામ પૂછી જોવાનું તે વખતે મને સૂઝયું નહિ.

(૨)

ધીમે ધીમે ઉક્ત ઘટનાને પાંચ છ મહિના વ્યતીત થઇ ગયા. એક દિવસ હું નિત્ય નિયમ પ્રમાણે ભોજનાદિ આટોપી લઇ એક પુસ્તક વાંચતો બેઠો હતો, એટલામાં કોઇએ મને બહારથી હાંક મારી. આ બૂમ સાંભળતાંની સાથે હું એકદમ ઉઠયો અને દરવાજા પાસે જઇ જોઉં છું તો ત્યાં મેં એક વિક્ટોરિયા ઉભેલી જોઇ. મને બહાર આવેલો જોઇને ગાડીવાને મને સલામ કરી અને તે બોલ્યો “ પાંચ છ માસ પૂર્વે એક ગૃહસ્થ આપની પાસે આવ્યો હતો અને આપને એક દશ રૂપિઆની નોટ આપી હતી એ વાતતો સ્મરણમાં હશેજ.”

મેં “ હા ” એવો ઉત્તર આપ્યો એટલે તરતજ તેણે પોતાના ખીસ્સામાંથી એક ચીઠ્ઠી કાઢીને મને આપી અને તે બોલ્યો “ તે ગૃહસ્થેજ આ ચીઠ્ઠી મને આપી છે.”

તે ચીઠ્ઠી ખોલીને મેં વાંચી તેમાં “ શીઘ્ર ગાડીમાં બેસીને આવો. વાટ જોઇએ છીએ.” એમ લખેલું હતું. મેં તરતજ કપડાં પહેર્યાં અને હું ગાડીમાં બેઠો. પ્રાયઃ અર્ધા કલાકમાં તે ગાડી એક બે મજલાના બંગલા પાસે આવીને ઉભી. હું તરતજ ગાડીમાંથી નીચે ઉતર્યો અને તે ગાડીવાનની સાથે પેલા ગૃહસ્થને મળવાને માટે ગયો. બીજા માળની પહેલી ઓરડીમાં મારો પ્રવેશ થતાંજ તે ગૃહસ્થ ખુરશી-પરથી ઉઠયો અને મારી સાથે સેકહેન્ડ કરી તેણે મને એક ખુરશીપર બેસવાને કહ્યું.

“ ડૉક્ટર સાહેબ ” તે બોલ્યો મેં આપને કાંઇક કાર્યને માટે બોલાવ્યા છે. કૃપા કરીને તે આપ ગુપ્ત રાખશો એવી મને પૂર્ણ આશા છે.”

" તે વિષે આપ જરા પણ ચિંતા કરશો નહિ. હું તે વાત સર્વથા ગુપ્ત રાખીશ. " મેં વિનયપૂર્વક ઉત્તર આપ્યો.

" જો કોઇ પોતાના શરીરને એકાદ ભાગ કપાવવાની ઇચ્છા કરે તો આપ તે કાપશો ? " તેણે પ્રશ્ન કર્યો.

" જો તે ભાગમાં અસાધ્ય વ્યાધિ હશે તોજ– " હું આ પ્રમાણે બોલું છું એટલામાં તે વચમાંજ બોલી ઉઠયો " પરંતુ જો કોઇ નિરોગી હોવા છતાં પણ કાપવાનું કહે તો ? "

આ વાકય સાંભળતાંજ હું ગભરાટમાં પડયો. મને લાગ્યું કે આ ગૃહસ્થ મારી મશ્કરી કરતો હતો. પરંતુ તેની મુખમુદ્રાપરથી તે ઠઠ્ઠા કરતો હોય એમ મને લાગ્યું નહિ. મેં અંતે ઉત્તર આપ્યો " શરીરના નિરોગી ભાગને કાપી નાંખવો એ ડૉકટરનું કર્તવ્ય નથી. "

" ડૉકટર સાહેબ, હવે હું આપને સર્વ વાત પ્રકટ કરીને કહું છું. હું કહું તે પ્રમાણે જો આપ મારો અંગુઠો કાપશો તો હું તમને ત્રણ હજાર રૂપીઆ આપીશ; સમજ્યા ? "

ત્રણ હજાર રૂપિઆ ? અરે આટલી મોટી રકમની તો મેં સ્વપ્નમાં પણ આશા રાખી નહોતી. આ ગૃહસ્થની ઉન્મત્ત મનુષ્યના જેવી વાત સાંભળીને હું તો સર્વથા આશ્ચર્યચકિત થઇ ગયો અને બોલ્યો.

" આપના અંગુઠામાં કાંઇ દર્દ છે કે ? "

" ના ના, જરા પણ દર્દ નથી. "

આ વાત સાંભળી મારા આશ્ચર્યમાં વૃદ્ધિ થઇ. મેં તેને પ્રશ્ન કર્યો " તો પછી આપ મારી પાસે અંગુઠો વ્યર્થ શા માટે કપાવો છો ? "

તે હસીને બોલ્યો " કૃપા કરીને એ વાત મને પૂછશો નહિ. "

" ત્યારે તો રોગ નહિ હોવા છતાં અંગુઠો કાપવો એ કાંઇ ડૉકટરનું કામ નથી સમજ્યા ? એમ કહીને હું જવા માટે ઉઠી ઉભો થયો.

"આપની મરજી. પરંતુ આપ ત્રણ હજાર રૂપિયા વ્યર્થ ગુમાવો છો હોં! હું મારી ખુશીથી મારો અંગુઠો કાપવાનું આપને કહું છું તો તેમ કરવામાં આપનું શું જાય છે? ઉલટપક્ષે તમને તો ત્રણ હજાર રૂપિયાની રકમ મળશે."

અંગુઠો કપાવવામાં તેનો કાંઈ દુષ્ટ ઉદ્દેશ હશે એવી મારા મનની ખાત્રી થઇ. પરંતુ દ્રવ્યનો લોભ કેમે કર્યો છૂટે નહિ. છેવટે મેં તેની વાતનો સ્વીકાર કર્યો અને મારા દવાખાનામાંથી શસ્ત્રોની પેટી લઈ આવ્યો. હવે તરતજ તે ગૃહસ્થે પોતાના ખીસામાંથી એક મૃત્તિકાનો અંગુઠો કાઢ્યો અને મને તે બતાવીને બોલ્યો "આની બરોબરજ કાપજો હોં!"

મેં તેના કહેવા પ્રમાણે તેનો અંગુઠો કાપ્યો. તેણે મને રૂપિયા ત્રણ હજાર આપ્યા. હવે હું તેની રજા લઇને ઘેર જવા નીકળ્યો, તે ગૃહસ્થ હસીને બોલ્યો "ડૉક્ટર, હવે તમે મને છેકજ ભૂલી જજો. આજની વાત જો તમે જગજાહેર કરશો તેની મને દરકાર નથી એમ કરવામાં માત્ર તમને પોતાનેજ નુકશાન છે."

તેના ઉપલા શબ્દો સાંભળીને હું ગભરાયો. તથાપિ મુખદ્વારા એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યા વિના હું તેના ઘરમાંથી બહાર નીકળ્યો. જતાં જતાં મારા મનમાં અનેક વિચારો આવ્યા અને મારી કૃતિનો પશ્ચાત્તાપ થયો, પરંતુ હવે બીગડી સુધરે તેમ નહોતું.

(૩)

ધીમે ધીમે ઉક્ત ઘટનાને એક વર્ષ વ્યતીત થઈ ગયું. હું નિત્ય નિયમાનુસાર પ્રાતર્વિધિ આટોપી એક દૈનિક વર્તમાનપત્ર વાંચતો બેઠો હતો. વાંચતાં વાંચતાં નિમ્ન લિખિત લેખ મારી દ્રષ્ટિએ પડયો:—

મરેલો મનુષ્ય જીવંત થયો.

બાર વર્ષ પૂર્વે મુંબઇના સુપ્રસિદ્ધ શ્રીમંત ગૃહસ્થ પરલોકવાસી આબાસાહેબનો એકનો એક પુત્ર કૃષ્ણરાવ નદીમાં ડૂબીને મરણ

પામ્યો એવી અફવા ફેલાઈ હતી. કૃષ્ણુરાવ વિવાહિત હતો. પુત્રના મરણુની વાત સાંભળી આબાસાહેબને અતિશય શોક થયો અને તે શોકના આઘાતથીજ થોડા દિવસમાં તે મરણ પામ્યા. તેમના મૃત્યુ પછી તેમની અઢળક સંપત્તિનો ઉપભોગ તેમની પત્ની લે છે. ચાર દિવસ પૂર્વે એક મનુષ્ય આબાસાહેબની વૃદ્ધ પત્ની કને ગયો અને 'હું પોતે કૃષ્ણુરાવ છું' એમ તેને કહ્યું, પરંતુ તે મનુષ્યને ઠગારો જણાવી ઘરમાંથી ધક્કા મારીને બહાર કાઢવામાં આવ્યો. આ માણસે 'મારા પિતાની મિલ્કત મને મળવી જોઇએ.' એવી ફરિયાદ આબાસાહેબની પત્નીપર કરી છે. આબાસાહેબના પુત્રનો અંગુઠો જરા વિચિત્ર પ્રકારનો હતો અને કહેતાં આશ્ચર્ય થાય છે કે આ મનુષ્યનો અંગુઠો તેને મળતો આવે છે. આ ચમત્કારિક મુકર્દમાનો અંત કેવો આવે છે તે પ્રતિ સર્વનું લક્ષ્ય લાગી રહ્યું છે.

ઉપલી હકીકત વાંચતાંની સાથેજ મારા કાળજામાં ધ્રાસ્કો પડ્યો. જે મનુષ્યનો અંગુઠો મેં કાપ્યો હતો તેજ મનુષ્ય નામધારી કૃષ્ણુરાવ છે એવી મારી ખાત્રી થઈ. મને મારા લોભીપણા માટે પશ્ચાત્તાપ થયો અને હું પાતકમાં ભાગીદાર થયો એટલા માટે મને અતિશય શોક થયો. પરંતુ ખરી વાત શી બની તે પ્રકટ કરવાની મેં દ્રઢ પ્રતિજ્ઞા કરી. તે નામધારી કૃષ્ણુરાવની પાસે જઇને "તારી ફરિયાદ પાછી ખેંચી લે અને તારા ત્રણુ હજાર રૂપિઆ પાછા લે" એમ કહેવાના ઉદ્દેશથી હું કપડાં પહેરી ઘરની બહાર નીકળ્યો. પરંતુ હું તેને ઘેર ગયો તો મને સંપૂર્ણ નિરાશા મળી. તે ગૃહસ્થે તો ઉલટો મને ગાંડો ઠેરવ્યો અને "મારે તમારી સાથે કદિ પણુ પરિચય થયો નથી" એમ કહી નોકર પાસે ધક્કા મરાવી મને બહાર કઢાવ્યો. હવે મેં આબાસાહેબની વૃદ્ધ પત્ની પાસે જઇને તેના ચરણુમાં મારૂં મસ્તક ધર્યું અને તેને સાદ્યંત ખરી હકીકત કહી સંભળાવી. આ વાત સાંભળીને તે સહૃદય હૃદય માતુશ્રીએ મારો ઘણોજ આભાર માન્યો.

(૪)

છેવટે આ બાબતમાં મેં બાબુરાવની સાહાય્ય લેવાનો નિશ્ચય કર્યો. બાબુરાવ મારો બાલમિત્ર છે. તે ઘણો હુશીઆર ડીટેકટીવ છે. આજ પર્યંત જે જે કામમાં તેણે હાથ નાંખ્યો હતો તે તે કામ સિદ્ધ થયા વિના બહુધા રહ્યાંજ નહોતાં. આ કારણથી તે નાનાથી લઇને મોટા પર્યંત સૌને પ્રિય થઈ પડયો હતો. તેના જેવો હુશિઆર ડીટેકટીવ મુંબઇમાં તો શું પણ સમસ્ત હિંદ દેશમાં મળવો મુશ્કેલ. હું જ્યારે તેની પાસે ગયો ત્યારે તે કાંઇક વિચારમાં નિમગ્ન થયો હતો. હું તેના ઓરડામાં ગયો કે તરતજ તે મને માન આપવાને માટે ઉઠયો અને આનંદથી બોલ્યો "તેજ તે!" હું તેના આ શબ્દો પ્રત્યે દુર્લક્ષ કરી બોલ્યો "બાબુરાવ! મારે એક બાબતમાં તમારી સાહાય્ય જોઇએ છે."

"હા, હું સમજ્યો. કૃષ્ણરાવની બાબતમાંજ ને?"

હું તેના આ શબ્દો સાંભળી આશ્ચર્યચકિત થયો, અને મેં તેને પૂછ્યું "એ વાત તમે કયાંથી જાણી?"

"ગમે તે રીતે! પણ મેં જાણી તો ખરી!"

પછી મેં તેને અથેતિ સર્વ હકિકત કહી. તે બોલ્યો "આપ જરા પણ ડરશો નહિ. અંતે સત્યનોજ જય છે."

આજે કેસ ચાલવાનો છે. કોર્ટમાં ઉભા રહેવાને માટે પણ જગા મળતી નથી.

મારી જુબાની લેવામાં આવી. મેં બીજી સર્વ સત્ય હકીકત કહી, પરંતુ એ ગૃહસ્થે મને અંગુઠો દુઃખે છે એમ કહ્યું તેથી મેં એનો અંગુઠો કાપ્યો એટલી જુઠી વાત કહી. પરંતુ ઉલટપાલટ તપાસમાં મારી રેવડી દાણાદાણ થઈ ગઇ. મારી જુબાનીનો જરા પણ ઉપયોગ થયો નહિ. કેસનો ચુકાદો વાદીની તરફેણમાં જાય એવો સંભવ જણાવા

લાગ્યો. ન્યાયાધીશે બપોરનું ભોજન લીધા પછી ફેંસલો આપવાનું ઠરાવ્યું. પ્રતિવાદીના પક્ષના લોકોનાં મુખ છેક ઉતરી ગયાં.

× × × × ×

બપોરનું ભોજન લઇને ન્યાયાધીશ સાહેબ પુનઃ પોતાના સ્થાનપર અધિષ્ઠિત થયા. એટલામાં એક મનુષ્ય દોડતો દોડતો આવ્યો અને તેણે એક અરજીનો કાગળ દુભાષીઆના હાથમાં આપ્યો. તે મનુષ્ય બીજો કોઇ નહિ, પણ બાબુરાવ હતો તેથી મારો ચ્હેરો પુનઃ ઉલ્લાસિત થયો.

"તમારૂં નામ શું?" ન્યાયાધીશે પ્રશ્ન કર્યો.

"બાબુરાવ."

"ધંધો?"

"ડીટેક્ટીવનો."

"શાનું વૉરંટ માગો છો?"

"ખોટા શિક્કા પાડનાર અને કૃષ્ણરાવનું ખુન કરનારને પકડવાનું."

"તેનું નામ શું?"

"કમરૂદ્દીન ઉર્ફે અહીંઆં ઉભેલો નામધારી કૃષ્ણરાવ."

"પુરાવો શું છે?"

ત્યાર પછી બાબુરાવે પુરાવાને માટે કોર્ટમાં ફોટોગ્રાફ વગેરે કેટલીક વસ્તુઓ રજુ કરી અને બે મુસલમાન સ્ત્રીઓને અંદર બોલાવી લાવ્યો. આ સ્ત્રીઓને જોતાંની સાથેજ નામધારી કૃષ્ણરાવનો ચહેરો છેક ઉતરી ગયો. તે બે સ્ત્રીમાંની એક સોનેરી ટોળીમાંના કમરૂદ્દીનની મા અને એક તેની પત્ની સિદ્ધ થઇ. કમરૂદ્દીને પણ પોતાનો અપરાધ કબુલ કર્યો અને નીચે પ્રમાણે જુબાની આપી.

"મેં આજ પર્યંત અનેક ચોરીઓ કરી, દરોડા પાડયા, ખોટા શિક્કા પાડયા અને ઇતર મહાન અપરાધો કર્યા છે. કૃષ્ણરાવની પત્ની

રાધા અત્યંત સુસ્વરૂપ છે. તે અમારા ગામની છે. તે મારા ઘરની નિકટજ રહેતી હતી. નાનપણમાં અમે સાથેજ રમતાં હતાં. તેનું અનુપમ લાવણ્ય જોઇને હું તેનાપર મોહિત થયો, અને તેને પ્રેમ અર્પવાને પ્રાર્થના કરી. પરંતુ તેણે મારો તિરસ્કાર કર્યો. પાછળથી તેનું લગ્ન કૃષ્ણરાવની સાથે થયું. મારો ચ્હેરો કૃષ્ણરાવના ચ્હેરાને મળતોજ આવતો હતો. આથી સંધિ સાધી મેં કૃષ્ણરાવનું ખુન કર્યું અને આ ડૉક્ટરની પાસે મારો અંગુઠો કપાવીને કૃષ્ણરાવના અંગુઠા જેવો મારો અંગુઠો બનાવ્યો. પછી હુંજ કૃષ્ણરાવ તરિકે બહાર પડયો. આમ કરવામાં મારા બે હેતુ હતા. રાધાની પ્રાપ્તિ અને આબાસાહેબની મિલ્કતનું સ્વામિત્વ." થોડીજ વારમાં મુકર્દમાનું સ્વરૂપ પલટાઈ ગયું. કમરૂદ્દીનને ફાંસીની સજા કરવામાં આવી. બિચારો કમરૂદ્દીન પ્રેમને બદલે ફાંસીને પ્રાપ્ત થયો.

× × × ×

કમરૂદ્દીનનો પત્તો શી રીતે લાગ્યો એ વિષે જ્યારે મેં બાબુરાવને પ્રશ્ન કર્યો ત્યારે તે બોલ્યો "કમરૂદ્દીન અનેક વખત તુરંગમાં પડયો હતો. તેણે ચાર વર્ષ પૂર્વે કૃષ્ણરાવનું ખુન કર્યું અને પોતાને ઘેર નાશી ગયો. આથી મારો સંશય બળવત્તર થયો. મેં તેની સ્ત્રી અને તેની માની મુલાકાત લઈ તેને વિષે પૂછપરછ કરી. આથી મને જણાયું કે તે "પોલીસ પાછળ પડી છે, તેથી હવે મારાથી અહીંઆં રહી શકાશે નહિ" એમ તેમને કહીને પોતાનું ઘર છોડી ગયો હતો. મેં તેજ વખતે તેના ઘરની જડતી લીધી, તો ત્યાંથી મને ચોરીનો પુષ્કળ માલ પ્રાપ્ત થયો. હવે તેણેજ કૃષ્ણરાવનું ખુન કર્યું છે એ વિષે મને વધારે ખાત્રી થતી ગઈ. પાછળથી કોઈ શ્રીમંત ગૃહસ્થ મુંબઈમાં થોડાજ વખત થયાં આવીને મોટા ઠાઠમાઠથી રહ્યો છે એમ મારા સાંભળવામાં આવ્યું. આ ગૃહસ્થને હું ફકીરના વેશે મળ્યો અને તેની

છબી મારી પાસે હોવાથી મેં તેને તરતજ ઓળખ્યો. હવે મેં તેના પર સખ્ત તપાસ રાખવા માંડી. ત્યાર પછી જે બન્યું તે તો તમે જાણો છોજ."

ખરો ખુની મળવાથી મને ઘણો આનંદ થયો. આબાસાહેબની વૃદ્ધ પત્નીએ મારો તથા બાબુરાવનો ઘણો આભાર માન્યો અને અમને પાંચ પાંચ હજાર રૂપીઆનું પારિતોષિક આપ્યું.

અંતે સત્યનો જય થયો.

---

(૧૧) આખરે માત્રા લાગુ પડી ખરી!

"આહાહા! હું કેવો ભાગ્યવાન! સરલાના જેવી સદ્દગુણી, સુશિક્ષિત અને સુસ્વરૂપ સ્ત્રી મારી સહધર્મિણી થઈ છે, એ મારૂં કેવું મહદ્દભાગ્ય! ખરેખર, પૂર્વ સંચિતાનુસારજ મને આ સ્ત્રીરત્નનો લાભ થયો છે! સરલા–મારી પ્રિયતમા પ્રાણેશ્વરી–કેટલી બુદ્ધિવાન, વિદુષી, સુંદર અને સદ્દગુણમંડિત છે! એને લીધેજ મને આજ સુધી ભોગવેલાં કષ્ટોનું વિસ્મરણ થયું છે. મારૂં ભાવી જીવન એના સમાગમને લીધે ખચિતજ આનંદમાં વ્યતીત થશે. અનેક ભાષાઓની જાણનારી, વિદુષી, ચતુર અને સુરૂપશાલિની સરલા મારી પ્રાણપ્યારી બની એ ઇશ્વરનો મારાપર કેવો મોટો અનુગ્રહ છે! તેની બુદ્ધિ કેટલી પ્રગલ્ભ છે, તેના વિચાર કેટલા ઉદાત્ત છે, તેના ભાષણમાં કેટલી મધુરતા છે, અને તેને સ્ત્રીઓને માટે કેટલું અભિમાન છે! આહાહા! હવે મારા જેવો ભાગ્યવાન પુરુષ આ જગત્માં અન્ય કોણ હશે! સરલા સમાન વિદુષી સ્ત્રીરત્ન જેને પ્રાપ્ત થાય તે સર્વદા આનંદમાં નિમગ્ન થઇ રહે તેમાં શું આશ્ચર્ય!"

માધવરાવ આ પ્રમાણે વિચાર કરે છે એટલામાં ઓરડાનું બારણું ઉઘડયું અને એક અઢાર ઓગણીસ વર્ષની સુસ્વરૂપ યુવતીએ અંદર પ્રવેશ કર્યો. આ યુવતી અન્ય કોઇ નહિ પણ જેને વિષે માધવરાવ વિચાર કરતો તે સરલા પોતેજ હતી.

"વાહ! સરલા! તું અત્યાર સુધી કયાં હતી? હું કયારનો તારી વાટ જોયા કરૂં છું ને!"

"શા માટે વારુ?"

"એટલે? હજી ચા તૈયાર નથી થઇ કે?"

" વાહ ! ત્યારે તો તમે મને અહીંઆં ચા કરવા અને રાંધવા સીંધવા આણી હશે કેમ ? " સરલા સાશ્ચર્ય અવલોકન કરી બોલી.

" એટલે ! તો પછી બીજું કોણ રાંધવાનું છે ? "

" તે બે વાત કાંઇ હું જાણું નહિ ! તેને માટે તમારે ફાવે તે સગવડ તમે કરી લ્યો. "

" અને તું શું કરવાની ? "

" હું સાફ કહું છું કે મને રાંધવા સીંધવા વગેરે ગૃહકાર્યમાં ફોકટ વખત ગુમાવવો પસંદ નથી. હું તેમ કરવા માંડીશ તો મારા લખવાના કાર્યમાં વિઘ્ન આવશે, એ શું તમે જાણતા નથી ? આમ કરવાથી મેં અંગીકૃત કરેલું સ્ત્રી જાતીને જ્ઞાનામૃત આપવાનું મહત્કાર્ય શી રીતે પાર પડશે ? તમે પુરુષો જ્યારે સ્ત્રીને પોતાની અર્ધાંગના માનો છો ત્યારે તમે તેમને સમાન હક શા માટે આપતા નથી. વારુ ? શું સ્ત્રીઓએ જન્મ પર્યંત અજ્ઞાનાંધકારમાં ડૂબી ચુલા પાસેજ પોતાનો કાળ વ્યતીત કરવો અને માત્ર પુરુષોએજ ભણીગણીને જ્ઞાનામૃતના ઘુંટડા પ્રાશન કરવા ? ધિક્કાર છે પુરુષોની સ્વાર્થપરાયણતાને ! કયા શાસ્ત્રમાં એમ લખ્યું છે કે સ્ત્રીઓને માટે જ્ઞાન પ્રાપ્ત કરવું અયોગ્ય છે અને માત્ર પુરુષોનેજ તે સર્વથૈવ ઉચિત છે ? અને કયા શાસ્ત્રમાં એમ લખ્યું છે કે સ્ત્રીઓએજ ગૃહકૃત્ય કરવાં અને પુરુષોએ ન કરવાં ? બોલો વારુ ! "

બિચારો માધવરાવ ચૂપ રહ્યો !

પુનઃ પંડિતા સરલાબાઇએ પોતાનું સુશ્રાવ્ય વ્યાખ્યાન આરંભ્યું, તે બોલી " યૂરોપ અને અમેરિકાની સ્ત્રીઓની સ્થિતિ અહીંઆંની સ્ત્રીઓ કરતાં લાખ દરજ્જે ઉત્તમ છે. ત્યાંની સ્ત્રીઓ સુશિક્ષિત હોય છે અને તેમને પુરુષ કરતાં પણ અધિક માન મળે છે. તો આ દેશના પુરુષો સ્ત્રીને અજ્ઞાનમાં રાખી મુકી તેને પશુવત્ ગણે એ શું ઉચિત છે ?

શું અહીંઆંની સ્ત્રીઓ બુદ્ધિવિહીન, મૂર્ખ, અવિચારી, અને જ્ઞાન મેળવવાને સર્વથૈવ અયોગ્ય છે? કેટલીક તેવી પણ હશે; પરંતુ સઘળી સ્ત્રીઓ કાંઈ તેવી હોતી નથી. પુરુષવર્ગમાં પણ તેવાં અસંખ્ય ઉદાહરણો મળી આવશે. તો પછી અબળાઓના ઉપરજ શા માટે હમ્મેશાં દોષ મૂકવામાં આવે છે? "પગ તળે બળે અને લંકા હોલવવા જાય" એવો પ્રકાર પુરુષો શામાટે કરતા હશે? જે થોડી ઘણી સ્ત્રીઓ આપને બેઅકલી અને અવિચારી લાગે છે તેનું કારણ પણ તમે પુરુષોજ છે. તમે તેમને સુશિક્ષિત કરવા માંડશો એટલે તેમને પોતાની મેળેજ સારાસારનું ભાન આવશે. પૌરાણિક કાળમાં પણ સ્ત્રીઓ સુશિક્ષિત હતી એમ આપણે વાંચીએ છીએ. ગાર્ગી અને રૂક્મિણીનાં દૃષ્ટાંત ઉપરથી પુરાતન કાળમાં પણ સ્ત્રીઓ સુશિક્ષિત હતી અને તેમને વિદ્યાભ્યાસ કરવાને કોઈ પણ પ્રકારનો બાધ નહોતો એ વાત સિદ્ધ નથી થતી? ત્યારે સ્ત્રીને શિક્ષણ ન આપવું એ ચૂક સુજ્ઞ કહેવરાવનાર પુરુષોની કે અમારી? વળી કોઈ પોતાની પુત્રીને સુશિક્ષણ આપવાનું અને પ્રૌઢ વયે તેનું લગ્ન કરવાનું ધાર્ષ્ટ્ય કરે તો તેની નિંદા કરનાર કેટલાક "હરિના લાલ" જરૂર તૈયાર રહેવાનાજ. આવી સ્થિતિમાં સ્ત્રીસમાજ સુશિક્ષિત થાય એવી આશાજ રાખી શકાતી નથી. દૂર શા માટે જાઓ છો? લગ્ન થયા પૂર્વે આપજ કહેતા હતા કે સ્ત્રીવર્ગને અશિક્ષિત રાખવાનાં પરિણામ ઘણાં અનર્થકારક નિવડે છે. આટલી વારમાં આ સૌ વાતો આપ વિસરી ગયા કે?"

"પણ, જો સરલે! ભોજનાદિ સર્વ ગૃહકાર્યો આટોપીને પછી લેખનવ્યવસાય કરવો ઠીક." માધવરાવ બોલ્યા.

"પરંતુ, મને વખત મળે છેજ ક્યાં?" સરલા લાડથી બોલી "'સુધારક' માં કાલે મારે લેખ મોકલવાનો છે, અકોલાનાં 'ગૃહિણી' તથા મુંબઈનાં 'સુવાસિની' માસિકમાં તો અવશ્ય મારે ચાર પાંચ

લેખો આજ અઠવાડીઆંમાં મોકલી આપવા જોઇએ. મુંબઈનાં એક 'ગુજરાતી વૃત્ત' પત્રમાં તો આજેજ મારે એક લેખ લખી મોકલવો જોઇએ. ખાનપુરના સુપ્રસિદ્ધ 'લોક મિત્ર' ના સંપાદકે તો ગત અઠવાડીઆમાં મારાપર ચાર પાંચ પત્રો મોકલી અવશ્ય લેખો મોકલવા માટે વિજ્ઞપ્તિ કરી છે. તેમજ કલકત્તાનાં એક બંગાલી માસિકમાં તથા એક ઇંગ્લીશ પત્રમાં બે ત્રણ નિબંધો મોકલવા જોઇએ. તેમજ રાષ્ટ્રીય મહિલાસભામાં વાંચનને માટે એક ઉત્કૃષ્ટ નિબંધ કાલની ટપાલમાં અવશ્ય જવો જોઇએ. તદુપરાંત ચાર પાંચ પુસ્તકો પણ લખવાને માથે લીધાં છે. હવે આ પુસ્તકો પણ થોડાં થોડાં લખવાનો પ્રારંભ કરવો જોઇએ. અને બીજા વિષયો પણ સગવડ પ્રમાણે લખવા જોઇએ. હવે આપજ કહો કે મને જરા પણ અવકાશ છે?"

"તું કહે છે તે ખરી વાત છે. હું સર્વ વ્યવસ્થા કરૂં છું." પત્નીના અગાધ જ્ઞાનામૃતસાગરનું પાન કરીને તૃપ્ત થતાંજ માધવરાવ બોલ્યા; અને એક રસોઇયણ તથા એક દાસીને શોધવાને માટે ઘરમાંથી બહાર નીકળ્યા.

(૨)

માધવરાવ દેશપાંડે બેલગાંવના સુપ્રસિદ્ધ ડૉકટર ગણપતરાવ દેશપાંડે એલ. એમ. એન્ડ એસ. ના એકના એક ચિરંજીવ હતા, તેઓ પાંચ વર્ષની વયના થયા ત્યારથીજ માતૃસુખથી રહિત થયા હતા. ગણપતરાવે દ્વિતીય વિવાહ ન કરતાં માધવરાવનું ઉત્તમ રીતે લાલનપાલન કર્યું. પરંતુ માધવરાવના નસીબમાં પિતાના સુખનો લ્હાવો પણ ઘણા દિવસને માટે લખ્યો નહોતો. પિતાના મૃત્યુ પછી તેમના કાકાએ કુટીલ નીતિનું અવલંબન કરી માધવરાવની અજ્ઞાનાવસ્થામાં ગણપતરાવનું સર્વ ધન હરણ કરી લીધું. આહા! દૈવની શી વિચિત્રતા છે! જે માધવ પૂર્વે સુવસ્ત્ર પરિધાન કરી આનંદમાં કાળક્રમણ કરતો હતો

તેજ માધવ આજે એક નિર્ધન નિરાધાર માણુસ બની લોકાશ્રયપર અવલંબી રહેવા લાગ્યો. ડૉ. ગણુપતરાવના એક શંકરરાવ નામના સન્મિત્રે તેની આ દુઃસહ સ્થિતિનું અવલોકન કરી તેને પોતાને ઘેર રાખ્યો. અને પોતે રંક હોવા છતાં પણ મિત્રધર્મને અનુસરી તેને યોગ્ય શિક્ષણ આપવામાં જરા પણ ન્યૂનતા રાખી નહિ. આહા! શંકરરાવના જેવા સન્મિત્રો આ ભૂતલપર કેટલા હશે વારુ? સેંકડે એક બે માણુસ મળવા પણ દુર્લભ?

માધવરાવની અલૌકિક બુદ્ધિ તથા તેના સદ્દગુણો જોઇને રાવ-સાહેબ વિનાયકરાવ નામના એક સદ્દગૃહસ્થ કે જેઓ ડૉ. ગણુપત-રાવના સાહાધ્યાયી હતા તેઓ તેને પુને લઈ આવ્યા અને પેટના પુત્રની પેઠે તેનું પ્રતિપાલન કર્યું. રા. સા. વિનાયકરાવ એક પક્કા સુ-ધારક હતા. તેમને કાંઈ સંતાન ન હોવાથી તેમણે પોતાના બંધુની એકની એક કન્યા સરલાને નામે પોતાની સર્વ સંપત્તિ ચઢાવી આપી અને માધવરાવની સાથે તેનું લગ્ન કરી આપ્યું. ત્યાર પછી થોડાજ વખતમાં રા. સા. વિનાયકરાવના વસિલાથી માધવરાવને મુંબઇમાં દોઢસો રૂપિયાના પગારની એક નોકરી મળી. નોકરીપર હાજર થવાને માટે માધવરાવ પોતાની વિદુષી પત્નીને પોતાની સાથે લઇને હમણાંજ મુંબઈ આવ્યા હતા. તેમણે દરમાસે પચાસ રૂપીઆના ભાડાવાળો એક બંગલો રાખ્યો હતો. આ બંગલો નાનો પણ સુંદર હતો.

પ્રથમ દિવસ તો બજારમાંથી સામાન વગેરે આણી તેને વ્યવ-સ્થાસર ગોઠવવામાંજ વ્યતીત થઇ ગયો. તે દિવસે મોડું થઈ જવાથી બજારમાંથી થોડી ઘણી મીઠાઇ તથા મેવો વગેરે આણી તેણે પોતાની ક્ષુધા શાંત કરી. બીજે દિવસે ઉપર જણાવ્યા પ્રમાણે માધવરાવે પોતાની પત્નીને રસોઈ કરવાને માટે કહ્યું, પરંતુ વિદુષી સરલાબાઇને રસોઇ તથા બીજાં ગૃહકૃત્યો કરવાથી પોતાની વિદ્વત્તા તથા કુલશીલમાં ન્યૂનતા

આવશે એમ લાગવાથી અથવા તેણે રસોઇ કરવા સંબંધી શિક્ષણ ન મેળવેલું હોવાથી તેણે રસોઇ કરવાની સાફ ના પાડી, એ વાત વાંચકોને સુવિદિત છેજ.

(૩)

સુદૈવવશાત્ માધવરાવને એક રસોઇયણ તથા એક દાસી મળી. તેને પોતાની સાથે લઇને માધવરાવ પોતાને બંગલે આવ્યા. આ વખતે સરલાબાઈ લેખનકાર્યમાં સર્વથા તલ્લીન થઇ ગયેલી તેમની દૃષ્ટિએ પડી. લેખનવ્યવસાયમાં લીન થઇ ગયેલી પોતાની વિદુષી પત્નીનો સમય વ્યર્થ ન જાય અને તેનું લક્ષ્ય ભળતી બાબતો તરફ આકર્ષાઇ લેખનવ્યવસાયમાં વિઘ્ન ન આવે એટલા માટે બિચારો માધવરાવ એક શબ્દ પણ મુખદ્વારા ન ઉચ્ચારતાં ધીમેથી એક ખુરશીપર બેઠો.

થોડી વાર વ્યતીત થયા પછી એક શ્યામવર્ણ બિલાડીએ વિદુષી સરલાબાઇની ટેબલપર અવ્યવસ્થિત રીતે પડેલાં વીસ પચ્ચીસ પુસ્તકો નીચે પાડી નાંખ્યાં ન હોત તો રંક માધવરાવને તેજ સ્થિતિમાં કેટલી વખત સુધી બેસી રહેવું પડયું હોત તે કહેવું અશક્ય છે!

પોતાના જ્ઞાનભંડારના ગ્રંથસમુહપર તે કૃષ્ણવર્ણ બિલાડીએ ઓચિંતો હલ્લો કરેલો જોઇને સરલાબાઈ શુદ્ધિમાં આવી, અને પોતાના લેખનવ્યવસાયમાં આ મહા અંતરાય આવેલો જોઇને તે પેલી કૃષ્ણવર્ણ બિલાડીની રેવડી દાણાદાણ કરવાને માટે ક્રોધથી જોસભેર—ઉઠી. પરંતુ તેની ઉતાવળે તેનેજ શિક્ષા કરી. તેના આંચકાથી શાહીના બે ખડીઆ ઢોળાઇ ગયા અને થોડા વખતપરજ ચુનો દીધેલી ભીંત, તરતનાજ લખેલા લેખ અને સરલાબાઈનાં પોતાનાં વસ્ત્ર શાહીથી રંગાઇ ગયાં. સરલા ધારતી હતી કે તેની પોતાની ભૂલ અન્ય કોઇની દૃષ્ટિએ પડી નથી, પરંતુ તેની તે ધારણા ખોટી ઠરી. પોતાની વિદુષી પત્નીની થયેલી ફજેતી જોઇને હસતા પતિ તરફ તેની દૃષ્ટિ જતાંજ તે ક્રોધથી

બોલી "ઠીક આ બધાં આપનાંજ કારસ્થાન હોય એમ લાગે છે. જાણી જોઇને બિલાડીને ઓરડામાં છોડી મુકીને અવ્યાહત શ્રમ કરીને લખેલા મારા સર્વ લેખોની ખરાબી તમેજ કરી છે. ખાઇપીને માણુસની પાછળ પડવું એજ તમારૂં કર્તવ્ય છે કેમ?"

"અરે પણ તું મારી વાત સાંભળશે કે નહિ?"

"હું તમારી બધી વાત સમજું છું. તમારે કાંઇ કહેવાની આવશ્યકતા નથી. પણ પ્રથમ મારી ખોલીમાં પરવાનગી લીધા શિવાય આવવાનું પ્રયોજન શું? શું આ અસભ્યતા નથી કે?"

માધવરાવથી હવે સરલાની તીક્ષ્ણ વાણી સહન થઇ શકી નહિ. તે કિંચિત્ ક્રોધથી બોલ્યો "આ રસોઇયણ અને આ દાસીને તેડી લાવ્યો છું તેને જે કામ કરવાનું હોય તે સોંપ."

"તે આપણાથી બની શકશે નહિ. જરા મહેરબાની કરીને તમેજ તે કાર્યની વ્યવસ્થા કરી લો."

બિચારા માધવરાવ એક શબ્દ પણ બોલ્યા વિના ઉઠયા. પેલી રસોઇયણ તથા દાસીને કામ સોંપી મોડું થવાથી તે ભુખ્યા ભુખ્યાજ ઓફીસમાં ચાલ્યા ગયા.

(૪)

"સરલા સુશિક્ષિત, સમજણી અને સદ્ગુણી છે. તેને જ્ઞાન મેળવવાની હોંસ છે. તેનો ઉદ્યોગ સ્તુત્ય છે. ગમે તેટલો ખર્ચ કરીએ તોપણ તે બડબડાટ કરતી નથી. ભલે તે જે કરે તે તેને કરવા દેવું. અજ્ઞાનતિમિરમાં પડેલી પોતાની ભગિનીઓને જ્ઞાનામૃત આપવાનું કાર્ય તે ભલે કરે. રસોઈ તથા ઈતર ગૃહકૃત્યોની વ્યવસ્થા આપણેજ કરી લઈશું." આવા વિચારો માધવરાવના મનમાં આવવા લાગ્યા.

આશરે એક માસ પર્યંત ગૃહકાર્ય સરળ રીતે થયાં; પરંતુ પાછળથી ખર્ચ અતિશય થવા લાગ્યો. પગાર કરતાં બમણો ત્રણગણો

ખર્ચ થવા લાગ્યો. રસોઇયણે તો નાનાં નાનાં વાસણો, તેલ, ઘી વગેરે જણસો ધીમે ધીમે મોટા પ્રમાણમાં ઉચાપત કરવા માંડી. એકાદ વાર માધવરાવ તેને તે વિષે પૂછવાનું ધાર્ષ્ટ્ય કરતા તો તે પ્રત્યુત્તર આપતી કે "શું કરૂં? મુઆ ઉંદરે અને બિલાડીએ હમણાં હમણાં કાંઈ ધમાચકડી કરવા માંડી છે! જરા નાનાં વાસણો તેમની દૃષ્ટિએ પડે છે કે તરતજ મોંમાં ઘાલીને લઈ જાય છે. હવે એ મુઆંને તે શું કરીએ?" બીજી નોકરડી પણ તેનીજ બેન હતી. આજે શેઠના ખિસ્સામાંથી અર્ધો જતો તો કાલે પાવલી જતી. કોઇ દિવસ રૂપિઓ પણ પસાર થઇ જતો. એકાદ વેળા શેઠ પૂછતા તો એવોજ ઉત્તર મળતો કે "તેત્રીસ કોટિ દેવની આણ! મારા જીવના સમ! એ વિષે હું જરા પણ જાણતી નથી. રાંડ કોઇ મારી વેરણે તમારા કાનમાં ભળતીજ વાત કહી છે. હુ તમારા સમ ખાઇને કહું છું કે મેં કદિ એક પાઇ ચોરી નથી. પણ પેલી તમારી રસોઇયણનો જરા ભરોંસો કરશો નહિ."

આવા આવા પ્રકારથી છેવટે માધવરાવ છેક કંટાળી ગયા અને તેમણે તે ઉભયને રજા આપી. પરંતુ હવે રસોઇનું કેમ કરવું? આ વાતની તેને બહુ ચિંતા થઇ, તેણે સરલાને પ્રાર્થના કરી કે "એક બે દિવસ તો રસોઇ કરીને જમાડ" પરંતુ પત્થરપર પાણી! છેવટે માધવરાવ નિરાશ થઇને એક તત્ત્વજ્ઞાની યોગીની પાસે ગયા, આ યોગીએ તેમને એક અજબ પ્રકારની માત્રા આપી કે જે માત્રા લઇને તેનો પ્રભાવ જોવાને માટે માધવરાવ પોતાને ઘેર આવ્યા.

(૫)

"બીજી કોઈ રસોઇયણ નહિ મળી કે?"

"નહિ, સરલા! મેં એક જુદા પ્રકારની વ્યવસ્થા કરી છે." માધવરાવ ગંભીરતાપૂર્વક બોલ્યા.

"તે વ્યવસ્થા શી છે?"

"મેં એક ગરીબ ગૃહસ્થની સોળ વર્ષની છોકરી જોઇ છે. આ છોકરી આપણા ઘરનાં સર્વ કાર્યો ઉત્તમ રીતે કરશે."

"એમ કે? ત્યારે તો ઠીક થયું!"

"વળી તેને પગાર પણ નહિ આપવો પડે."

"ખરેખર?"

"હા. તે સુશિક્ષિત, સુરૂપ અને સદ્દગુણી છે. તેને ગુજરાતી, મરાઠી, અંગ્રેજી, બંગાળી, હિંદી અને સંસ્કૃત એ ભાષાઓ ઉત્તમ પ્રકારે આવડે છે."

"આ તે શું ઘેલછા? આવી સુશિક્ષિત છોકરી હોવા છતાં તેને રસોઇ કરતાં શરમ નથી લાગતી?"

"ના ના. વળી તે કેટલાંક વર્તમાનપત્રો અને માસિકોમાં લેખો મોકલે છે."

"પરંતુ તેને એમ કરવાને વખત શી રીતે મળે છે?"

"ગૃહકાર્યો કર્યા ઉપરાંત તે આ કાર્ય કરી શકે છે, અને ભવિષ્યમાં પણ તે તેમજ કરશે."

"એમ કે?"

"ત્યારે તેને તેડી લાવું કે?"

"હા."

"પરંતુ તેની એક સરત છે."

"તે સરત શી છે?"

"સરત એજ છે કે તેને તારી જગા આપવી પડશે તે મારી અર્ધાંગના બનશે. બોલ આ કાર્યમાં તારી સમ્મતિ છે? કબૂલ થશે તો તને રસોઈ કરવાની ખટપટ રહેશે નહિ અને મારે પણ નવીન ચાકર નોકર રાખવાની માથાફોડ કરવી પડશે નહિ."

આ વાક્યો સાંભળતાંજ સરલહૃદયા, નિષ્કપટી સરલાના અંતઃકરણમાં પ્રકાશ પડયો. તે પતિના ચરણ ગ્રહણ કરી ગદ્ગદિત કંઠે બોલી "હૃદયેશ્વર, મને ક્ષમા કરો. આ દાસીના હસ્તથી બનેલા અપરાધની ક્ષમા આપો. અત્યાર પછી હું ગૃહકૃત્યો કર્યાં પછી અવકાશના સમયે લેખન વ્યવસાય કરીશ."

પ્રિય પાઠક, આખરે માત્રા લાગુ પડી ખરી!

(૧૨) શરત્‌-સુધા.

(૧)

પળ પછી પળ, ઘડી પછી ઘડી, દિવસની પાછળ દિવસ અને મહિના પાછળ મહિના ચાલ્યા જાય છે. અને એક એક બબ્બે વર્ષે કરતાં કરતાં આયુષ્યનાં સર્વ વર્ષો વ્યતીત થઇ જાય છે.

જોતજોતામાં ઘણા દિવસો નીકળી ગયા. પુણ્યસલિલા ભાગીરથીના વિશાળ પટપર આ સમયે કેટલીક નૌકાઓ દ્રષ્ટિગોચર થવા લાગી. સાયંકાળે સૂર્યાસ્ત થવાથી નૌકામાં દીપક પ્રકાશિત થયા. પ્રકાશનું પ્રતિબિંબ ભાગીરથીના પવિત્ર જળમાં પડ્યું અને અતિ વેગથી જતી નૌકાની સાથે પ્રતિબિંબ પણ જવા લાગ્યું. આથી જળમાં જાણે અગ્નિદેવજ વિહાર ન કરતા હોય એવો ભાસ થવા લાગ્યો. આહા! શું ચમત્કાર! જળ અને અગ્નિ એ ઉભય પ્રતિપક્ષી પદાર્થોનો અપૂર્વ અને અદ્‌ભુત સંયોગ! આજે પૌર્ણિમાનો દિવસ છે. ચંદ્રરશ્મિ શુભ્ર સ્ફટિકવત્‌ દેખાય છે. રજનીનાથ ચંદ્રમા તારાઓના સમુહથી પરિવેષ્ટિત છે. વાયુ મંદ મંદ વાય છે. નદી તટપર આવેલા એક નાના ગામના દેવાલયમાં થતી આરતી હમણાંજ બંધ પડી હતી. આ વખતે ભાગીરથીના પૃષ્ઠપર ચાલતી એક નાની નૌકામાંથી એક મધુર ગીતધ્વનિ, સંભળાતો હતો. આ ગીતધ્વનિ, ગાનાર વ્યક્તિના કંઠમાધુર્યને લીધે તથા આલાપપર આલાપ કરીને ગાવાની તેની સુંદર પદ્ધતિને લીધે શ્રોતાઓનું ચિત્ત એકદમ આકર્ષી લેતો હતો. ભાગીરથીના પવિત્ર પટપરની અત્યંત શાંત તથા પૂર્ણ પ્રકાશિત ચંદ્રની સ્ફટિક જેવી શુભ્ર પ્રભાથી કુદરતનો અપૂર્વ દેખાવ થઈ રહ્યો હતો. પૂર્ણ પ્રકાશમાન શશી, નૌકામાંની વ્યક્તિનું સુંદર ગાયન, ભાગીરથીનું પવિત્ર જળ

અને મનોલ્હાદક સુસ્નિગ્ધ મલયસમીરથી તેને અપૂર્વ સૌંદર્ય પ્રાપ્ત થયું હતું. પરંતુ વિધાતાએ આવી અપૂર્વ રમણીયતાનો ઉપભોગ લેવાનું કાંઈ સર્વના લલાટમાં લખ્યું હોતું નથી. અને જેના લલાટમાં તેનો ઉપભોગ લેવાનું લખ્યું હોય તે એની આગળ રાજ્યસુખને પણ તુચ્છ માને તેમાં શું આશ્ચર્ય ?

આ નૌકામાં એક પ્રેમી દંપતીયુગલ વાર્તાલાપ કરતું અને સૃષ્ટિ-સૌંદર્યનું નિરીક્ષણ કરતું બેઠું હતું. પતિની વય આશરે ત્રેવીસ ચોવીસ વર્ષની હતી. અને પત્નીની વય અઢાર વર્ષની હતી.

શરચ્ચંદ્ર પંદર રૂપીઆના પગારથી એક શાળામાં શિક્ષક તરિકે કાર્ય કરતો હતો. તે ઉદાર, દયાળુ, શાંત, ચતુર અને વિચારવાન હતો. તેની ભાર્યા સુધાહાસિનીનું રૂપલાવણ્ય અપ્રતીમ હતું. તે જે પ્રમાણે રૂપલાવણ્યથી મંડિત હતી તેજ પ્રમાણે સદ્‌ગુણથી પણ ભરેલી હતી. નિઃસંશય શરત્ અને સુધાનું યુગ્મ નિર્માણ કરવામાં વિધાતાએ અનુપમ કૌશલ્ય દર્શાવ્યું હતું. તે ક્ષુદ્ર નૌકા પણ જાણે આ પ્રેમી દંપતીના સહવાસથી ગર્વ ધારણ કરીને ડોલતી ડોલતી ચાલતી હતી.

સુધાહાસિનીના અંગપર સુવર્ણાલંકાર નહોતા તે છતાં પણ તેના નૈસર્ગિક સૌંદર્યમાં લગાર પણ ન્યૂનતા આવી નહોતી. તેનાં નેત્ર તેજદાર હતાં, અને તેના ઈતર સર્વ અવયવો સુંદર હોવા ઉપરાંત તારુણ્યાવસ્થાને લીધે પૂર્ણ તથા પુષ્ટ દેખાતા હતા.

શરચ્ચંદ્રની ગૃહસ્થિતિ રંક હતી. આજે તે પોતાની ધર્મપત્ની સાથે પોતાની જન્મભૂમિ—કાશી તરફ જતો હતો. સર્વનાં ચિત્તનું આકર્ષણ કરનાર ગાયન પણ તેજ ગાતો હતો. તે ગાયન સંપૂર્ણ થતાં તેની પત્ની બોલી "વ્હાલા, આ ગાયન કેવું સુંદર હતું ! મને એ ગાયન શીખવશો ?" શરચ્ચંદ્ર હસીને બોલ્યો. "જરૂર" થોડી વાર સુધી ઉભય સ્તબ્ધ રહ્યાં. પછી સુધાહાસિની બોલી "પ્રાણનાથ ! જે

ગામના દેવાલયમાંથી આરતીનો ધ્વનિ સંભળાતો હતો તે ગામનું નામ શું ?"

"શાંતિપુર, એ ગામમાં ઉંચી જાતની સાડીઓ મળે છે. એકાદ સાડી વેચાતી લેવાની તારી ઇચ્છા છે ?"

"મારી તે ઇચ્છા શી હોય ? જે આપની ઇચ્છા તે મારી ઇચ્છા. પરંતુ ખરૂં પૂછો તો હમણાં સાડી લેવાની આપણામાં શક્તિ ક્યાં છે ? આપણી ઉપજ પ્રમાણે આપણે ખર્ચ કરવો જોઇએ. ઉપરનો ભપકો કરવામાં આવે તેમાં શી શોભા છે ?"

"વારુ, તારી બીજી શી ઇચ્છા છે ?"

"મારી ઇચ્છા એટલીજ છે કે આપનો હાલ મારા પર જે પ્રેમ છે તેમાં કદિ પણ ન્યૂનતા ન થતાં દિવસાનુદિવસ વૃદ્ધિજ થતી રહો."

પ્રીતિપૂર્ણ હાસ્ય કરી, સુધાહાસિનીને ભેટી પડી શરચ્ચંદ્ર બોલ્યો "ગાંડી ! મારી પાસે પ્રેમ શિવાય આપવા જેવી વસ્તુ પણ બીજી શી છે ? પ્રાણાધિક ! આજ પર્યંત તને મારા તરફથી કોઇ પણ પ્રકારનું સુખ મળ્યું છે ? સુખની વાત તો દૂર રહી, પરંતુ જે દિવસથી તારૂં લગ્ન મારી સાથે થયું તે દિવસથી આજપર્યંત તારા સઘળા દિવસો ગરિબીમાંજ ગયા છે અને અત્યાર પછી પણ આખો જન્મ રંકતામાંજ ગાળવો પડશે. વાસ્તવમાં તો તારા જેવું રમણીરત્ન રાણીપદ પર આરૂઢ થવાનેજ સર્વથૈવ યોગ્ય છે."

"પરંતુ, પ્રાણનાથ ! આપનો પ્રેમ તો મારા પર છે ને ? જો આપનો પ્રેમ છે તો હવે મારે ઇતર વસ્તુની શી આવશ્યકતા છે ? આ જગતમાં જન્મ ધારણ કરી આપને પલ્લવે બંધાઈ એજ મારૂં મહદ્ ભાગ્ય છે. આપનો પ્રેમ–આપની કૃપા એજ મારી શ્રીમંતાઇ અને એજ મારૂં સુખ છે. હૃદયેશ્વર ! આપની આ દાસી પર સદૈવ

આવોજ પ્રેમ રાખજો. આપજ મારા પરમેશ્વર છો. આપના શિવાય આ જગત્‌માં મને અન્ય શી વસ્તુ પ્રિય હોઈ શકે ? સુખમાં, દુઃખમાં, શ્રીમંતાઈમાં અને રંકતામાં હું આપની સહભાગિની છું. શ્રીમંતાઈમાં તે બીજું શું સુખ હશે ?"

પત્નીના પ્રેમામૃતનું પાન કરવાથી શરચ્ચંદ્રનું હૃદય પ્રેમાતિશયથી ઉભરાઈ ગયું. તે મન સાથેજ બોલ્યો "હે ભગવન્ ! પૂર્વ જન્મે એવું તે કયું સુકૃત કર્યું હતું કે જેના પુણ્યપ્રભાવથી મને આવું રમણીરત્ન પ્રાપ્ત થયું છે !"

અલ્પ સમય પછી સુધાહાસિની મધુર વાણીથી બોલી "મારાં પૂર્વ પુણ્યના યોગથીજ હું આપને પલ્લવે પડી છું. અમો સ્ત્રીઓનું મુખ્ય ભૂષણ પતિપ્રેમજ છે. તે પ્રાપ્ત કરવાને માટે પ્રત્યેક સ્ત્રીએ પ્રથમ પ્રયાસ કરવો જોઇએ."

પ્રિય વાંચક ! શરત્ અને સુધાના જેવાં પ્રેમી દંપતી આ ભૂતલ પર કેટલાં હશે વારુ ?

(૨)

એકાએક ગગનમંડળ મેઘથી વ્યાપ્ત થયું. પવનના સુસવાટા છૂટ્યા. ચંદ્રમા કોટ્યવધિ તારાઓની સાથે વાદળાંમાં લપાઈ ગયો. વચ્ચે વચ્ચે વિદ્યુલ્લતા ચમકવા લાગી. મેઘનો કર્ણ કઠોર અને ભયંકર ગડગડાટ પૃથ્વીને પણ કંપાયમાન કરવા લાગ્યો. ધીમે ધીમે વર્ષાની પણ શરૂઆત થઇ. મોટાં મોટાં વૃક્ષોનું ઉન્મૂલન થઇ તે નીચે પડયાં. અલ્પ સમય પૂર્વે જે ભાગીરથીનો પ્રવાહ શાંત હતો તે હવે અતિશય જોરથી વહેવા લાગ્યો. નૌકાપરના નાવિકો પણ ગભરાવા લાગ્યા. 'આજની કાળ રાત્રિએ ભાગીરથીના પવિત્ર ઉદકમાં આપણને અચલ સ્થાન મળશે' એમ તેઓએ જાણ્યું. તેઓ આ સંકટમાંથી બચવાને માટે અનન્ય ભાવથી ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યા.

"સુધે ! આ પૃથ્વી પરનું આપણું વાસ્તવ્ય પુરૂં થયું છે. હવે આપણા દહાડા ભરાઈ ચૂક્યા છે.

"નાથ! ઇશ્વરેચ્છા હશે તો આપણે આ સંકટમાંથી પણ બચીશું. તે દીનદયાળ પ્રભુના ઉપર ભરોંસો રાખો."

"પ્રિયે ! તારા જેવી સદ્‌ગુણી ભાર્યાના સહવાસથી હું મારૂં જીવિત સફળ કરનાર હતો, પરંતુ હાય! હાય! હવે મારૂં અને તારૂં શું થશે ? હે પ્રભુ ! લગ્ન થયાંને હજી એક વર્ષ તો પૂરૂં વીત્યું નથી અને સંસારસુખનો પૂર્ણ અનુભવ લીધો નથી તે પૂર્વે આપણા નશીબમાં મૃત્યુ જ લખ્યું હશે ?"

"ધૈર્ય ધરો, વ્હાલા નિરાશ થશો માં. મારી તો જરા પણ ચિંતા કરશોજ માં. જો નૌકા ડૂબશે તો આપની સન્નિધ રહી હું આનંદથી મરીશ."

"સુધે ! સુધે ! આ તું શું બોલે છે? શું તું એમ ધારે છે કે તારૂં મૃત્યુ થતાં હું જીવત રહીશ? નહિ, નહિ, કદી નહિ. જે તારી ગતિ તેજ મારી ગતિ. તું અને હું ઉભય સાથે ડૂબીશું. આપણે સાથેજ આ નશ્વર સંસારનો ત્યાગ કરીશું. એકજ સમયે સ્વર્ગગમન કરીશું અને સકલ આનંદનું મૂળ, પ્રેમના નિધાન અને સૌખ્યના ભંડાર એવા જે સચ્ચિદાનંદ પ્રભુ છે તેમની સન્નિધમાં સાથેજ જઇશું."

સુવાહાસિનીના નયનમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. તે બે હાથ જોડી પ્રભુની પ્રાર્થના કરવા લાગી. "હે અનાથબંધો ! હે દીનબંધો ! હે દયાર્ણવ ! હું મરૂં તેની હરકત નથી, પરંતુ તું મારા પતિરાયને સુખી રાખજે." આ રીતે કરુણ વાણીથી ઇશ્વરની પ્રાર્થના કર્યા પછી તેણે પોતાના પતિની ચરણરજ પોતાના મસ્તકપર ધારણ કરી અને મૃદુ કંઠથી બોલી "પ્રાણેશ્વર! આપ મરણને યોગ્ય નથી. સર્વ શક્તિમાન પ્રભુ આ દાસીની અંતિમ ઇચ્છા પૂર્ણ કરી આપને નિઃસંશય

બચાવશે. આપને મારી વિનંતિ એટલીજ છે કે મારા મરણુ પછી આપ સુખેથી દ્વિતીય વિવાહ કરજો."

"સુધે! પ્રિયતમે! ખરેખર તું માનવી નથી પરંતુ દેવી છે! હું તારી પાછળ જીવીશ તો દ્વિતીય વિવાહ કરીશને? જો નૌકા ડૂબશે તો મારા અંગમાં પ્રાણુ હશે ત્યાં સુધી તને બચાવવાનો પ્રયત્ન કરીશ; પરંતુ જો મારો પ્રયત્ન નિષ્ફળ નીવડશે તો તો જે તારી ગતિ તેજ મારી ગતિ થશે?"

અરે! પણુ આ શું? એકજ ક્ષણુમાં! માત્ર એકજ પળમાં તે નૌકા ભાગીરથીના અંતરમાં લુપ્ત થઈ ગઈ! અરે! ક્યાં શરત્ અને ક્યાં સુધા! પ્રબલ પ્રવાહમાં પ્રિયતમાનું રક્ષણુ કરવાને અર્થે પ્રયત્ન કરનાર સાહસિક શરચ્ચંદ્ર! તું ગમે તેટલો પ્રયત્ન કરશે તો પણુ તે નિષ્ફળજ થશે. અંધારામાં સુધાનો પત્તો ક્યાં લાગનાર છે? શરત્ પોતાની અધિષ્ટાત્રી દેવી સુધાને શોધવાને માટે જળમાં અવ્યાહત પરિશ્રમ કરવા લાગ્યો. થોડીવાર પછી સુધા પાણીપર તરતી જણાઇ કે તરતજ તેણે તેની નિકટ પહોંચી જઇ તેનો હસ્ત ગ્રહણ કર્યો. પતિ પણુ પોતાને લીધે ડૂબશે એવા ભયથી સુધા બોલી "પ્રિય પ્રાણેશ! મારો હસ્ત છોડી દો. આપ આપનો પ્રાણ બચાવો."

"કોને છોડી દઉં? તને?" દુઃખદ સ્વરે શરત્ બોલ્યો.

થોડીવાર પછી શરત્ને અતિ પરિશ્રમિત થયેલો જોઈ સુધાએ જોરથી પોતાનો હાથ છોડાવી લીધો, અને ક્ષણુમાંજ ગંગાના ઉદરમાં તેને સ્થાન મળ્યું.

"સુધે! સુધે! આ તેં શું કર્યું?" શરત્ આ રીતે આક્રંદ કરવા લાગ્યો. પરંતુ અફસોસ? સુધા ક્યાંથી જડે? શરત્ સર્વથા નિરાશ થયો. તે પોતાના મન સાથેજ બોલ્યો "શરત્! શરત્! હવે શું જુએ છે? પાણીના ગર્ભમાં જઇને સુધાને મળ."

અર્ધ ક્ષણમાં શરત્ પાણીને તળીએ જઇને બેઠો. આકાશ જરા શાંત પડયું હતું. વાદળાં વિખરાઈ જવા લાગ્યાં હતાં. પૂર્વ દિશા ધીમે ધીમે પ્રકાશિત થવા લાગી હતી. પવન પણ પૂર્વના જેટલા સુસવાટાથી વાતો નહોતો. પર્જન્યવૃષ્ટિ બંધ થઈ હતી.

શરચ્ચંદ્રનો આંતર હેતુ સિદ્ધ થયો નહિ. તે પુનઃ પાણીપર તરી આવ્યો, પણ અંગમાં શક્તિ ન રહેવાથી પાણીના ઓઘની સાથે ઘસડાવા લાગ્યો, એટલામાં સામેથી એક નૌકા આવી. આ નૌકામાંના નાવિકોએ શરચ્ચંદ્રને ઉચકી લીધો. ઘણા પ્રયાસથી શરચ્ચંદ્ર શુદ્ધિમાં આવ્યો. તે શુદ્ધિમાં આવ્યો કે તરતજ "સુધે! સુધે!" એવી બુમ પાડી પુનઃ તેણે પાણીમાં ભુસ્કો માર્યો. ફરીથી તેને ઉચકી લેવામાં આવ્યો. હવે શરત્ સર્વથૈવ બેશુદ્ધ થઈ ગયો. તેના શરીરે પુષ્કળ તાવ આવ્યો અને તે ઉન્માદાવસ્થામાં "સુધે! સુધે!" એવી બૂમ પાડવા લાગ્યો.

શરચ્ચંદ્ર બચ્યો. પરંતુ સુધાહાસિનીનો પત્તો લાગ્યો નહિ. શું તે સાધ્વીની પ્રાર્થના ઈશ્વરે સાંભળી હશે?

(૩)

ધીમે ધીમે આ ઘટનાને એક વર્ષ વ્યતીત થઈ ગયું. આજે શરચ્ચંદ્ર પોતાના રક્ષણકર્તા બાબુ કુંજવિહારી ચટ્ટોપાધ્યાયના ઘરના એક સુશોભિત ઓરડામાં એક સ્ત્રીનું ચિત્ર હાથમાં લઇ તેને નિહાળતો બેઠો હતો. વારુ એ ચિત્ર કોનું હશે? સુધાહાસિનીનું તો ન હોય? નહિ! નહિ! ત્યારે વારુ એ તસ્વીર કોની હશે? હાય! હાય! શરત્! તું આટલી વારમાંજ તે પવિત્ર પુતળીને વિસરી ગયો? અફસોસ! માનવ હૃદય આટલું બધું ચંચળ હોય છે? હે પ્રભો! આ શું? આ તો કુંદબાલાની—બાબુ કુંજવિહારીની એકની એક કન્યાની તસ્વીર છે.

શરચ્ચંદ્ર તે તસ્વીરની તરફ ઘણી વાર સુધી નિહાળીને પછી દીર્ઘ નિઃશ્વાસ નાંખી બોલ્યો "કુંદબાલે! રે રે! આ શી દુરાશા મારા મનમાં ઉદ્‌ભવી? મારી સ્થિતિનો યત્કિંચિત્ પણ વિચાર ન કરતાં મારૂં ચંચળ મન તારા પ્રેમને લીધે તારા પ્રતિ આકર્ષિત થયું છે. હર! હર! શું મારી આશા સફળ નહિ થશે? અફસોસ! ત્યારે તો હે કુંદ! તારા નામનો જપ કરતાં કરતાંજ મારૂં મૃત્યુ થશે. કુંદબાલે! પૂર્વે મારી સ્થિતિ આવી નહોતી. પૂર્વે મારા જેવો સુખી આ જગત્‌માં અન્ય કોઈ પણ મનુષ્ય ન હશે તે વખતે મારૂં હૃદય આનંદ અને પ્રેમના ભંડારરૂપ હતું. સુખ અને શાંતિનો મારા અંતરમાં વાસ હતો. એક પરમ સુલક્ષણા દેવી મારી હૃદયનિવાસીની હતી. હાય! સુધે! તું તો ગઇ, પરંતુ મારૂં જીવન કંટકમય કરીનેજ ગઈ."

બોલતાં બોલતાં શરત્ રુદન કરવા લાગ્યો. એટલામાં એક ચૌદ વર્ષની સુસ્વરૂપ બાલિકા ત્યાં આવી મંજુલ સ્વરે બોલી "આપ શા માટે રડો છો?"

"જા! જા! કુંદ! તું અહીંઆંથી ચાલી જા. તું અહીંઆંથી એકદમ ચાલી જા. હું અધમાધમ અને અભાગી છું."

"હાય! શરચ્ચંદ્ર! ત્યારે શું તમે આ અભાગિનીના પ્રેમ પ્રતિ દુર્લક્ષ્ય કરો છો? આપના શિવાય અન્ય પુરુષ મને પિતા સમાન છે. હું આપને પ્રાર્થના કરૂં છું કે મારી વિનંતિનો કદિ પણ અનાદર કરશો નહિ."

બાલિકાનાં નેત્રો સજલ થયાં. કેટલીક વાર પછી કુંદબાલા પુનઃ બોલી "વારુ! આપને શું શોક થાય છે? આપ વારંવાર શા માટે ખેદ પ્રદર્શિત કરો છો?"

"કુંદ! શું કહું? મારી હૃદયની દેવી આ અભાગીને એક વર્ષ થયાં છોડીને ચાલી ગઇ છે. હવે કુંદ! શું મારે તેના પ્રત્યે બેવફા થવું? શું હું તેને હવે વિસરી જાઉં?"

"ના, હું તેમ કહેતી નથી. પરંતુ શું આપ આખો જન્મ વિરહાનલમાં કાઢશો કે? કૃપાનાથ! આ દાસીનો અનાદર કરશો નહિ."

"કુંદ! કુંદ! તેમ બનવું સક્ય નથી. મને ક્ષમા કર, ક્ષમા કર."

"હવે મારે માટે એકજ માર્ગ છે. જન્મ સુધી મનોવ્યથાથી પીડિત રહેવા કરતાં આ પવિત્ર ભાગીરથીનાં પવિત્ર જળમાં સમાધિ લેવી એજ વિશેષ શ્રેયસ્કર છે." આટલું બોલી તે બાલિકા નદી તરફ ચાલી.

શરચ્ચંદ્રે એકદમ પાછળ દોડી તેનો હાથ ઝાલ્યો અને તે બોલ્યો "નહિ, નહિ, કુંદ! તું જીવન વિસર્જન કરી મને અધિક દુઃખમાં નાંખ નહિ. કુંદ! હું તને અત્યાનંદથી અંગીકાર કરૂં છું. ખરેખર! તારા સહવાસથી મને સુધાનું સ્મરણ થશે નહિ."

આ પ્રમાણે બોલી શરચ્ચંદ્ર કુંદબાલાને ભેટી પડયો અને પછી તે પ્રણયી યુગલ પરસ્પર પ્રેમરજ્જુથી બદ્ધ થયું.

(૪)

ત્યાર પછી થોડી અવધિમાં શરચ્ચંદ્ર અને કુંદબાલાનું મોટા ઠાઠમાઠથી લગ્ન થયું. બાબુ કુંજવિહારી ચટ્ટોપાધ્યાયે શરચ્ચંદ્રને ઘર-જમાઇ કર્યો. ધીમે ધીમે વિવાહને ત્રણ વર્ષ વ્યતીત થઇ ગયાં. એ અવધિમાં કુંદબાલાએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. પુત્રનું નામ અરવિંદ રાખવામાં આવ્યું. તે સુંદર બાળક પોતાના કાલા કાલા શબ્દોથી માતપિતાના મનને આનંદિત કરવા લાગ્યો. એક દિવસ શર-ચ્ચંદ્ર અને કુંદબાલા નીચે પ્રમાણે વાર્તાલાપ કરતાં બેઠાં હતાં:—

"કાલીએ પોતાના સ્વામી ભટ્ટાચાર્યનું ખુન કર્યું એ વાત શું ખરી છે?"

"હા, તેને કલકત્તામાં ફાંશી દેવામાં આવનાર છે. મારો પણ કલકત્તે જવાનો વિચાર છે."

"ત્યારે તો હું પણ આવીશ."

"ભલે"

*　　*　　*　　*

આજે ફાંશીનો દિવસ છે. શરચ્ચંદ્ર કુંદબાલા, અરવિંદ અને બિંદુ નામની દાસી તથા વિહારી બાબુ નામના એક ગુમાસ્તાને સાથે લઇને કલકત્તે આવ્યો. ત્યાં જતાં તેને ખબર મળી કે બંદીખાનામાં કાલીને બદલે કોઈ સંન્યાસિની છે. બાબુ કુંજવિહારીને મૅજીસ્ટ્રેટ સાથે ઓળખાણ હોવાથી શરચ્ચંદ્ર તે સંન્યાસિનીની મુલાકાત લઇ શક્યો. ખૂની માણસને બદલે આ દેવાંગના તુલ્ય સુંદર સંન્યાસિની શા માટે કારાગૃહમાં બેઠી હશે એ વિષે શરચ્ચંદ્રને ઘણું આશ્ચર્ય લાગ્યું.

શરચ્ચંદ્રે કારાગૃહમાં જઇને જોયું તો તેને મસ્તકપર જટાભાર સહિત વિભૂતિચર્ચિત કાયાવાળી, શાંત સ્વભાવની, સુકુમાર, જ્યોતિર્મયી સ્ત્રી દ્રષ્ટિએ પડી. શરચ્ચંદ્રને જોતાંજ સંન્યાસિની ચમકીને ઉભી થઇ. આ દ્રસ્ય જોઈ શરચ્ચંદ્ર પણ કિંચિત્ કાળ સ્તબ્ધ રહ્યો. થોડી વાર પછી તે સંકોચપૂર્વક બોલ્યો "ભગવતી! આપ કાલીને ઓળખો છો?"

સંક્ષુબ્ધ સ્વરે સંન્યાસિનીએ ઉત્તર આપ્યો "નામ સાંભળ્યું છે, પરંતુ તેની સાથે ઓળખાણ નથી." થોડી વાર સુધી મૌન્ય ગ્રહણ કરી શરચ્ચંદ્ર બોલ્યો "તમે અગાઉ કદી મને જોયો છે?"

આ પ્રશ્નનો ઉત્તર મળ્યો નહિ.

"બોલો, બોલો, તમે મને ઓળખો છો?"

તપસ્વિની એકદમ રોવા લાગી. શરચ્ચંદ્રના પાદ ઉપર મસ્તક મુકી તે બોલી "પ્રેમાવતાર, આપ મારા હૃદયાધાર છો! આપ મારા પ્રભુ છો!"

શરચ્ચંદ્રે તેને ભેટવાને માટે હાથ આગળ લંબાવ્યો. પરંતુ તપસ્વિની પાછળ પાછળ હઠીને બોલી "નાથ! નહિ, નહિ, આ

અભાગિનીને સ્પર્શ કરશો નહિ. આ દેહપર હવે આપનો અગર મારો પણ અધિકાર નથી."

બોલતાં બોલતાં સંન્યાસિની શરચ્ચંદ્રની દ્રષ્ટિ ચૂકવી અદ્રશ્ય થઇ ગઇ. અને શરત્ તે સ્થળે ઉન્મત્ત જેવો થઇને ઘણી વાર સુધી ઉભો રહ્યો.

(૫)

શરચ્ચંદ્રને પશ્ચાત્તાપ થયો. તેણે ઘરબાર, પુત્ર, સ્ત્રી વગેરે સર્વનો પરિત્યાગ કર્યો અને ભ્રમિષ્ટની પેઠે દેશેદેશ ભટકવા લાગ્યો. તે અહર્નિશ સુધાનો જપ કરવા લાગ્યો.

વિહારી બાબુ નામનો જે ગુમાસ્તો હતો તે શરચ્ચંદ્રે તે સ્થળનો ત્યાગ કર્યો કે તરત પોતાના મન સાથે બોલવા લાગ્યો. "બાબુ કુંજવિહારીનો વિચાર કુંદબાલાનો વિવાહ મારી સાથે કરવાનો હતો, પરંતુ આ શરત્ આવતાં મારા મનોરાજ્યનો લય થયો. કુંદ તેની થઇ. અફસોસ! આજે ચાર વર્ષ થયાં હું એ વિષે મનમાં બળ્યા કરૂં છું. પરંતુ આજના જેવી સુવર્ણસંધિ મને પૂર્વે મળી નહોતી. હવે જોઉં તો વારુ કુંદ મારાપર અનુરાગી થાય છે કે નહિ!' પ્રેમઘેલો વિહારી આવો વિચાર મનમાં આવતાં તરતજ ખુરશીપરથી ઉઠયો અને કુંદબાલાની ખોલીમાં ગયો. પ્રણયમદથી ઉન્મત્ત થયેલી તેની સ્થિતિ જોઇને કુંદ ભયભીત થઇ બોલી "વિહારીભાઇ! આજે આપનો ચ્હેરો આવો કેમ દેખાય છે?"

"આજે હું મરીશ, જરૂર મરીશ. હું આપને શરણે પડું છું; મારૂં રક્ષણ કરો."

"આપ શું કહો છો તેની મને જરા પણ સમજ પડતી નથી."

"પણ તમે મારી પ્રાર્થના સાંભળશોને?"

"તે સાંભળતાં શી હરકત છે?"

"મને ભિક્ષા આપો. આટલા દિવસ તો મેં ગમે તે રીતે વ્યતીત કર્યા પરંતુ હવે મારાથી ધૈર્ય ધારણુ કરી શકાતુ નથી. હુ યાચક થઇને આજે આપની પાસે ભિક્ષા માગુ છું."

"શેની ભિક્ષા માગો છો, તે સ્પષ્ટ કરીને કહો તો ખરા."

"પ્રેમની, બીજી શેની ?"

આ શબ્દો સાંભળી કુંદબાલા કંપિત થઈ.

પુનઃ તે નરાધમ બોલવા લાગ્યો "કુંદ! સ્મરણુ તો કર. આપણે ઉભય આ ભાગીરથીને તીરે કેટલી વાર સાથે ખેલતાં હતાં. રમતરમતમાં તું મારી પત્ની અને હું તારો પતિ કેટલી વાર થયાં હઇશું. આહાહા! તે દિવસ કેટલા સુખથી ભરેલા હતા ? તેજ વખતથી, કુંદ! તુ મારા હૃદયમાં વિરાજે છે. તેજ વખતથી તેં મારૂં મન ચોરી લીધું છે. આ અભાગીને હવે વધુવાર ટટળાવ નહિ."

તે દુરાત્માનાં આ વચનો સાંભળી કુંદબાલાના મસ્તકપર વજ્રઘાત થયો! તે કંપિત થઈ બોલી "અરે, બંધુ! આજે તમારી બુદ્ધિ ક્યાં ગઈ છે ?"

તે નરાધમ હસતો હસતો બોલ્યો. "તે કાંઈ હુ જાણુતો નથી. બસ, તું હા કહે અથવા ના કહે પરંતુ ઘણા સમયે પ્રાપ્ત થયેલી આ ઉત્તમ સંધિ વ્યર્થ ગુમાવું એવો હું મૂર્ખ નથી." આટલું બોલી તે નરપિશાચ કુંદબાલા તરફ આગળ ધસ્યો.

કુંદબાલા એકદમ પાછળ હઠીને બોલી "નરાધમ! દૂર જા! હજી પણુ શુદ્ધિમાં આવ. અરે પરસ્ત્રીની અભિલાષા રાખનાર પુરુષનું અંતે અનિષ્ટ થયા વિના રહેતુ નથી, એ વાત તુ ભૂલી ગયો કે ?"

"બસ, બસ; રહેવા દે તારૂં એ બ્રહ્મજ્ઞાન કુંદ! સીધી સીધી કબુલ થા, નહિ તો બળાત્કારે પણુ હું મારી મનોવાંચ્છના પૂર્ણુ કર્યા વિના રહેનાર નથી."

"ચૂપ દુરાત્મા! મનની નહિ તો જનની તો જરા લાજ રાખ. નિર્લજ્જ! તું તો શું પણ તારા જેવા સહસ્ર નરપિશાચો કદિ આવે તોયે હું સતીત્વથી ભ્રષ્ટ થનાર નથી."

"એમ કે? ઠીક, ત્યારે હું જોઉં છું કે તને કોણ છોડાવવા આવે છે?" આ પ્રમાણે બોલી તે પિશાચ પ્રકૃતિ—નરાધમે કુંદબાલાનો હાથ જોરથી પકડ્યો.

રંક બિચારી કુંદ! "ધાઓ, ધાઓ, કોઈ આ નરપિશાચના પંજામાંથી મારૂં રક્ષણ કરો" એવી કરુણાજનક બૂમો પાડવા લાગી. એટલામાં એક સંન્યાસિનીએ તે ખોલીમાં પ્રવેશ કર્યો અને વિહારીને એક લત્તાપ્રહાર કરી દૂર હડસેલી કાઢ્યો.

પછી તે સંન્યાસિની કઠોર સ્વરે દુરાત્મા વિહારી પ્રત્યે બોલી "નરાધમ! તારે માટે યોગ્ય સ્થળ તો રૈરવ નરકજ છે." પછી તે કુંદબાલા પ્રત્યે બોલી "ઉઠ, મારી સાથે ચાલ."

(૬)

સુધાહાસિની નદીમાં ડૂબી ગઇ, પરંતુ તે એક યોગીની કૃપાથી બચી. તે મહાત્માએ યોગબળથી હજારો પાપી મનુષ્યોપર કૃપા કરી તેમને સન્માર્ગ બતાવ્યા હતા.

ખૂની કાલીને કારાગૃહમાંથી મુક્ત કરી સુધાના આગ્રહથી તેમણેજ ત્યાં તેને રાખી હતી.

તે યોગીના આશ્રમમાં આજે સર્વે જણ એકત્રિત થયાં હતાં. શરચ્ચંદ્ર પણ આવ્યો હતો. તેણે કુંદના પાતિવ્રત્યની વાત સાંભળી હતી. પતિવ્રતા કુંદના સુખમાં વિઘ્નરૂપ ન થવાના ઇરાદાથી તે ક્યાંક ચાલી ગઈ અને પછી કોઈની પણ દ્રષ્ટિએ પડી નહિ.

વિહારીને પશ્ચાત્તાપ થવાથી તેણે નદીમાં પડી આત્મહત્યા કરી.

હમણાં શરચ્ચંદ્ર અને કુંદબાલા સુખથી કાળક્રમણ કરે છે. અરવિંદ મોટા થયો છે. નલિની નામની કન્યાને કુંદબાલાએ જન્મ આપ્યો છે.

હવે આ નાનું કુટુંબ સુખાર્ણવમાં સ્નાન કરે છે.

ઇશ્વિર સર્વેનું પરિણામ આવું જ ઇષ્ટ કરો.

જાહેર ખબર.

જીવિતદાન આપનાર સો પાળક પણ નહિ નીકળે ?

દીન વત્સલો ! દુષ્કાળને લીધે આશ્રમમાં અનાથોની સંખ્યા વધવા માંડી છે. અને બીજી બાજુ આ અનાથ આશ્રમની શક્તિ ઓછી છે તો શું ભૂખે મરતા અનાથોને વીલે મોઢે પાછા કાઢવા પડશે ? અરે શું એમને આપણી નજર નીચે દયાજનક રીતે મરવા દેવા ? દયાળુ સજ્જનો ! સર્વ બાજી આપનાજ હાથમાં છે. **પ્રભુની ખાતર દયા લાવો અને અનાથોના પાળક બનો. માત્ર દર માસે સાત રૂપીઆ આપનાર ધર્માત્માના નામથી** બાર વર્ષથી મ્હોટા અનાથને અને રૂ. ૩–૮–૦ આપનારના નામથી નાની ઉમરના અનાથને પાળી વિદ્યાદાન આપી સનાથ બનાવીશું. આ પૂજ્ય ભૂમિમાંથી અનાથના પ્રાણદાતા એવા માત્ર (૧૦૦) પાળક પણ નહિ નીકળે ? અનાથના પ્રાણદાતા બનો અને જરૂર દયા લાવી લખો:—

આ સિવાય પણ આ આશ્રમને યથાશક્તિ દાન આપવાની પ્રાર્થના કરવામાં આવે છે.

મંત્રી, હિન્દુ અનાથાશ્રમ—નડીઆદ.

(૧૩) દ્રઢ પ્રતિજ્ઞા.

સ્વામી રામાનંદ "સ્ત્રીશિક્ષણની આવશ્યકતા" એ વિષય ઉપર વ્યાખ્યાન આપવાના હતા. તે વ્યાખ્યાન સાંભળવાને માટે પુષ્કળ માણસો એકત્રિત થયાં હતાં. સ્વામીજીએ એવું તો ઉત્તમ વ્યાખ્યાન કર્યું કે તે સાંભળીને સર્વ શ્રોતાઓ આનંદસાગરમાં ડૂબી ગયા. મારા આનંદનો તો પારજ નહોતો. મારા મસ્તકમાં અનેક વિચારોની લહરિઓ ઉઠવા લાગી. જ્યારે હું ઘેર આવ્યો ત્યારે સાડાનવ વાગી ગયા હતા. "ખરેખર!" હું મારા મન સાથેજ બોલ્યો. "જ્યાં સુધી સ્ત્રીઓ સુશિક્ષિત થશે નહિ ત્યાં સુધી પુરુષોને ખરા સંસાર–સુખનો અનુભવ થઈ શકનાર નથી. સુંદર, સદ્‌ગુણી અને સુશિક્ષિત સ્ત્રીરત્ન જેને પ્રાપ્ત થયું હોય તેના જીવનને ધન્ય છે. બસ! હું મારી સરસ્વતીને અવશ્ય શિક્ષણ આપીશ. તેને શિક્ષણ મળ્યા શિવાય જીવન–સૌખ્યનું ખરૂં રહસ્ય હું સમજી શકનાર નથી." અંતે મેં મારી પત્નીને શિક્ષણ આપી ખરૂં સુખ ભોગવવાનો દ્દઢ સંકલ્પ કર્યો. મેં મારી પ્રિયતમા પ્રાણેશ્વરી સરસ્વ-તીને થોડા દિવસોમાંજ સુશિક્ષિત બનાવવાની દ્રઢ પ્રતિજ્ઞા કરી અને તેજ પળથી હું મારી પ્રતિજ્ઞાનું પાલન કરવાના દીર્ઘ ઉદ્યોગમાં નિમગ્ન થયો.

(૨)

"સરસ્વતી" મેં મારી પ્રાણ પ્યારીને કહ્યું "આજથી તને શિક્ષણ આપવાનો મેં વિચાર કર્યો છે, સમજી?"

"અમારે સ્ત્રીઓને શિક્ષણ શા ખપનું?" તે સસ્મિત વદ-નથી બોલી.

"સ્ત્રીઓને શિક્ષણનો શો ખપ?" હું કિંચિત્ ક્રોધાન્વિત થઈ બોલ્યો "સરસ્વતી! જ્યાં સુધી તમે સ્ત્રીઓ સુશિક્ષિત થશો નહિ

ત્યાં સુધી અમને પુરુષોને ગૃહસૌખ્યનો ખરો અનુભવ પ્રાપ્ત થઈ શકનાર નથી; જાણ્યું ?"

"અરે બાઇ ! આતે શી વાત ? સ્ત્રીઓને ક્યાં નોકરી કરવા જવું છે ? તેમણે શિક્ષણ પ્રાપ્ત કરી કરવું છે શું ? તમે તે કાંઇ ચમત્કારિક વાતજ કરો છો."

"સ્મરણમાં રાખ સરસ્વતી." હું બોલ્યો "માત્ર પુરુષોએજ શિક્ષણ પ્રાપ્ત કરવું એવું કાંઇ નથી. સ્ત્રીઓએ પણ વિદ્યા શીખી જ્ઞાનામૃત પાન કરવાને ઉદ્યત થવું જોઇએ. વિદ્યા એ માનવ પ્રાણીનું ભૂષણ છે. સુવર્ણાલંકારથી ભૂષિત થવાને બદલે વિદ્યારૂપી ભૂષણ પ્રાપ્ત કરવાને માટે પ્રત્યેક સ્ત્રી પુરુષે સદા સર્વદા પ્રયત્ન કરવો જોઇએ." વિદ્યાના વ્યાપારમાં કદિ પણ ખોટ આવતી નથી. વિદ્યા શીખવાથી જ્ઞાનપ્રાપ્તિની ઉત્કંઠા સહજ વૃદ્ધિંગત થાય છે. દંપતી સુશિક્ષિત હોય તો સંસારનું ગાડું સરળ રીતે ચાલી શકે છે. ખરૂં સુખ વિદ્યાથીજ પ્રાપ્ત થાય છે."

"પરંતુ ન શીખીએ તો શું ન ચાલે ?"

"ના સરસ્વતી ! પ્રત્યેક માણસે વિદ્યા તો ગ્રહણ કરવીજ જોઇએ. અને તને પણ કહુ છું કે તારે શીખવુંજ જોઇએ."

"જાઓ, જાઓ, વ્હાલા ! તમને તો ઠઠ્ઠા કરવાની ટેવજ પડી છે." સરસ્વતી હસતી હસતી બોલી.

"શું ઠઠ્ઠા ! સરસ્વતી, શું હું મશ્કરી કરૂં છું ?"

મારૂં આ વાક્ય સાંભળીને તે ક્ષણ માત્ર મારા તરફ઼ ઘેલા જેવી થઇને ટગરમગર જોવા લાગી. હુ પુનઃ બોલ્યો "સરસ્વતી ! ઉઠ, અને પેલી સ્લેટ પેન લે."

હજી પણ તેને મશ્કરીજ લાગતી હતી. તે હસતી હસતી મારી પાસે આવી અને પ્રેમપૂર્ણ દ્રષ્ટિ કરી બોલી. "અરે જાઓ

જાઓ! હું તો કાંઈ ભણવાની નથી.” આ પ્રમાણે બોલી તેણે પોતાના મૃદુ કરમાં મારો હાથ પકડ્યો.

હું અતિ સંતપ્ત થયો અને ક્રોધથી બોલ્યો “શા માટે નહિ ભણે? ચૌદમું રત્ન દેખાડયા શિવાય તું ઠેકાણે આવનાર નથી.”

આહા! હું કેવો નિર્દય? હું કેવો પાષાણહૃદય? હું કેટલો ક્રૂર? પવિત્ર પ્રેમની પુતળી, અને સૌંદર્ય તથા સદ્‌ગુણથી મંડિત પ્રિયાને–સરસ્વતીને મેં હાથ વતી જોરથી હડસેલીને દૂર કરી. પ્રતિજ્ઞાપાલન કરવાને માટે હું ઉન્મત્ત થયો હતો. મનમાં, ધ્યાનમાં, સ્વપ્નમાં, શયનમાં મને મારી પ્રતિજ્ઞા શિવાય અન્ય કાંઇ ભાસતુંજ નહોતું. અરે મેં આ શું કર્યું? શું તેના કોમળ હૃદયને એકદમ ધક્કો નહિ વાગ્યો હોય? તે એક ખુણામાં જઈ ધીમેથી રોવા લાગી–અશ્રુ સારવા લાગી. અરેરે! તેજ વખતે મેં તેનું સાંત્વન કર્યું હોત તો કેવું સારૂં થાત! પરંતુ, ક્રોધે મારાપર પૂર્ણ પ્રભાવ જમાવ્યો હતો. હું તેનું સાંત્વન કર્યા શિવાય નિદ્રાવશ થઈ ગયો.

(૩)

સરસ્વતીનાં મારી સાથે લગ્ન થયાને એક વર્ષ વ્યતીત થયું હતું. તે મારાપર પ્રાણ કરતાં પણ અધિક પ્રેમ રાખતી હતી. તે જાણે સદ્‌ગુણની તો ખાણજ હતી. મને એમ લાગે છે કે આવી પત્નીની પ્રાપ્તિ પૂર્વ સુકૃતને લીધેજ મને થયેલી. પરંતુ તેનામાં એક ન્યૂનતા મને લાગતી હતી અને તે ન્યૂનતા અશિક્ષિતાવસ્થાની હતી. પરંતુ એમાં તેનો કાંઈ દોષ નહોતો. તેને માટે તો તેનો પિતાજ સર્વાંશે દોષિત હતો. મેં હવે મારી પત્નીનું મુખ જોવાનું પણ બંધ કર્યું, તો પછી તેની સાથે ભાષણ કરવાની તો વાતજ શી? અમે ઉભય દુરાગ્રહી હતાં. તે જ્યાં સુધી ન બોલે ત્યાં સુધી તેની સાથે જરા પણ વાત ન કરવાનો મેં નિશ્ચય કર્યો. તે પણ મારી સાથે વાત કરતી નહોતી.

તે દિવસાનુદિવસ કૃશ થતી ચાલી. તે મનમાં ને મનમાં ઝુરવા લાગી. ૭ માસની અવધિમાં મેં તેને અનેકવાર પોતાનાં ભાગ્યને દોષ દઇને એકાંતમાં રૂદન કરતી જોઈ હતી. થોડા દિવસ પછી તેને પિયેરથી તેને તેડું આવ્યું. આથી તે મારી પરવાનગી લેવાને મારી કને આવી. તેના નેત્રમાંથી અશ્રુધારા ચાલતી હતી, તો પણ મારૂં કઠોર હૃદય જરાએ પીગળ્યું નહિ. હું કઠોર સ્વરે બોલ્યો "સરસ્વતી! જ્યાં સુધી તું શિક્ષણ ગ્રહણ કરીશ નહિ ત્યાં સુધી તું મારો પ્રેમ સંપાદન કરી શકશે નહિ એ વાત તું ખૂબ લક્ષમાં રાખજે. જા ખુશીથી જા, જ્યાં સુધી તું મારી આકાંક્ષા પૂર્ણ કરે નહિ ત્યાં સુધી તું તારૂં મુખ મને બતાવીશ નહિ."

(૪)

ઉપલી ઘટનાને ધીમે ધીમે એક માસ વ્યતીત થઈ ગયો મેં અદ્યાપિ મારો દુરાગ્રહ છોડયો નહોતો. એક દિવસ હું 'લોકમિત્ર' માસિક વાંચતો બેઠો હતો એવામાં પોસ્ટમૅન મારા નામનું એક પરબીડું લઈ આવ્યો, તે પરબીડા પર સુંદર હસ્તાક્ષરે મારૂં નામ લખેલું હતું. મેં તે પરબીડું ફાડયું અને તેમાંનો પત્ર વાંચ્યો. તે પત્ર વાંચતાની સાથે હું આશ્ચર્યચકિત થઈ ગયો. તે નીચે પ્રમાણે હતોઃ—

શ્રી

બેલગામ તા. ૧ લી મે ૧૯૦૯.

જીવિતેશ્વર !

મારી પોતાનીજ કમઅક્કલથી મેં મારાપર કઠિન પ્રસંગ આણી મૂક્યો. હું મારાજ કર્મનું ફળ ભોગવું છું. મારાજ અવિચારથી હું આપની અકૃપાને પાત્ર થઇ છું. પ્રાણેશ્વર! આપને આ કિંકરીના તરફથી લેશ પણ સુખની પ્રાપ્તિ થઇ નથી. આ દાસીની સાથે વિવાહ

કરીને આપ સુખને બદલે દુઃખજ પ્રાપ્ત કરી શકયા છો. હૃદયેશ્વર! આપ સદય હૃદયી અને સુજ્ઞ છો. માટે આપ આ દાસીને અંતઃકરણપૂર્વક ક્ષમા કરો. આપના રોષને પાત્ર થયેલી અને આપને દુઃખના કૂપમાં ફેંકી દેનારી આ અભાગિની હવે આપનાં મુખનાં દર્શન કરી શકશે કે નહિ તે એક શંકાસ્પદ વાત છે. હું હાલ મૃત્યુની રાહ જોતી બેઠી છું. આ ચાંડાલિનીની સાથે લગ્ન થવાથી આપનાં સર્વ સુખનો નાશ થયો છે. આહા! હું કેવી પાપિણી છું. પ્રાણેશ! આપ ખુશીથી દ્વિતીય લગ્ન કરો. હવે મારા તરફથી આપને સુખનો લાભ થવાની આશા નથી. નાથ! હું મહા અપરાધિની છું. મને ક્ષમા કરો. જે દિવસથી હું આપના સમાગમથી વંચિત થઇ તે દિવસથી મેં મારી સખી તારાબાઈની પાસે વાંચતાં લખતાં શીખવા માંડયું. મને દ્રઢાશા હતી કે આ દાસી આપનો પ્રેમ પુનઃ સંપાદન કરી શકશે. પરંતુ અફસોસ! તે આશા નિષ્ફળ થઈ છે. આજે સાત દિવસ થયાં હું ભયંકર બિમારી ભોગવું છું. નાથ! હૃદયેશ! આપના પ્રતિ આ દાસીની એક નમ્ર પ્રાર્થના છે. આપ આ દાસીની અંતિમ મનઃકામના પરિપૂર્ણ કરશો? આપનું હૃદય નવનીતવત્ છે. આપ આ પ્રાર્થનાનો અસ્વીકાર કરશો નહિ એવી મને સંપૂર્ણ ખાત્રી છે. આપના મુખનું અંત સમયે દર્શન કરવું એવી મારી ઇચ્છા છે. પ્રાણેશ! આ દાસીની આટલી મનઃકામના પૂર્ણ કરો એટલીજ અંતિમ પ્રાર્થના.

આપની

એક વખતની પ્રિય પરંતુ સાંપ્રત અપ્રિય

સરસ્વતી.

આ પત્ર વાંચતાંજ મને કૃત કર્મનો પૂર્ણ પશ્ચાત્તાપ થયો. હું હતાશ થઈ કપાળે હાથ ટેકવી એક ખુરશીપર બેઠો, એટલામાં એક અર્જંટ તાર આવ્યો. આ તારમાં નીચે પ્રમાણે શબ્દો હતાઃ—

"Start immediately, Saraswati dangerously ill."
(શીઘ્ર નીકળી પડો, સરસ્વતી ભયંકર રીતે બિમાર છે.)

(૫)

અરેરે! હુ કેવો દુષ્ટ! મારા અવિચારી કૃત્યથીજ પ્રાણપ્રિયાની આવી દશા થઇને? હું એકદમ ઉઠયો; ઑફીસમાં જઈ તાબડતોબ રજા લીધી અને પછી મારા પરમ પ્રીયમિત્ર ડૉ. યશવંતરાવને ઘેર ગયો.

" આવો ગણુપતરાવ! કેમ, ઠીક તો છોને? આજે ઘણે દિવસે."

મારી શોકગ્રસ્ત મુદ્રા જોઇ ડૉ. ચૂપ રહ્યા. અર્ધું વાક્ય બોલી તે મારી તરફ ટગર ટગર જોવા લાગ્યા.

"યશવંતરાવ!" હું બોલ્યો "તમારે હમણાંજ મારી સાથે આવવું જોઇએ."

"કયાં? શા માટે? સરસ્વતી બેન તો ખુશીમાં છેને? આપ આજે દુઃખી શા માટે જણાઓ છો?" ડૉકટરે એક પછી એક પ્રશ્નબાણુ છોડવા માંડયા.

ખિન્ન વદને મેં તે હૃદયવિદારક તાર ડૉકટરના હાથમાં આપ્યો. જરા પણુ બોલ્યા વિના ડૉકટરે એક ગાડી મંગાવી અને અમે તેમાં બેશી સ્ટેશન તરફ જવાને નીકળ્યા.

(૬)

ડૉકટરની સાથે મારે બાલ્યાવસ્થાથી મૈત્રી હતી. મેં તેને આગગાડીમાં ધીમે ધીમે સર્વ હકીકત કહી સંભળાવી. બીજે દિવસે અમે બેલગામ પહોંચ્યા અને ગાડી ભાડે કરી મારા શ્વશુરને ઘેર ગયા. અંતર્ગૃહની એક ખોલીમાં મારી પ્રિયા સરસ્વતી હતી. તેની શય્યા આગળ ડૉ. દેશાઈ, ડૉ. ફીરોઝપુરવાળા અને ડૉ. બ્રાઈટન જેવા નામાંકિત ડૉકટરો તેની સારવાર કરતા હતા. એક બાજુએ મારા શ્વશુર ખિન્ન વદન સહિત ઉભા હતા. બીજી ખોલીમાં મારી સાસુ,

મારી સાળી ગોદાવરી તથા તેની એક સખી, શોકાતુર થઇને બેઠાં હતાં. ઘરમાંનાં સર્વ મનુષ્યો સ્તબ્ધ થઇ ગયાં હતાં. થોડી વારમાં ડૉક્ટરો ખોલીમાંથી નીકળી ગયા અને હું તેમાં પ્રવેશ્યો. મેં તેની શય્યા આગળ જઇને કહ્યું "સરસ્વતી! સરસ્વતી! આંખ ઉઘાડીને મારા સામું જો તો ખરી! આ તારો દુષ્ટ પતિ તારી ક્ષમા—" આગળ હું બોલી શક્યો નહિ. મારો કંઠ રૂંધાઈ ગયો. સરસ્વતીએ નેત્રો ઉઘાડયાં અને મારો ચ્હેરો જોતાંની સાથેજ ઉઠવાનો પ્રયત્ન કર્યો. પરંતુ મેં તેને ઉઠવા દીધી નહિ. હું ગદ્‌ગદ્ કંઠે બોલ્યો "સરસ્વતી! તારી આવી સ્થિતિ થવાનું કારણ હું છું. પ્રિયે મને ક્ષમા કર."

"નાથ!" તે બોલી "આ પાપિનીને લીધેજ આપને સૌખ્ય પ્રાપ્તિ થઈ શકી નહિ, એટલા માટે હું પોતેજ આપની ક્ષમા યાચું છું."

"સરસ્વતી! ડરીશ નહિ; તું થોડા વખતમાં સાજી થશે. ડૉ. યશવંતરાવ મારી સાથે આવ્યા છે. જો એઓ અહીંઆં તારી સમક્ષ ઉભા છે."

ડૉ. યશવંતરાય આગળ આવ્યા. તેમણે રોગની ચિકિત્સા કરી ઔષધ આપ્યું. તેમનો પરિશ્રમ સફળ થયો. પંદર દિવસમાં મારી સરસ્વતી સંપૂર્ણ રીતે સાજી થઈ. ઘરમાં સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો.

(૭)

પ્રથમ સંધિ મળતાંજ અમે ડૉ. યશવંતરાવને ગોદાવરી અર્પણ કરી. હાલમાં યશવંત ને ગોદાવરીનું જોડું સુખમાં કાલક્રમણ કરે છે. મારી પ્રિય સરસ્વતીને શિક્ષણની ખરી કિમ્મત સમજાવા લાગી અને તેણે થોડા વખતમાં સારૂં શિક્ષણ પ્રાપ્ત કર્યું. હવે અમે તેના આગ્રહથી 'ગૃહિણી' નામનું માસિક પુસ્તક તેના સંપાદકત્વ નીચે પ્રકટ કરનાર છીએ.

જાહેર ખબર.

હજી પણ લેવાય તો લ્યો !

'ચરિત્રમાળા' નાં સં. ૧૯૬૮ ના વર્ષનાં પૃષ્ઠ ૧૭૫૦ નાં નીચલાં ઉપયોગી પુસ્તકો હજી પણ મળે છે.

શ્રી બુદ્ધ ચરિત્ર અને ઉપદેશ.

પૃષ્ઠ ૨૮૦ કિં. ૦।= પાકુ પૂઠું ૦॥= પો. માફ.

ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧ લો.

પ્રાચીન ૧૨૫ સ્ત્રીઓનાં ઉત્તમ ચરિત્રો.

પૃષ્ઠ ૭૨૦ કિં. રૂ. ૧) પાકું પૂઠું રૂ. ૧। પો. ०)≈

ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૨ જો.

ઇતિહાસિક ૧૮૦ સ્ત્રીઓનાં ઉત્તમ ચરિત્રો.

પૃષ્ઠ ૭૫૦ કિં. રૂ. ૧) પાકુ પૂઠું રૂ. ૧। પો. ०)≈

ત્રણે પુસ્તકોનો સટ રૂ. ૨, પાકાં પૂઠાં રૂ. ૩, પો. માફ વી. પી. જુદું.

ચાલુ સાલમાં પણ દેશવિદેશના મહાન પુરૂષો ઇ. નાં ઉત્તમ ચરિત્રો નીકળવા માંડયાં છે. ગ્રાહક થવાને લખો,—

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયની શાખા અમદાવાદ.

(૧૪) કર્તવ્ય પરાયણતાની પરાકાષ્ઠા.

નૃશંસ હૃદય મહા દુર્મતિ પાદશાહ ટારકુઇન રોમની ગાદી કલંકિત કરી રહ્યો હતો. આ વખતે બ્રૂટ્સ નામના એક મહાપુરુષે દેશાભિમાનથી પ્રેરિત થઇને મહત્પ્રયાસથી રોમની વિપત્તિ અને શોચનીય સ્થિતિ દૂર કરી હતી, કેવળ આ મહાત્માની વિલક્ષણ સ્વાતંત્ર્ય પ્રીતિ, અલૌકિક શૌર્ય, અનુપમ વીરત્વ અને દ્રઢ નિશ્ચયથી સ્વતંત્રતા સૂર્ય પુનઃ એક વાર રોમની ક્ષિતિજમાં ઝળકવા લાગ્યો. તેણે સ્વદેશદ્રોહી કુલાંગારોનો પૂર્ણ રીતે નાશ કરવાની દ્રઢ પ્રતિજ્ઞા લીધી હતી. પરંતુ તેનો પોતાનો એકનો એક પુત્ર દેશદ્રોહીઓનો અગ્રેસર હતો. આહા! પોતાના પુત્રનું આ અધમ વર્તન તેનાથી શી રીતે સહન થઈ શકે? તેણે બીજા દેશદ્રોહીઓની સાથે પોતાના એકના એક પુત્રને પણ દેહાંતની સજા કરી. પોતાના હુકમ પ્રમાણે અમલ થશે કે નહિ એ વિષે તેને સંશય હતો તેથી તે ન્યાયી પિતા વધસ્થળે ગયો અને પોતાનો દેશદ્રોહી કુલાંગાર પુત્ર જગતમાંથી નાશ પામ્યો ત્યાં સુધી શાંત અને અચળ ભાવથી સ્તબ્ધ થઇને ઉભો રહ્યો. સ્વપુત્રનાં રુધિરથી વધભૂમિને આરક્ત થયેલી જોઇ બ્રૂટસના હૃદયમાંનો શોક એકદમ ઉછળી આવ્યો અને તે અશ્રુધારાથી પોતાનું અંગ ભીંજવતો ભીંજવતો ઘર ભણી ચાલ્યો ગયો.

બ્રૂટસના જેવા પુરુષો આ જગત્માં સર્વવંદ્ય છે. આ પ્રકારના પુરુષોની વિભૂતિ જ્યારે ભારત વર્ષમાં જન્મ પામશે ત્યારે એની દુર્દશાનો અંત આવશે.

પ્રિય વાંચક વૃંદ! શું આ કર્તવ્ય પરાયણતાની પરાકાષ્ઠા નથી?

(૧૫) સતી વીરમતી.

પ્રિય પાઠક ! જે ભૂમિમાં શ્રી રામચંદ્ર અને યુધિષ્ઠિર સમાન ધર્મપરાયણ નૃપતિઓ થઇ ગયા છે; હરિશ્ચંદ્ર અને શ્રીપાળના જેવા સત્યશીલ મહાત્માઓ થઇ ગયા છે; શ્રી વ્યાસ, વસિષ્ઠ, વાલ્મિકી, ગૌતમ, કપિલ, નારદ, અત્રિ, અગસ્ત્ય અને વિશ્વામિત્ર જેવા મહર્ષિ થઈ ગયા છે; પાર્થ, હનુમાન, ભીમ, દ્રોણાચાર્ય, ભીષ્માચાર્ય, અને પરશુરામના જેવા શૂરવીર થઇ ગયા છે; અંબરીષ, સુધન્વા, મયૂરધ્વજ, હંસધ્વજ, અને તામ્રધ્વજના જેવા ભગવદ્દભક્ત વીર શિરોમણિ થઇ ગયા છે, લવ, કુશ, અભિમન્યુ, બભ્રૂવાહન અને વૃષકેતુના જેવા બાલ વીર થઈ ગયા છે; કર્ણ જેવા પુણ્યાત્મા અને અનસૂયા, સીતા, દ્રૌપદી, લોપામુદ્રા, અહલ્યા, સાવિત્રી અને દમયંતી જેવી પતિભક્તિ-પરાયણ સાધ્વી સ્ત્રીઓ થઇ ગઇ છે, તેજ ભૂમિ શું આ નથી ? પરંતુ અફસોસ ! કાલની ગતિ કેટલી વિચિત્ર છે ? જો આપણે આપણી પૂર્વકાલીન સ્થિતિની સાથે હાલની સ્થિતિની તુલના કરીએ તો તેમાં આસ્માન જમીનનો ફરક જણાયા વિના રહેશે નહિ.

આજે અનેક શતકો થયાં ઉપર કહ્યા તે મહાત્માઓનાં નામ ભારત વર્ષમાં ગાજી રહ્યાં છે. આનું કારણ નિષ્કામ કર્મ કરવાની તે મહાત્માઓની અભિરુચી છે. પ્રસ્તુત કાળની પેઠે યઃકશ્ચિત્ દેશસેવા કરનારની ડુગડુગી વગાડનારાં સાધનો-વર્તમાનપત્રો તે વખતમાં અસ્તિત્વ ધરાવતાં નહોતાં. પોતાના નામની આગળ અથવા પાછળ ઉપાધિ લગાડવાનું મહત્વ લોકોને સમજાયું નહોતું અને પોતાનાંજ મુખથી પોતાનાં બાંકાં ફૂંકવાનો લોકોને અભ્યાસ નહોતો ! તે વખતમાં માત્ર મુખથી લવારો કરનારા દેશભક્તો ભારતવર્ષમાં વસતા નહોતા,

પરંતુ દેશને માટે આત્મોત્સર્ગ કરનારા નરરત્નો વસતા હતા.

પ્રિય વાંચક વૃંદ ! ગતકાલીન ઇતિહાસાવલોકનથી જે પ્રમાણે તમને અમૂલ્ય નરવીરરત્નો ભારતવર્ષમાં દ્રગ્ગોચર થાય છે તેજ પ્રમાણે અનેક સાધ્વી, પતિવ્રતા, સ્વદેશાભિમાની, સ્વધર્મનિષ્ઠ, મહાપરાક્રમી, આર્ય રમણીરત્નો પણ તમને દ્રષ્ટિગોચર થાય છે. આપણી કથાનાયિકા તે કુલભૂષણ, પવિત્ર આર્ય રમણીરત્નો પૈકી એક અમૂલ્ય, અત્યુત્તમ અને તેજોમય રત્ન છે.

તેરમી શતાબ્દીથીજ હિંદ ભૂમિનો એક એક અવયવ યવનોના પંજામાં સપડાવા લાગ્યો. ઉત્તર હિંદુસ્થાનમાં હિંદુ સામ્રાજ્યનો નાશ થયો અને તે ઠેકાણે યવનોનો ઝુંડો ફરકવા લાગ્યો. ઉત્તર હિંદુસ્થાનમાં આવેલા વીરપ્રસૂ રાજસ્થાનના સિસોદીયા કુળદીપકોએ યવનોનું માંડલિકત્વ નહિ સ્વીકારતાં, માતૃભૂમિનું, પોતાની માતા, ભગિની અને પુત્રીના શીલનું તથા સ્વધર્મનું સંરક્ષણ કરવાને માટે મ્લેચ્છોના હલ્લાઓનો પ્રતિકાર કર્યો. એક એવી લોકોક્તિ છે કે સંકટો આવ્યા શિવાય ધૈર્યની પરીક્ષા થઈ શકતી નથી. આ લોકોક્તિ અક્ષરશઃ સત્ય છે. યવનોના અત્યાચારને લીધેજ આર્યવીરો તથા આર્યાંગનાઓનું ધૈર્ય, શૌર્ય તથા તેમની અચળ સ્વદેશભક્તિ પ્રસિદ્ધિમાં આવી. તેરમા શતકના આરંભકાળમાં મ્લેચ્છોની કાકદ્રષ્ટિ દક્ષિણ હિંદુસ્થાન તરફ વળી. દેવગિરીના યાદવવંશીય રાજાઓ અત્યાર સુધી સ્વતંત્રતા ભોગવતા હતા.

દિલ્હીનો પાદશાહ અલ્લાઉદ્દીન દુર્ગુણનો અવતારજ હતો. તેણે રાજ્ય લોભથી અંધ થઇ કપટથી પોતાના કાકાનો વધ કરી રાજ્યપદ મેળવ્યું હતું. ધિક્કાર હો આવા નરાધમને અને તેની રાજ્ય તૃષ્ણાને !

પરમ કાપટય નિપુણ અલ્લાઉદ્દીને દ્રવ્ય લાલસાથી દેવગિરીપર હલ્લો કર્યો. દેવગિરીનો રાજા રામદેવરાવ યાદવ ઘણા દિવસ સુધી તેની સાથે લડયો. પરંતુ દુર્ભાગ્યવશાત્ તેને શત્રુને શરણે આવવું પડયું.

રાજા રામદેવના સેનાપતિએ સ્વામીના રક્ષણને માટે લડતાં લડતાં પોતાના પ્રાણની આહુતિ આપી, તે સેનાપતિને વીરમતી નામની એકની એક કન્યા હતી. તે પાંચ વર્ષની હતી ત્યારથીજ માતૃસુખથી પરાંગ્મુખ થઈ હતી.

પોતાના સ્વામિભક્ત સેનાપતિની આ નિરાધાર કન્યાનું રાજા રામદેવરાવે પરમ પ્રીતિથી પાલનપોષણ કર્યું. રાજકન્યા ગૌરીદેવી અને વીરમતી એ ઉભય પ્રાણપ્રિય સખીઓ હતી. તે ઉભય પરસ્પર ભગિની-તુલ્ય પ્રેમ રાખતી હતી.

રાજકન્યા ગૌરીદેવી અને સેનાપતિકન્યા વીરમતીને લગ્ન કરવા લાયક વયની થયેલી જોઇ રાજા રામદેવે પોતાની કન્યાને માટે હર-પાળદેવ અને વીરમતીને માટે કૃષ્ણરાય નામક બે પરાક્રમી તરુણોને વર તરીકે પસંદ કર્યા. યવનોની સાથેનુ યુદ્ધ સમાપ્ત થતાંની સાથે ઉભયનાં લગ્ન મોટા સમારંભથી કરવાં એવી રામદેવના મનની ઇચ્છા હતી. પરંતુ '**ईश्वरेच्छा बलीयसी.**'

પ્રથમ તો રામદેવે અલ્લાઉદ્દીનને જરા પણ ફાવવા દીધો નહિ. તે યવનોની સાથે મહા શૌર્યથી યુદ્ધ કરીને સ્વાતંત્ર્ય હરણ કરનાર મ્લેચ્છોનાં મસ્તક ભૂમાતાને અર્પણ કરવા લાગ્યો. આ યુદ્ધમાં તેના પુત્ર શંકરદેવે, જામાત્ર હરપાળદેવે અને વીરમતીના ભાવી પતિ કૃષ્ણ-રાયે અલૌકિક શૌર્ય બતાવ્યું.

તે સમયમાં મરાઠા સ્ત્રીઓને યોગ્ય સ્વાતંત્ર્ય મળતુ હતું. રાજ કન્યા ગૌરી અને સેનાપતિકન્યા વીરમતીને પોતાના ભાવી પતિની સાથે યોગ્ય સંભાષણ કરવાનું સ્વાતંત્ર્ય હતું. વારંવાર તે દંપતી એક બીજાને મળતાં.

વીરમતીનો ભાવી પતિ સરદાર કૃષ્ણરાય સુસ્વરૂપ, તરુણ અને શૂર હતો. વીરમતીના જેવી રૂપગુણસંપન્ન સ્ત્રીને માટે તે યોગ્ય

પતિ હતો. તેનાં લગ્ન શીઘ્ર કરી નાંખવાની રામદેવરાવની ઈચ્છા હતી, પરંતુ વચમાં એક વિઘ્ન આવીને ઉપસ્થિત થયું.

ઇ. સ. ૧૨૯૪ માં અલ્લાઉદીને દેવગીરીપર સ્વારી કરી. આ યુદ્ધમાં શૂર કૃષ્ણરાયે અલૌકિક વીરત્વ પ્રકટ કર્યું. તેણે પોતાની અસિને યવનોનાં રુધિરનો ખૂબ સ્વાદ ચખાડયો. તેણે અનેક વેળા અલ્લાઉદીનને પાછળ હઠાવી પોતાનું વીરત્વ બતાવી આપ્યું. પરંતુ યવનોનું ભાગ્ય સારૂં હતું અને તેમનું સૈન્યબળ અધિક હતું.

એક વખત અલ્લાઉદીને રાજા રામદેવપર એવું કહેણુ મોકલ્યું કે "જો તું હમણાં મારે શરણે આવશે તો ઠીક, નહિ તો હું તારો, તારા રાજ્યનો અને તારા ધનનો નાશ કરીશ."

અલ્લાઉદીનનો આવો સંદેશો સાંભળી રાજપુત્ર શંકરદેવ તથા રાજજામાત્ર હરપાળદેવ અને કૃષ્ણરાયે દૂતને કહ્યું કે "તારા પાદશાહને જણાવજે કે જો તારામાં બળ હોય તો અમારૂં સર્વસ્વ લૂંટી લેવાને આવ." કાપટયનીતિનિપુણ અલ્લાઉદીનને આ વાતની ખબર પડતાં તે ક્રોધાતિરેકથી લાલચોળ થઇ ગયો. પરંતુ આ વખતે તેનો ક્રોધ કાંઈ પણ ઉપયોગમાં આવી શકયો નહિ. મહારાષ્ટ્રીય ક્ષત્રિય વીરોએ યવનોની રેવડી દાણાદાણ કરી નાંખી. આખરે અલ્લાઉદીને નિરાશ થઇને પાછા જવાની તૈયારી કરવા માંડી. આ વખતે થયેલાં અસહ્ય અપમાનનું શલ્ય અલ્લાઉદીનને ખુંચવા લાગ્યું. પણ એટલામાં તેને એક અદ્દભુત યુક્તિ સૂઝી. તેનો બુઝાવા માંડેલો આશાદીપ પુનઃ પ્રજ્વલિત થયો.

તે વારંવાર એવા ઉદ્દગારો કાઢવા લાગ્યો કે "હવે અહીંઆં જય મળવાની લેશ પણ આશા ન હોવાથી પાછા દીલ્લી જવુંજ ઠીક છે." ગુપ્તચરોની મારફતે આ ખબર સાંભળી રાજા રામદેવરાવને તથા દેવગીરીના સર્વ લોકોને અત્યાનંદ પ્રાપ્ત થયો.

મુસલમાનો દિલ્હી તરફ કુચ કરવા લાગ્યા છે. એવી ખબર સાંભળી રામદેવરાવને અતીવ આનંદ થયો, પરંતુ તેઓ પુનઃ દેવગીરીની નિકટમાં આવી પહોંચ્યા છે એવી બાતમી મળતાં તેમના હર્ષનો લય થયો. કૃષ્ણુરાય અને રામદેવરાવે શત્રુઓને પરાજિત કરવાને માટે તેમનાપર હલ્લો કર્યો. આ વખતે રાજકન્યા ગૌરીદેવી અને આપણી કથાનાયિકા વીરમતી પણ સૈન્યની સાથે હતી. રાજા રામદેવને આ કુમારિકાઓ એટલી પ્રિય હતી કે તે જ્યાં જતો ત્યાં તેમને પોતાની સાથે લઈ જતો હતો.

પ્રિય વાંચક! લોભ એ એક પ્રબળ શત્રુ છે. આ રાક્ષસના પંજામાં જે મનુષ્ય સપડાય છે તે સ્વકર્તવ્યશૂન્ય, અપ્રમાણિક અને વિશ્વાસઘાતકી થાય છે. તેની મતિ ભ્રષ્ટ થાય છે અને તેના સદ્દગુણોનો લોપ થાય છે. પરંતુ આ રાક્ષસના પંજામાં કૃષ્ણુરાયના જેવો હીરો, સ્વામીનિષ્ઠ સેવક, રુપગુણુસંપન્ન તરુણુ અને સન્માનેચ્છુ વીર, સ્વદેશદ્રોહી, વિશ્વાસઘાતકી અને કર્તવ્યશૂન્ય થાય એ શું એક ચમત્કારિક ઘટના નથી?

એક દિવસે પ્રાતઃકાળમાં કૃષ્ણુરાય રામદેવરાવની પાસે આવ્યો અને બોલ્યો "મહારાજ! મને એક અદ્દભુત યુક્તિ સુઝી છે. અને આ યુક્તિ એ છે કે ગુપ્ત વેષે યવનોની છાવણીમાં પ્રવેશીને ત્યાંની બાતમી મેળવવી. જો આપ મને આજ્ઞા કરો તો હું એકલો એ રીતે યવનોની છાવણીમાં જવાને તૈયાર છું."

યવનની છાવણીમાં ગુપ્ત વેષે જવું એ જાણી જોઈને મૃત્યુના મુખમાં ભુસ્કો મારવા સમાન છે, એ વાત રાજા રામદેવરાવ સંપૂર્ણ રીતે જાણુતો હતો. આવી સ્થિતિમાં તે કૃષ્ણુરાયને—વીરમતીના ભાવી પતિને સ્વમુખે "જાઓ" એમ શી રીતે કહી શકે? પરંતુ કૃષ્ણુરાયના અત્યાગ્રહને લીધે અંતે તેણે ઘણી નાખુશીથી તેને ત્યાં જવાની

પરવાનગી આપી. વીરમતીને પોતાના ભાવી પતિના આ સાહસની વાત સાંભળી કૌતુક તથા આનંદ ઉત્પન્ન થયાં. માતૃભૂમિને માટે હાથમાં મસ્તક લઇને સંકટ સાગરમાં ભુસ્કો મારનાર સાહસિક પતિનું અચળ ધૈર્ય જોઇને વીરમતીને અતિ હર્ષ થયો.

સાયંકાળે પોતાની ભાવી પત્નીનું મુખ જોવાને માટે કૃષ્ણુરાય તેની પાસે આવ્યો. પરંતુ હમ્મેશની પેઠે વીરમતીનો ચ્હેરો સ્મિત-પૂર્ણ ન હોવાથી તેણે વીરમતીનું હૃદ્ગત જાણ્યું અને તે બોલ્યો "વીરમતી! પ્રિયે! સ્વદેશકાર્ય કરવાને માટે હું આજે સાહસ કરૂં છું તો તે માટે તું વ્યર્થ શોક કેમ કરે છે?"

"નાથ! વીર પતિની આવી અચળ, ધૈર્યયુક્ત તથા અલૌકિક કૃતિ જાઇને કયી વીરાંગના દુઃખિત થાય? પરંતુ પત્ની પતિના સુખ દુઃખમાં ભાગીદાર છે. માટે હું આપને એવી પ્રાર્થના કરૂં છું કે આ દાસીને આપની સાથે લઇ લો. જોકે અદ્યાપિ શાસ્ત્રોક્ત વિધિથી આ-પણો વિવાહ થયો નથી તોપણ આ દીનદાસી આપનીજ પત્ની છે. શું હું આપની અર્ધાંગના નથી? તો પછી આપ જે સંકટમાં ભુસ્કો મારો છો તેના અર્ધ ભાગ પર શું મારો હક નથી?"

કૃષ્ણુરાય ક્ષણુમાત્ર સ્તબ્ધ રહ્યો. ભીતિ, પ્રેમ ઇત્યાદિ નાના પ્રકારની લાગણીઓથી તેનું હૃદય ઉભરાઇ ગયું. અને તેણે વીરમતીની માગણીનો અસ્વીકાર કર્યો. તે બોલ્યો "વીરમતી! તું શું ગાંડી થઇ છું? સ્ત્રીઓને તે આવે પ્રસંગે કોઈ પોતાની સાથે લેતા હશે?" આ પ્રમાણે બોલી તે ત્યાંથી નીકળીને ચાલ્યો ગયો.

પરંતુ પ્રેમ એક અજબ વસ્તુ છે. પ્રેમપાશમાં બદ્ધ થયેલા પ્રેમીજનો પ્રેમને માટે શું કરતાં નથી? તેમને અશક્ય કૃત્યો પણ શક્ય લાગે તેમાં શું નવાઇ? વીરમતી કૃષ્ણુરાયપર અસાધારણુ પ્રેમ રાખતી હતી. કૃષ્ણુરાયે જ્યારે તેને પોતાની સાથે લઈ જવાની ના પાડી ત્યારે

તેને ઘણું દુઃખ થયું; તોપણ તે નિરાશ થઈ નહિ. ભાવી પતિના જીવિતરક્ષણને માટે સાધ્વી વીરમતીએ ગુપ્ત રીતે પતિ સન્નિધ રહેવાનો સ્તુત્ય નિશ્ચય કર્યો. તેણે પુરુષનો વેષ ધારણ કર્યો અને તે કૃષ્ણરાયની પાછળ નીકળી. પોતાની પાછળ પોતાની ભાવી પત્ની આવે છે એ વાત કૃષ્ણરાયના લક્ષમાં પણ નહોતી. તે પોતાના ઇચ્છિત સ્થળે પહોંચ્યો અને એક માણસની રાહ જોવા લાગ્યો.

ઘણી વાર પછી એક મુસલમાન સૈનિક તે સ્થળે આવ્યો અને બોલ્યો "કોણ ? કૃષ્ણરાય ?"

"હા, જહાંપનાહ !"

"વાહ ! તું શીઘ્રતાથી આવ્યો છે હોં ! મને તો એમજ લાગ્યું હતું કે તું આવનારજ નથી."

"એમ ધારવાનું કારણ શું ? હજી પણ શું આપને મારે વિષે સંશય આવે છે ? ખરો મરાઠો કદિ પણ વચનભંગ કરતો નથી. બિચારો ભોળો રામદેવરાવ તો એમજ જાણતો હશે કે કૃષ્ણરાય શત્રુની છાવણીમાં બાતમી મેળવવા ગયો છે, પરંતુ તેને ક્યાંથી ખબર હોય કે કૃષ્ણરાય તો દેવગીરીના સિંહાસનપર આરૂઢ......"

અરેરે ! પણ આ શું ? કૃષ્ણરાયનાં આ વચનો સાંભળી નિકટમાંજ છુપાઇ રહેલી સાધ્વી વીરમતીના બન્ને નેત્રોમાંથી અશ્રુધાર છૂટવા લાગી. તેનું મસ્તક ભમવા લાગ્યું. તેનું કોમળ શરીર કંપિત થયું અને તેમાં પુષ્કળ પ્રસ્વેદ છૂટયો.

એક ક્ષણમાંજ બાલિકા વીરમતીએ ચંડિકા સ્વરૂપ ધારણ કર્યું. તેણે છુપાવી રાખેલી કટાર બહાર કાઢી અને તે તરતજ પોતાના ભાવી પતિના વક્ષઃસ્થળમાં ભોંકી દીધી. પાપી કૃષ્ણરાયે ભૂમિપર પડયાં પડયાં વીરમતીના કોમળ કંઠમાંથી "દુષ્ટ, દેશદ્રોહી, વિશ્વાસ-

ઘાતી, નરાધમ ” એટલાજ શબ્દો સાંભળ્યા. નિમિષ માત્રમાં તેનો આત્મા પોતાનાં કરેલાં પાતકનું પાયશ્ચિત્ત લેવાને પરલોકમાં ચાલ્યો ગયો. મરતી વખતે તેના મુખમાંથી “ વી–ર–મ–તી ” એવાજ અક્ષરો બહાર પડયા.

અલ્લાઉદ્દીન ખિલજી આ દ્રશ્ય જોઇને આશ્ચર્યચકિત થઇ ગયો. સાધ્વી વીરમતીને પકડવાને માટે તે આગળ ધસ્યો. પરંતુ તે તેને પકડે તે પૂર્વેજ સતી વીરમતીએ આ દુનિયાનો ત્યાગ કર્યો હતો.

વાંચક બંધુ ! આ કથાનક અહીંઆં સમાપ્ત થાય છે. વીરમતીના મૃત્યુની હૃદયવિદારક વાત સાંભળી પાષાણહૃદયી માણસનું અંતઃકરણ પણ દ્રવે, તો પછી સાધારણ મનુષ્યને દુઃખ કેમ ન થાય ?

દેશદ્રોહી કૃષ્ણરાયના કુટિલ કૃત્યથી રાજા રામદેવરાવનું સ્વાતંત્ર્ય નષ્ટ થયું. પાછળથી જે ઘટના બની, તે ઇતિહાસ વાંચકોને વિદિત હશેજ.

સમાપ્ત.

જાહેર ખબર.

જિજ્ઞાસુ.

આ માસિક ગુજરાત અને કાઠીઆવાડમા ઘણું માનનીય થઇ પડયું છે. કારણ કે તેમાંના લેખો ઘણા ઉત્તમ અને મનન કરવા લાયક છે. વળી વાર્ષિક લવાજમ ઘણુંજ જુજ એટલે પોષ્ટેજ સાથે ફક્ત આઠ આના રાખ્યું છે.

આ માસિક રોયલ આઠ પેજી સાઇઝમાં ૨૦ પૃષ્ઠનું ગલેઝ ૫૦ રતલી કાગળ ઉપર સુંદર છપાઇ અને બાઇન્ડીંગવાળું નીકળે છે આવી જુજ કીંમતમાં ઉત્તમ વાંચન (આત્મજ્ઞાન) પૂરૂં પાડનાર બીજું માસિક ભાગ્યેજ હશે.

મળવાનું ઠેકાણું.

થીઓસોફીકલ સોસાયટી.

ભાવનગર—(કાઠિયાવાડ).

જાહેર ખબર.

નામદાર શહેનશાહ

અને

શહેનશાહબાનુ

ગયા ડીસેમ્બરમાં આપણા દેશમાં પધાર્યાં હતાં તે વેળા તેઓના તાજ અને ઝવેરાતની જાળવણી માટે **ગોદરેજની તીજોરી** ખરીદવામાં આવી હતી, અને એ તીજોરી આખો વખત તેઓની સાથેજ રહી હતી.

નામદાર ગવનરની

દીલ્હીની છાવણી માટે બે બે દરવાજાવાળી બે મોટી તીજોરીઓ લેવામાં આવી હતી, અને તેમાં ગવરનર સાહેબ અને તેઓના પરોણાઓનો જોખમ રહેતો હતો. આ બન્ને તીજોરીઓ પણ ગોદરેજની હતી.

ગોદરેજનું કારખાનું-ગેસ કંપની પાસે, પરેલ-મુંબઈ.

દુકાન-મૂળજી જેઠાની મારકીટ સામે-મુંબઈ.

શાખા—રેલ્વે સ્ટેશન સામે, રીડરોડ—અમદાવાદ.

શ્રેષ્ઠ અને વિશ્વાસપાત્ર ગુરૂ.

દરેક કુટુંબમાં ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ કરવો જોઇએ ન્હાના પ્રમાણમાં હશે તો ચિન્તા નહિ; પણ જુદા જુદા ઉત્તમ ઉત્તમ ગ્રંથકારોના સારા સારા ગ્રંથો ત્હેમાં અવશ્ય હોવાજ જોઇ શક્તિના પ્રમાણમાં એ સંગ્રહ વધારતા જવું.

શરીરના પોષણ માટે જેમ જુદા જુદા પ્રકારના ખોરાક જરૂર છે; તેમજ મનના પોષણ માટેનો જ્ઞાન રૂપી ખોરાક વિવિધ પ્રકારનો હોવો જોઇએ. અને તેથી તે જ્ઞાનને આપનાર પુસ્તકો પણ વિવિધ વિષયનાં સંગ્રહ કરવાં જોઇએ.

પદાર્થવિજ્ઞાન, કાવ્ય, નાટક, ઇતિહાસ, તત્વજ્ઞાન, સત્પુરુષોનાં ચરિત્રો, બોધદાયક કથાઓ, પ્રવાસનાં વર્ણનો, નામાંકિત વક્તાઓનાં ભાષણો વગેરે સઘળા વિષયોના ગ્રંથોનો સંગ્રહ કરવો, અને વિશેષે કરીને દરેક રાષ્ટ્રમાંના ધર્મગ્રંથોનો ખાસ સંગ્રહ કરવો.

એવા ગ્રંથો ઉત્તમ પ્રકારનું ધન છે; અને તેમાં ઈશ્વરી સત્યોનો ભંડાર છે; એ સારી રીતે ધ્યાનમાં રાખીને તેનું ઘણું જતન અને શ્રદ્ધાપૂર્વક પઠન કરવું.

ગ્રંથોને વાચા નથી, છતાં મુશ્કેલીની વખતે તે કિંમતી સલાહ આપે છે; તેમજ તેમને હાથ નથી, છતાં તે દુઃખીજનોનાં આંસુઓ લુવે છે.

ઉત્તમ ગ્રંથો સમાન બીજો કોઇ શ્રેષ્ઠ સત્સમાગમ નથી. માણુસજાતને માટે એવા ગ્રંથો જેવો બીજો કોઇ વિશ્વાસપાત્ર અને શ્રેષ્ઠ ગુરૂ નથી.

બાબુ કેશવચંદ્રસેન કૃત 'નવસંહિતા'માંથી ભાવાર્થ.